પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૬-૦૧-૨૦૨૬-શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૩૦ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# મહારાષ્ટ્ર ચૂંટણીની મતગણના :ભાજપ ગઠબંધનનો દબદબો

## મુંબઈ મહાનગર પાલિકામાં ભાજપ ૧૧૫ અને શિવસેના (યુબીટી) ૫૯ બેઠકો પર આગળ : પુણે, નાગપુર અને નાસિકમાં મહાયુતિની વિજયકૂચ



મુંબઈ, તા. ૧૬

મુંબઈ. મહારાષ્ટ્રના રાજકારણ માટે આજે 'સુપર ફ્રાઈડે' છે. રાજ્યની ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનો માટે ૧૫ જાન્યુઆરીએ યોજાયેલી ચૂંટણી બાદ, શુક્રવારે સવારે ૧૦ વાગ્યે મતગણતરી શરૂ થઈ. શરૂઆતના વલણોએ રાજ્યમાં રાજકીય ગરમી વધારી દીધી છે. ૮૯૩ વોર્ડમાં ૧૫,૯૩૧ ઉમેદવારોનું ભાવિ થોડા કલાકોમાં સ્પષ્ટ થઈ જશે. મુંબઈ (BMC): દેશના સૌથી ધનિક મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપ આગળ છે. દેશની આર્થિક રાજધાની મુંબઈમાં સૌથી રસપ્રદ સ્પર્ધા ચાલી રહી છે. શરૂઆતના વલણો દર્શાવે છે કે ભારતીય જનતા પાર્ટી (BJP) નોંધપાત્ર લીડ લઈ રહી છે. કુલ બેઠકો ૨૨૭ છે અને ભાજપઃ ૧૧૫ બેઠકો પર આગળ છે. શિવસેના (UBT) ૫૯ બેઠકો પર આગળ છે.

'મહાયુતિ' પુણે, નાગપુર અને નાસિકમાં પ્રભુત્વ ધરાવે છેઃ મુંબઈ ઉપરાંત, અન્ય મોટા શહેરોમાં પણ ભાજપ ગઠબંધન મજબૂત દેખાય છે. પુણે અને નાગપુરઃ ભાજપે અહીં પોતાનો દબદબો જાળવી રાખ્યો છે અને શરૂઆતના રાઉન્ડમાં હરીફ પક્ષો કરતાં નોંધપાત્ર રીતે આગળ છે. મુખ્યમંત્રી એકનાથ શિંદેના ગઢ એવા થાણેમાં શિંદે જૂથ અને ભાજપ વચ્ચે નજીકની સ્પર્ધા જોવા મળી રહી છે. છત્રપતિ સંભાજીનગર (ઔરંગાબાદ)માં ભાજપ ગઠબંધન અહીં પણ સ્પષ્ટ લીડ મેળવી રહ્યું હોય તેવું લાગે છે.

મહારાષ્ટ્રના ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનો માટે શુક્રવારે સવારે ૧૦ વાગ્યે મતગણતરી શરૂ થઈ. ૧૫ જાન્યુઆરીએ મતદાન થયું હતું. ૮૯૩ વોર્ડમાં કુલ ૧૫,૯૩૧ ઉમેદવારો મેદાનમાં છે.બધી મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં સૌથી મહત્વપૂર્ણ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) છે. શરૂઆતના વલણો દર્શાવે છે કે ભાજપ ગઠબંધન અહીં આગળ છે. ભાજપ ગઠબંધન નાગપુર,ુણે, નાસિક અને થાણેમાં પણ આગળ છે.શરૂઆતમાં કોલ્હાપુરમાં કોંગ્રેસ આગળ હતી, પરંતુ હવે ભાજપ મોટા માર્જિનથી આગળ ચાલી રહી છે. સંભાજીનગરમાં પણ ભાજપ આગળ છે. લાતુરમાં કોંગ્રેસ આગળ છે.

# ભારતને નવું માર્કેટ મળવા સાથે ટ્રમ્પ ટેરફિની અસરનું સુરસુરીયું થઈ જશે

### યુરોપિય યુનિયન તથા યુરોપિયન કમીશનના અધ્યક્ષ ત્રણ દિવસ ભારતના પ્રવાસે



નવી દિલ્હી, તા. ૧૬

નવી દિલ્હી, તા.૧૬

અમેરિકા અને ભારત વચ્ચે ટેરિફ વોરનો કોઈ ઉકેલ આવતો નથી અને ટ્રમ્પ વધુને વધુ ટેરિફની ધમકી આપતા રહયા છે ત્યારે ભારતે મોટો ખેલ પાડી દીધો છે. અમેરિકાને કોરાણે મુકીને યુરોપિયન યુનિયન સાથે ડીલ ફાઈનલ કરી લેવામાં આવી છે.

આગામી ૨૬ જાન્યુઆરીના પ્રજાસત્તાક પર્વે તેની સતાવાર જાહેરાત થઈ શકે છે. યુરોપિયન કાઉન્સીલના અધ્યક્ષ એન્ટોનિયો લુઈસ સૈંટોસ દા કોસ્ટા તથા યુરોપિયન કમીશનના અધ્યક્ષ ઉર્સુલા વોને ડેર લેયન ૨૫ થી ૨૭ જાન્યુઆરીના ભારત પ્રવાસે આવી રહ્યા છે.

ગણતંત્ર દિવસ સમારોહના મુખ્ય અતિથિ હશે અને આ દરમ્યાન મુક્ત વ્યાપાર કરારની જાહેરાત શક્ય છે. યુરોપના બન્ને ટોચના નેતાઓના ભારત પ્રવાસને અત્યંત મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ૨૭ જાન્યુઆરીએ ભારત-ઈયુ વચ્ચેના ૧૬મા શિખર સંમેલનની સહ-અધ્યક્ષતા કરશે જેમાં ડીલની જાહેરાત થશે.

# ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ અંગે વાટાઘાટો ચાલુ

### ગમે ત્યારે અમેરિકા-ભારતની ડીલ ફાઈનલ થઈ જશે

નવી દિલ્હી, તા. ૧૬

ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર કરાર અંગે લાંબા સમયથી ચાલી રહેલી અટકળો વચ્ચે, હવે એક મુખ્ય અને આશ્વાસન આપનારા સમાચાર સામે આવ્યા છે. ૫૦૦% સુધીના ટેરિફના ભય વચ્ચે, બંને દેશો વચ્ચેનો વેપાર કરાર હવે નિર્ણાયક તબક્કામાં પહોંચતો દેખાય છે.

વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલનું તાજેતરનું નિવેદન સૂચવે છે કે, ભારત અને અમેરિકા વચ્ચેનો વેપાર કરાર લગભગ અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે, ફક્ત ઔપચારિક જાહેરાતની રાહ જોવાઈ રહી છે.

વાણિજ્ય સચિવે જણાવ્યું હતું કે, બંને દેશો વચ્ચે વાટાઘાટો ક્યારેય બંધ થઈ નથી. તે એક ચાલુ પ્રક્રિયા છે. તેમણે માહિતી આપી હતી કે તાજેતરમાં વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અને યુએસ વેપાર પ્રતિનિધિ (USTR) ગ્રીર વચ્ચે એક વર્ચ્યુઅલ મીટિંગ થઈ હતી.

વાટાઘાટો ખૂબ જ સકારાત્મક તબક્કે છે, અને સોદો લગભગ તૈયાર છે. જો કે, સરકારે કોઈ તારીખો અથવા સમયમર્યાદા આપવાનો ઈનકાર કર્યો છે. તેમનું કહેવું છે કે ઉતાવળમાં તારીખ આપવાને બદલે, બંને પક્ષો

અનુસંધાન પાના ૭ પર

# ઈન્દોરમાં રાહુલ ગાંધીની મિટીંગને મંજૂરી આપવા પ્રસાશનનો ઈન્કાર

### ઈન્દોરમાં દૂષિત પાણીથી અત્યાર સુધીમાં ૨૪ મોત થયા

નવી દિલ્હી, તા. ૧૬

ઈન્દોરના ભાગીરથપુરા વિસ્તારમાં દૂષિત પાણીના કારણે અત્યાર સુધીમાં ૨૪ લોકોના મોત થયા બાદ પરિસ્થિતિનો તાગ મેળવવા કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી શનિવાર, ૧૭ જાન્યુઆરીએ ઈન્દોર આવી રહ્યા છે. જોકે, આ દરમિયાન ઈન્દોરમાં કોંગ્રેસના નેતાઓ અને શહેરી જનપ્રતિનિધિઓ સાથે પ્રસ્તાવિત બેઠકને વહીવટીતંત્ર તરફથી મંજૂરી મળી શકી નથી.

કોંગ્રેસે રાજ્યભરના કાઉન્સિલરો, મેયરો, નગરપાલિકા અને નગર પરિષદના પ્રમુખો અને ઉપપ્રમુખો સાથે રાહુલ ગાંધીની બેઠક માટે અભય પ્રશાલ અને આનંદ મોહન માથુર સભાગૃહમાં કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ માટે લગભગ એક હજાર લોકોની હાજરીની મંજૂરી માંગવામાં આવી હતી, પરંતુ જિલ્લા વહીવટીતંત્રે બેઠકને મંજૂરી આપી ન હતી.

કોંગ્રેસના સંગઠન પ્રભારી ડો. સંજય કામલે જણાવ્યું કે વહીવટીતંત્ર તરફથી મંજૂરી ન મળવાને કારણે બેઠક રદ કરવી પડી છે. હવે રાહુલ ગાંધીનો ઈન્દોર પ્રવાસ મર્યાદિત કાર્યક્રમ સુધી જ રહેશે.

રાહુલ ગાંધી ઈન્દોર પહોંચ્યા પછી પહેલા બોમ્બે હોસ્પિટલ જશે, જ્યાં તેઓ દૂષિત પાણીથી બીમાર થયેલા દર્દીઓ અને તેમના પરિવારજનોને મળશે. આ પછી તેઓ ભાગીરથપુરા પહોંચીને તે પરિવારોને મળશે, જેમના પરિવારજનોનું દૂષિત પાણીના કારણે મૃત્યુ થયું છે. રાહુલ ગાંધીના પ્રવાસને લઈને જિલ્લા પ્રશાસન એલર્ટ મોડમાં છે.

મધ્યપ્રદેશ કોંગ્રેસ સમિતિએ ૧૭ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ સુધી તબક્કાવાર આંદોલનની જાહેરાત કરી છે. આ આંદોલન મનરેગામાં ફેરફાર કરીને કાનૂની અધિકારોની પુનઃસ્થાપના, ઈન્દોરના ભાગીરથપુરામાં દૂષિત પાણીથી થયેલા મૃત્યુ અને

અનુસંધાન પાના ૭ પર

# ભારતીય દવા કંપનીઓ દ્વારા છ માસમાં ત્રીજવાર ભાવ વધારો

### દવા કંપનીઓની મનમાનીના કારણે બીપી, ત્વચા , મૂત્રરોગોની દવા મોંઘી થઈ

નવી દિલ્હી, તા. ૧૬

દવાઓની કિંમતમાં ૬ મહિનામાં ત્રીજી વાર વધારો કરવામાં આવ્યો છે તેમાં બ્લડ પ્રેસર, ત્વચા, યુરિન, ગોસ, પેટની બીમારી માટેની સિરપ સામેલ છે. રોજબરોજમાં ઉપયોગમાં લેવાતી દવાઓની કિંમતોમાં ૧૦થી૩૨ રૂપિયાનો વધારો થયો છે, જો કે, કેટલીક દવાઓ જેમકે થાઈરોઈડ વગેરે રોગોમાં ઉપયોગ થતી દવાઓ થોડી સસ્તી થઈ છે.

દવા વેપારીઓના અનુસાર કંપનીઓ મનમાની કરી રહી છે. વર્ષમાં અનેકવાર કિંમતોમાં વૃદ્ધિ થઈ રહી છે. આવું ત્યારે છે જયારે ડીઝલ-પેટ્રોલની કિંમતમાં કોઈ વધારો નથી થયો કે ન માલ ભાડું વધ્યું છે. કાચા માલના ભાવો પણ સ્થિર છે.કેમીસ્ટ એસોસીએશનના વરિષ્ઠ સભ્ય વિકાસ રસ્તોગીનું કહેવું છે કે, વારંવાર ભાવ વધવા ખોટું છે. જયારે રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે દવાઓને લઈને કોઈ ગતિવિધિ નથી.

# ઈરાનથી ભારતીયોને એરલિફ્ટ કરશે મોદી સરકાર

## પહેલું વિમાન આજે તહેરાનથી દિલ્હી આવી પહોંચશે




નવી દિલ્હી, તા. ૧૬

ઈરાનથી ભારતીયોને એરલિફ્ટ કરશે સરકાર:પહેલું વિમાન આજે તેહરાનથી દિલ્હી આવશે; વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન પૂર્ણ, પાસપોર્ટ જમા કરાયાઈરાનમાં ચાલી રહેલા સરકાર વિરોધી હિંસક પ્રદર્શનો વચ્ચે કેન્દ્ર સરકારે ત્યાંથી ભારતીયોને એરલિફ્ટ કરવાની તૈયારી કરી લીધી છે. પ્રથમ વિમાન આજે તેહરાનથી નવી દિલ્હી માટે રવાના થશે.

જમ્મુ અને કાશ્મીર સ્ટુડન્ટ્સ એસોસિએશન (JKSA)એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તમામ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન થઈ ગયું છે. ભારતીય દૂતાવાસે તેમની અંગત વિગતો અને પાસપોર્ટ એકત્રિત કરી લીધા છે. પ્રથમ બેચને સવારે ૮ વાગ્યા સુધીમાં તૈયાર રહેવાની જાણકારી આપી દેવામાં આવી છે.પ્રથમ બેચમાં ગોલેસ્તાન યુનિવર્સિટી, શાહિદ બહેશ્તી યુનિવર્સિટી ઓફ મેડિકલ સાયન્સિસ અને તેહરાન યુનિવર્સિટી ઓફ મેડિકલ સાયન્સિસના કેટલાક વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

ઈરાનમાં લગભગ ૧૦૦૦૦ ભારતીયો રહે છે. તેમાંથી ૨૫૦૦-૩૦૦૦ વિદ્યાર્થીઓ છે, જેઓ મેડિકલનો અભ્યાસ કરવા ત્યાં ગયા હતા.

એડવાઈઝરીમાં જણાવાયું છે કે ઈરાનમાં હાજર તમામ ભારતીય નાગરિકો તેમના પાસપોર્ટ, વિઝા અને અન્ય જરૂરી દસ્તાવેજો હંમેશા પોતાની પાસે તૈયાર રાખે. આ સંબંધમાં કોઈપણ મદદ માટે તેઓ ભારતીય દૂતાવાસનો સંપર્ક કરે.

દૂતાવાસે ઈમરજન્સી સંપર્ક હેલ્પલાઈન પણ જારી કરી છે. મોબાઈલ નંબર: +૯૮૯૧૨૮૧૦૯૧૧૫; +૯૮૯૧૨૮૧૦૯૧૦૯; +૯૮૯૧૨૮૧૦૯૧૦૨; +૯૮૯૯૩૨૧૭૯૩૫૯. ઈમેઈલ:

અનુસંધાન પાના ૭ પર

# ગુજરાતમાં ઠંડીમાં આંશિક ઘટાડો ,ગિરનાર પર ૩.૪ ડીગ્રી

### નાલિયામાં પણ તાપમાન વધીને ૯.૨ ડીગ્રી નોંધાયું

અમદાવાદ, તા. ૧૬

સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે પણ સવારનાં ઠંડા પવનો વચ્ચે ઠંડીમાં વધઘટ નજરે પડી હતી. અમરેલી, નલિયા, જામનગર અને જુનાગઢ શહેરમાં સિંગલ ડિઝીટ સાથે કડકડતી ઠંડી અનુભવાઈ હતી.

જયારે ગિરનાર પર્વત આજે પણ ૩.૪ ડિગ્રી સાથે હિમ જેવો રહેવા પામ્યો હતો. આજે સવારે જુનાગઢ શહેરમાં ૮.૪ ડીગ્રી, જામનગરમાં ૯.૫ ડીગ્રી તથા નલિયામાં ૯.૨ અને અમરેલી ખાતે ૯.૪ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

જોકે રાજકોટ સહિતના સ્થળોએ સવારના તાપમાનમાં આંશિક વધારો થતા ઠંડીની તિવ્રતા ઘટી જવા પામી હતી. આજે સવારે રાજકોટ શહેરમાં ૧૧.૩, પોરબંદરમાં ૧૩.૬, વેરાવળમાં ૧૪.૫, તથા સુરતમાં ૧૪.૬, અમદાવાદમાં ૧૪.૫, વડોદરામાં ૧૧.૮, ભાવનગરમાં ૧૪.૪, ડિસામાં ૧૧ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું.

ઉલ્લેખનીય છે કે, દરિયાકાંઠાના વિસ્તાર દિવમાં આજે સવારે ૧૦.૩ ડીગ્રી સાથે તિવ્ર ઠંડીનો અહેસાસ થયો હતો. તેમજ દ્વારકામાં ૧૭.૫, ગાંધીનગરમાં ૧૩.૫, કંડલામાં ૧૨.૨ અને ઓખામાં ૧૮.૮ ડીગ્રી તાપમાન નોંધાવા પામ્યું હતું.

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકાના વિઝામાં લાંબો વિલંબ એચ-વન બી ધારકો પર મોટી આફત

### ઘણા વિઝા ઈન્ટરવ્યુ માચ,ૅ એપ્રિલ કે તેનાથી આગળ ધકેલાઈ ગયા

નવી દિલ્હી, તા. ૧૬

વિઝા સ્ટેમ્પિંગમાં વિલંબના કારણે ભારતમાં અટવાયેલા ઈ-૧ઈ વિઝા ધારકો માટે પરિસ્થિતિ મુશ્કેલ બની રહી છે. આવા કર્મચારીઓને નોકરી ગુમાવવાની, પગાર કપાત થવાની સાથે સાથે સ્થાનિક આવકવેરો ચૂકવવાનો જોખમ પણ ઊભો થયો છે.

અમેરિકામાં H-1B પર કામ કરતા અનેક ભારતીયો વિઝા રિન્યૂઅલ માટે ભારત આવ્યાં છે, પરંતુ ટ્રમ્પ પ્રશાસન દ્વારા અરજદારોની સોશિયલ મીડિયા પ્રવૃત્તિઓની કડક તપાસ શરૂ થયાં બાદ વિઝા સ્ટેમ્પિંગમાં ભારે વિલંબ થયો છે. પરિણામે ઘણા લોકો અહીં જ ફસાઈ ગયા છે.

ઈમિગ્રેશન નિષ્ણાતોના જણાવ્યા મુજબ હવે ઘણા ઈન્ટરવ્યૂ માર્ચ, એપ્રિલ કે તેનાથી પણ આગળ ધકેલાઈ ગયા છે, જેના કારણે ખાસ કરીને સ્ટાર્ટઅપ જેવી નાની કંપનીઓમાં કામ કરતા કર્મચારીઓની નોકરી જોખમમાં છે.

આ સાથે એક વધુ જટિલ મુદ્દો કરવેરાનો પણ છે. લાંબા સમય સુધી ભારતમાં રહેતા કર્મચારીઓ ભારતીય આવકવેરા કાયદા હેઠળ કરદાતા બની શકે છે - ભલે તેઓ નોન-રેસિડેન્ટ હોય કે રેસિડેન્ટ. ઘણા અમેરિકન કંપનીઓ, જેમના કર્મચારીઓ ભારતમાંથી પરત ફરી શકતા નથી, તેઓ ઈમિગ્રેશન નિષ્ણાતો, વકીલો અને કન્સલ્ટિંગ ફર્મ્સનો સંપર્ક કરી રહ્યા છે જેથી કાયદો અને ટેક્સ સંબંધિત મુદ્દાઓ સમજી શકાય.

કેટલીક કંપનીઓ તો પોતાના કર્મચારીઓ માટે વહેલા અપોઈન્ટમેન્ટ મળે તે માટે સીધા જ અમેરિકન દૂતાવાસ અને કોન્સ્યુલેટ્સનો સંપર્ક કરી રહી છે. ઊંડખત્રક્ષમાં ટેક્સ-ગ્લોબલ મોબિલિટી સર્વિસિસના પાર્ટનર અને નેશનલ હેડ પેરિઝાદ

અનુસંધાન પાના ૭ પર

# વેનેઝુએલાના નેતા મચાડોએ શાંતિ નોબેલ પુરસ્કાર ટ્રમ્પને અપર્ણ કર્યો

### નોબેલ પુરસ્કાર મેળવવાની ટ્રમ્પની ઈચ્છા આખરે પૂરી થઈ

નવી દિલ્હી, તા. ૧૬

અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે ગુરુવારે વ્હાઈટ હાઉસમાં વેનેઝુએલાનાં વિપક્ષી નેતા મારિયા કોરિના મચાડો સાથે મુલાકાત કરી. વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોનું અપહરણ કર્યા પછી આ તેમની કોઈપણ વેનેઝુએલાના નેતા સાથેની પ્રથમ રૂબરૂ મુલાકાત હતી.

મુલાકાત પછી મચાડોએ કહ્યું હતું કે તેમણે ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કારનો મેડલ ભેટ કર્યો છે. તેમણે કહ્યું, 'મને લાગે છે કે આજે આપણે વેનેઝુએલાવાસીઓ માટે એક ઐતિહાસિક દિવસ છે.'

બેઠક પછી પત્રકારો સાથેની વાતચીતમાં મચાડોએ ટ્રમ્પને પોતાનો પુરસ્કાર સોંપવા વિશે જણાવ્યું, પરંતુ તેમણે બીજી કોઈ માહિતી આપી નહીં. જ્યારે વ્હાઈટ હાઉસે પણ એ જણાવ્યું નહીં કે ટ્રમ્પે મેડલ સ્વીકાર કર્યો કે નહીં.

વ્હાઈટ હાઉસ છોડ્યા પછી મચાડોએ બહાર એકઠા થયેલા સમર્થકોને સ્પેનિશમાં કહ્યું, 'આપણે રાષ્ટ્રપતિ ટ્રમ્પ પર ભરોસો કરી શકીએ છીએ.' જોકે ટ્રમ્પે અત્યારસુધી મચાડોને વેનેઝુએલાના નવા નેતા તરીકે સમર્થન આપ્યું નથી. એના બદલે તેઓ વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝ સાથે કામ કરી રહ્યા છે.

ટ્રમ્પ હંમેશાં નોબેલ શાંતિ પુરસ્કાર મેળવવાની ઈચ્છા વ્યક્ત કરતા રહ્યા છે. જ્યારે તેઓ માચાડોને મળ્યા ત્યારે તેમણે નારાજગી વ્યક્ત કરી. બીજી તરફ, નોબેલ સમિતિએ પહેલા જ સ્પષ્ટ કરી દીધું છે કે નોબેલ પુરસ્કારની જાહેરાત થયા પછી એને રદ કરી શકાતો નથી.

ન તો એને શેર કરી શકાય છે અને ન તો કોઈ અન્યને હસ્તાંતરિત કરી શકાય છે. આ નિર્ણય અંતિમ છે અને હંમેશાં માટે માન્ય રહેશે.

અનુસંધાન પાના ૭ પર

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.



મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫



# રાંદેર પીપલ્સ બેંકના પૂર્વ ડિરેક્ટર સોનેરિયા પરિવાર જવાબદારી મુક્ત

## સોનેરીયા પરિવારે બેંકને રૂા.૧૦.૭૬ લાખ ઉપરાંતનો ચેક અર્પણ કર્યો

સુરત, તા.૧૬

સહકારી ક્ષેત્રની બેંક નામે ધી રાંદેર પીપલ્સ બેંક સાથે હાલમાં જ પ્રેરક પ્રસંગ બન્યો છે, જેમાં બેંકના ભૂતપૂર્વ ડિરેક્ટર અને નવયુગ કોલેજના પૂર્વ પ્રોફેસર સ્વ. ચંપકભાઈ સોનેરિયાના ધર્મપત્નિ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુ.મા.પાનાં નિવૃત્ત આર્ચાય જયાબેન સોનેરિયા અને પુત્ર કંદર્પ સોનેરિયાએ સરકારશ્રીના કાયદાની કલમ ૮૬ અને ૯૩ અન્વયે જવાબદારી નક્કી કરવામાં આવી હતી જે પૈકી સ્વ. ચંપક ભાઈના ભાગે આવેલી રુ. ૧૦,૭૬,૯૪૩.૦૦ લાખ (દસ લાખ છોત્તેર હજાર નવ સો તેત્તલીસ પૂરા)ના ચેક બેંકના એમ.ડીશ્રી ઉમેશભાઇ જે દેસાઇને સુપરત કરી બેંકમાં જમા કરાવી સોનેરિયા પરિવારે જાગૃત સભાસદનો નવો અને પ્રેરક દાખલો બેસાડ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે દક્ષિણ ગુજરાત અર્બન ક્ષેત્રની ૧૦૦ ઉપરાંત વર્ષથી કાર્યરત ધી રાંદેર પીપલ્સ બેંકના જાગૃત અને અન્યને પ્રેરણા આપનાર સભાસદ સોનેરિયા પરિવારના આ સૌજન્ય બદલ ચેરમેન શ્રી વિશાલ સેલર તેમના ઘરે જઈ જયાબેનને શાલ ઓઢાડી સન્માનિત કરી આભાર વ્યકત કરી બેંકની પ્રગતિ માટ આશીર્વાદ મેળવ્યા હતા અને આ જવાબદારી અદા કરવા માટે પ્રેરણા આપનાર, સામાજીક ઉત્તરદાયિત્વ નિભાવનાર નિવૃત્ત રેલ્વે અધિકારી શ્રી દલસુખભાઇ સુરતીનો આભાર વ્યકત કરતા ચેરમેન શ્રી વિશાલ સેલરે જણાવ્યું હતું કે તેમની બેંકનાં સભાસદ તરીકેની અને સામાજીક અગ્રણી તરીકેની નિષ્ઠા પુર્વકની કામગીરી અન્ય બાકીદારો માટે પણ પ્રેરણાદાયી અને પરીણામલક્ષી આવનારા સમય માટે નિર્ણાયક બનીને રહેશે. બેંકનાં વાઇસ ચેરમેન શ્રી મહેશભાઇ ભારતી, રીકવરી કન્વીનર શ્રી રાકેશભાઇ પટેલ અને લોન કન્વીનર શ્રી પ્રવિણભાઇ પરમારે સ્વગસ્થ ચંપકભાઇ સોનેરીયાનાં યુવા પુત્ર શ્રી કંદર્પભાઇ સોનેરીયાનો આભાર સાથે શુભેચ્છા પાઠવી હતી.



બિહાર વિકાસ મંડળ દ્વારા ૧૫જનવરી ૨૦૨૬ મકરસંક્રાંતિ પર્વ ધાર્મિક અને સામાજીક રીતે ધૂમધામપૂર્વક ઉજવણી કરાઈ હતી. દર વર્ષની જેમ ૨૬ મા વર્ષે પણ મકરસંક્રાંતિ પર્વની ઉજવણી દહીં-પૌવા સાથે સાધુ-સંતોને કંબલ અને નિરાધાર મહિલાઓને સાડી દાન પુણ્ય કરી ધૂમ-ધામથી ઉજવણી કરવામાં કરવામાં આવી હતી.

# કામરેજ રાજપૂત સમાજ દ્વારા ત્યાગ દિવસની ઉજવણી થઈ

## ક્ષત્રિય કોઈ સમાજ નથી પરંતુ તે પરંપરા છેઃ પ્રિન્સ મહિડા

સુરત, તા.૧૬

રાષ્ટ્રીય ની એકતા અખંડિતતા તથા લોકહિત ના માર્ગએ અવિરત ચાલનારા મહામાનવ ને સન્માન આપવા માટે અને યુવા પેઢી ને તેમનાં ત્યાગ,સમર્પણ અને કર્તવ્યનિષ્ઠા સ્મરણ રહે તેવાં ઉમદા આશય થી"પ્રજા વત્સલ નેક નામદાર મહારાજ શ્રી કૃષ્ણ કુમાર સિંહજી ગોહિલ નાં ત્યાગ દિવસ"ની ઉજવણી નું આયોજન "શ્રી રાજપૂત સમાજ કામરેજ વિભાગ તથા દેલાડ(કામરેજ)ગામ પરિવાર દ્વારા ઓલપાડ તાલુકા નાં દેલાડ ગામે'યુવરાજ સાહેબશ્રી'શ્રી જયવીર રાજસિંહજી ગોહિલ,ભાવનગર ની અધ્યક્ષતામાં સમારંભ યોજાવામાં આવ્યો હતો.શ્રી જયવીરંન્દ્ર સિંહજી સોલંકી(મહારાજ સાહેબ શ્રી)વાસંદા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહયાં હતાં.અને ખાસ આર્શીવચન પાઠવવા માટે પ.પૂ પ્રવિણબાપુ (હાઠીલા હનુમાનજી સરભોણ)ઉપસ્થિત રહયા હતાં.અને આ કાર્યક્રમ ની અંદર શ્રી વાસુદેવસિંહજી ગોહિલ (ભાવનગર) શ્રીમતી તૃપ્તિબા સઓલ (ગાંધીનગર) ધીરજી સિંહ અટોદરીયા (સુરત)શ્રી પદયુમનસિંહજી જાડેજા (સુરત)શ્રી પ્રદયુમન સિંહજી ગોહિલ (મગોબ) દિલીપ સિંહજી રાઠોડ (તરસાડી કોસંબા) સહિત નાં મહાનુભાવો ની વિશેષ ઉપસ્થિત રહી. અને ખાસ સુરત જિલ્લા યુવાનો માં જાગૃતા લાવવા માટેનાં સતત પ્રયત્નો કરતો.સુરત જિલ્લા રાજપૂત સમાજ ઉભરતો યુવા ચેહરો"સુરત જિલ્લા કરણી સેના પ્રવક્ત" 'પ્રિન્સ મહિડા'ની પણ ઉપસ્થિત રહી હતી તેમણે મહાનુભાવો આશીવચન લઈ જણાવ્યું હતું કે"ક્ષત્રિય કોઈ સમાજ નથી પરંતુ તે પરંપરા છે જે ભગવાન રામ ના સમય થી ચાલતી આવી,ક્ષત્રિયો રજવાડા ત્યાગી શકે પરંતુ સ્વાભિમાન નહીં,દેશ ની એકતા માટેની વાત આવી ત્યારે સૌથી પહેલા ભાવનગર ના નેક નામદાર સર કૃષ્ણકુમારસિંહજી ગોહિલ એ ૧૮૦૦ પાદર આપ્યાં હોવાનું જણાવ્યું હતું.

# વલસાડના રાબડામાં ગૌસંવેદના અને ગૌચેતના જાગૃતિ અભિયાન

## માં વિશ્વંભરી તીર્થયાત્રા ખાતે મકરસંક્રાંતિ પર્વે ગૌપૂજન

વલસાડ, તા.૧૬

ભારતીય સંસ્કૃતિમાં દાન અને પુણ્યના પર્વ સમાન મકરસંક્રાંતિ નિમિત્તે વલસાડના રાબડા ગામે આવેલ 'માં વિશ્વંભરી તીર્થયાત્રા ધામ' ખાતે ગૌસંવેદના અને ગૌચેતના જાગૃતિ અભિયાન અંતર્ગત વિશેષ ગૌપૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ધામના સ્થાપક શ્રી મહાપાત્રના માર્ગદર્શન હેઠળ અહીં આવેલી 'વૈકુંઠ ધામ' ગૌશાળામાં ગીર ગાયોના સાનિધ્યમાં યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક માનવીમાં ગૌ ઉપાસના અને ગૌ માતા પ્રત્યેની સંવેદના જાગૃત કરવાનો હતો.

મકરસંક્રાંતિના પાવન અવસરે યોજાયેલા આ કાર્યક્રમમાં શ્રી મહાપાત્રના સાનિધ્યમાં ધરમપુરના લોકલાડીલા ધારાસભ્યશ્રી તથા ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ માનનીય શ્રી અરવિંદભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં ભક્તોએ ઉત્સાહભેર જોડાઈને મહાયજ્ઞ તથા ગૌપૂજનનો લાભ લીધો હતો. આ પવિત્ર દિવસે ઉપસ્થિત સૌ કોઈએ ગાયોને પોતાના હસ્તે લીલો ઘાસચારો, ખોળ, દાણ, ગોળ અને લાડુ ખવડાવીને ગૌસેવાનો વિશેષ લાભ લીધો હતો અને ધન્યતા અનુભવી હતી. ભારતીય ધર્મગ્રંથોમાં ગાયને પૃથ્વી પરનો શ્રેષ્ઠ દૈવી જીવ માનવામાં આવે છે. ગાયમાતા ભારતીય સંસ્કૃતિનું ગૌરવવંતું પ્રતીક છે અને માનવજાતને માતા જેવો નિસ્વાર્થ સ્નેહ આપે છે. ખાસ કરીને ગીર ગાય કે દેશી ગાયની ખુંધ પર આવેલી 'સૂર્યકેતુ નાડી' સૂર્યના કિરણોમાંથી પોષકતત્વો ગ્રહણ કરી સુવર્ણ ક્ષાર ઉત્પન્ન કરે છે. ગાયના દૂધમાં રહેલા ખનીજ, ક્ષારો અને રોગપ્રતિકારક શક્તિવર્ધક તત્વો માનવ સ્વાસ્થ્ય અને બૌદ્ધિક વિકાસ માટે સર્વશ્રેષ્ઠ છે.

# પોલીસ તાલીમ કેન્દ્ર ખાતે સ્પર્ધાત્મક પરીક્ષા માટે નિઃશુલ્ક વર્ગો

સુરત, તા.૧૬

સુરત શહેર ખાતે ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓના પરિવારજનો તેમજ સુરત શહેરના યુવાઓ માટે PSI તેમજ પોલીસ કોન્સ્ટેબલ માટેની આવનાર સ્પર્ધાત્મક પરીક્ષા માટે તા.૧૭ જાન્યુ.થી દર શનિ-રવિ સવારે ૧૦:૦૦ થી બપોરે ૧:૦૦ અને બપોરે ૨:૦૦ થી સાંજે ૫:૦૦ કલાકે અઠવાલાઈન્સના પોલીસ મુખ્ય મથક ખાતેના પોલીસ તાલીમ કેન્દ્ર ખાતે નિઃશુલ્ક તાલીમ વર્ગો શરૂ થશે. જેમાં ભાગ લેવા ઉમેદવારોએ ૮૯૦૫૨ ૫૫૫૩૯/ ૦૨૬૧-૨૬૬૯૫૦૦(નંબર) પર ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. અથવા રૂબરૂ રજીસ્ટ્રેશન માટે પોલીસ તાલીમ કેન્દ્ર, પોલીસ મુખ્ય મથક, સુરત શહેર ખાતે આવવાનુ રહેશે એમ નાયબ પોલીસ કમિશનર (વહિવટ)ની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# સુરત પોલીસ વિભાગમાં ભરતીના અભાવે હજારો જગાઓ ખાલી

## કાયદો-વ્યવસ્થા જોખમમાં હોવાનો કોંગ્રેસ આગેવાન દર્શન નાયકનો આરોપ

સુરત, તા.૧૬

સુરત પોલીસ વિભાગમાં હજારો જગ્યાઓ ખાલી પડી હોવાથી શહેરની કાયદો અને વ્યવસ્થા જોખમમાં હોવા અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા નિવેદનમાં જણાવાયું છે કે, ગુજરાતના ગૃહમંત્રી તરીકે હર્ષભાઈ સંઘવી પોતાના વતન સુરતની જવાબદારી સંભાળી રહ્યા છે, તેમ છતાં સુરત પોલીસ વિભાગમાં મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી પડી રહી છે. માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ મેળવેલી સત્તાવાર માહિતી મુજબ સંયુક્ત પોલીસ કમિશ્નર ટ્રાફિક/સેક્ટર-૨/ક્રાઈમ ની મંજુર ૩ જગ્યા માંથી ૧ જગ્યા ખાલી છે, નાયબ પોલીસ કમિશ્નર ની ૧૮ મંજુર જગ્યા માંથી ૨ જગ્યાઓ ખાલી છે, મદદનીશ પોલીસ કમિશ્નરની મંજુર ૩૩ જગ્યા માંથી ૧૫ જગ્યાઓ ખાલી છે, બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર ની મંજુર ૫૫૨ જગ્યાઓ માંથી ૨૯૭ જગ્યાઓ ખાલી છે, આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલની મંજૂર મહેકમ ૧૨૭૨માંથી ૫૧૮ જગ્યાઓ ખાલી છે અને આર્મ્ડ હેડ કોન્સ્ટેબલની મંજૂર મહેકમ ૨૩૧માંથી ૩૪ જગ્યાઓ ખાલી. પોલીસ કમિશ્નર કચેરી સુરત શહેરની વર્ગ-૧ થી વર્ગ-૩ની મંજૂર ૯૮૪૫ જગ્યાઓમાંથી ૩૨૦૪ જગ્યાઓ ખાલી છે.

આમ, સુરત પોલીસ વિભાગમાં કુલ ૩૭૫૬થી વધુ જગ્યાઓ ખાલી પડી છે, જે શહેરની વસ્તી અને વધતી અપરાધ પ્રવૃત્તિઓને ધ્યાનમાં લેતા અત્યંત ગંભીર બાબત છે. સુરત હીરા અને કાપડ ઉદ્યોગનું કેન્દ્ર છે, જ્યાં

અનુસંધાન પાના ૭ પર

# દેવભૂમિ દ્વારકાના મેજિસ્ટ્રેટના જાહેરનામાને હાઇકોર્ટમાં પડકાર

## એડવોકેટ ઝમીર શેખ મારફતે પિટિશન દાખલ થતા હાઈકોર્ટની નોટીસ

સુરત, તા.૧૬

એડિશનલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ દેવભૂમિ દ્વારકા દ્વારા તારીખ ૪-૪-૨૦૨૫ ના રોજ બોમ્બે પોલીસ એક્ટ ૧૯૫૧ ની કલમ ૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિદ્ધ કરી જણાવેલ કે "દેવભૂમિ દ્વારકામાં આવેલ તમામ રાજ્ય સરકારના વિભાગો હસ્તકની કે તેના તાબાની તમામ કચેરીઓ તેમજ રાજ્ય સરકાર હસ્તકના જાહેર સાહસોની કે તેમના તાબાની તમામ કચેરીઓ ખાતે તથા આ કચેરીઓના કમ્પાઉન્ડ તેમજ મુખ્ય જાહેર માર્ગ ઉપર ઉપવાસ,ધરણ,ભૂખ હડતાલ ઉપર બેસવા કે ચાર કરતાં વધુ માણસોએ એકત્રિત કે કચેરીના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રવેશ કર્યા બાદ સભા સરઘસ સૂત્રોચાર કરવા જેવા કૃતિઓની મનાઈ ફરમાવું છું" આ જાહેરનામું ૦૪-૦૪-૨૦૨૫ થી ૦૩-૦૪-૨૦૨૬ ના સમયગાળા યાને કે એક વર્ષ માટે પ્રસિદ્ધ કરવામાં આવેલ,દેવભૂમિ દ્વારકાના કોંગ્રેસ પ્રમુખ શ્રીપાલભાઈ રામભાઈ આંબલીયા નાઓએ પોતાના Advocate Zameer Shaikh મારફતે દેવભૂમિ દ્વારકાના એડિશનલ કલેક્ટરશ્રીના જાહેરનામાને નામદાર હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી પડકારેલ.,આજરોજ પિટિશનની થતા નામદાર ભૂજાદ હાઈકોર્ટ દ્વારા સરકારશ્રીને પ્રશ્ન કરવામાં આવેલ અને નોટિસ ફટકારવામાં આવેલ તેમજ આવતા ઠરાવે મનાય અરજી ઉપર સુનાવણી રાખવામાં આવેલ છે.

# નાયક મરાઠા સમાજ સેવા સંઘ સુરત દ્વારા હલ્દી-કંકુ કાર્યક્રમનું આયોજન

સુરત,તા.૧૬

નાયક મરાઠા સમાજ સેવા સંઘ સુરત દ્વારા હલ્દી કંકુ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આગામી તા.૨૬ જાન્યુઆરીના રોજ સાંજે ૪ થી ૭ વાગ્યા દરમિયાન અડાજણ શ્રી ગંગેશ્વર મહાદેવ મંદીર પાસે આવેલા એસએમસી ચિલ્ડ્રન પાર્ક પાર્ટી પ્લોટ ખાતે આયોજીત આ કાર્યક્રમમાં નાયક મરાઠા સમાજ સેવા સંઘ સુરતના સેક્રેટરી ગણેશ પાંડુરંગ સાવંત, અધ્યક્ષ અશોક આત્મારામ પોટે અને ખજાનચી પ્રદિપ ગંગારામ મોરે દ્વારા નાયક મરાઠા સમાજ સેવા સંઘ સુરત ટ્રસ્ટીગણ તેમજ કાર્યકારી કમિટી ઉપરાંત ગામ પ્રતિનિધિ સહિત સુરત શહેરમાં વસતા તમામ નાયક મરાઠા સમાજનાં લોકોને આમંત્રિત કરાયા છે.



સુરતમાં ઉત્તરાયણ તથા વાસી ઉત્તરાસણની બે દિવસ સુધી લોકોએ ઉજવણી કરી હતી. સગરામપુરા સ્થિત ફેમિલી ફર્સ્ટ હોસ્પિટલના ડો.શ્વેતાબેન પટેલે પરિવારજનો તથા મિત્રો સાથે અગાસી પર પતંગ ચગાવીને ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી હતી.

# બોર્ડના વિદ્યાર્થીઓ માટે 'આત્મ વિશ્વાસ હેલ્પલાઈન'ની શરૂઆત

## વિદ્યાર્થીઓને પરીક્ષા પૂર્વ માનસિક સહાય અને શૈક્ષણિક માર્ગદર્શન અપાશે

વલસાડ, તા.૧૬

કલેકટર કચેરી, વલસાડ તથા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વલસાડના સંયુક્ત ઉપક્રમે વલસાડ જિલ્લામાં આવેલી તમામ સરકારી, અનુદાનિત તથા ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા પૂર્વ માનસિક સહાય અને વિષયવાર શૈક્ષણિક માર્ગદર્શન પૂરું પાડવાના ઉદ્દેશ્ય સાથે "આત્મવિશ્વાસ હેલ્પલાઇન"ની શરૂઆત કરવામાં આવી છે. આ હેલ્પલાઈનનું ઉદઘાટન તા. ૧૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ વલસાડ જિલ્લા કલેકટરશ્રી ભવ્ય વર્માના હસ્તે કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પરીક્ષા સમયગાળા દરમિયાન સતત સહાય મળી રહે તે હેતુસર આ હેલ્પલાઇન ૧૮/૦૩/૨૦૨૬ સુધી કાર્યરત રહેશે.

આગામી ફેબ્રુઆરી–માર્ચ ૨૦૨૬ દરમિયાન યોજાનારી ધોરણ–૧૦ તથા ધોરણ–૧૨ની બોર્ડની જાહેર પરીક્ષાને ધ્યાને રાખી વિદ્યાર્થીઓમાં જોવા મળતા પરીક્ષા સંબંધિત તણાવ, ભય, ચિંતા, આત્મવિશ્વાસમાં ઘટાડો તથા હતાશા જેવી માનસિક પરિસ્થિતિઓ દૂર કરવી તેમજ વિદ્યાર્થીઓ તણાવમુક્ત અને હકારાત્મક મનોભાવ સાથે પરીક્ષામાં ભાગ લઈ ઉજ્જવળ સફળતા પ્રાપ્ત કરે તે મુખ્ય હેતુથી આ માનવસેવાની પહેલ હાથ ધરવામાં આવી છે. "આત્મવિશ્વાસ હેલ્પલાઇન" અંતર્ગત વલસાડ સિવિલ હોસ્પિટલના અનુભવી માનસિક તજજ્ઞ ડૉ. વિરેન્દ્ર સોલંકી દ્વારા વિદ્યાર્થીઓને માનસિક સલાહ,

અનુસંધાન પાના ૭ પર

# મકરસંક્રાંતિ પર્વ એ પદ્મશાળી સમાજ દ્વારા ભવ્ય રંગોળી સ્પર્ધા યોજાઈ

## મહિલાઓ તથા યુવાનો દ્વારા સર્જનાત્મક કળાનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન



સુરત, તા.૧૬

મકર સંક્રાંતિ પર્વ તેલુગુ સમાજમાં વિશેષ મહત્વ ધરાવતો અને હર્ષોલ્લાસથી ઉજવાતો તહેવાર છે. ત્રણ દિવસ સુધી ઉજવાતા આ તહેવારનો પહેલો દિવસ ભોગી, બીજો દિવસ મકર સંક્રાંતિ (ઉત્તરાયણ) અને ત્રીજો મહત્વપૂર્ણ દિવસ કનુમા તરીકે ઓળખાય છે, જે તેલુગુ સમાજના મુખ્ય અને ભવ્ય તહેવારોમાંનો એક છે. સંક્રાંતિના આગમન સાથે જ ઘરો અને આંગણાંમાં રંગોળી દ્વારા નવા રંગ અને આકર્ષણનો સંચાર થાય છે, જે આપણા સંસ્કૃતિ અને પરંપરાનું પ્રતિબિંબ છે.

ભોગી, સંક્રાંતિ અને કનુમા દરમિયાન પરંપરાગત વાનગીઓ, હરિદાસ કીર્તન, ગંગીરેડ્ડુ રમતો (બળદ સાથે રમતો)અને વિવિધ લોકકલાઓથી સમગ્ર વાતાવરણ ઉત્સવી બની જાય છે. આ પાવન તહેવારની ઉજવણી નિમિત્તે તેલુગુ પદ્મશાળી સમાજ દ્વારા ગુજરાત હાઉસિંગ બોર્ડ, બાલાજી નગર, પર્વત, ગોડાદરા ખાતે આવેલ સુમન સ્મૃતિ આવાસ, સહજાનંદ સોસાયટીમાં પરંપરાગત રીતે રંગોળી સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન વિવિધ પ્રકારની પરંપરાગત તેમજ આધુનિક શૈલીની રંગોળીઓ રજૂ કરવામાં આવી, જેમાં મહિલાઓ અને યુવાનો દ્વારા પોતાની સર્જનાત્મકતા અને કલાત્મક પ્રતિભાનું સુંદર પ્રદર્શન કરવામાં

અનુસંધાન પાના ૭ પર

# બિહાર વિકાસ પરિષદ દ્વારા મકરસંક્રાંતિ પર્વની ઉજવણી

## ઉત્તરાયણની ઉજવણી સાથે વાર્ષિક સભા મળી

સુરત, તા.૧૬

બિહાર વિકાસ પરિષદ સુરત એક સામાજિક સંસ્થા છે જે બિહાર અને ઝારખંડના લોકો સહિત ઉત્તર ભારતીયોના સામાજિક ઉત્થાન માટે પ્રયત્નશીલ છે. બિહાર વિકાસ પરિષદ બિહાર અને ગુજરાતના સાંસ્કૃતિક અને સાંસ્કૃતિક સંબંધોને જોડવાનું પણ કામ કરે છે. બિહાર વિકાસ પરિષદ સુરતના વિવિધ સમુદાયોને એક કરીને સમુદાયની સેવા કરે છે, અને બિહારના સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાને જાળવવાનું પણ કામ કરે છે. આ સંદર્ભમાં, પરિષદે બુધવાર, ૧૪ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ મકરસંક્રાંતિના તહેવાર સાથે તેની વાર્ષિક સામાન્ય સભા યોજી હતી. પરિષદે ૨૦૨૬નું સંભારણું બહાર પાડ્યું, અને ખજાનચીએ વર્ષની પ્રવૃત્તિઓ અને આવક અને ખર્ચનો અહેવાલ રજૂ કર્યો.

શ્રી લાખાધીર સિંહ ઝાલા, આઈપીએસ, ડેપ્યુટી કમિશનર, સુરત પોલીસ, મુખ્ય મહેમાન હતા. ઉપસ્થિતોમાં કાઉન્સિલના આજીવન સભ્યો, ઉત્તર ભારતીય સમાજના અનેક અગ્રણી વ્યક્તિઓ, વિવિધ સમાજોના પ્રમુખો અને પ્રતિનિધિઓ અને બિહારના ઉદ્યોગપતિઓ શામેલ હતા જેમણે સુરતને પોતાનું કાર્યસ્થળ બનાવ્યું છે.અંકુર વિદ્યાલયના વિદ્યાર્થીઓએ રંગારંગ કાર્યક્રમ રજૂ કર્યો, જેણે પ્રેક્ષકોને ખૂબ જ ખુશ કર્યા. મકરસંક્રાંતિ ઉત્સવ સુરતના અડાજણમાં નાયરા પેટ્રોલ પંપ, એલપી સવાણી સ્કૂલ પાછળ, રામેશ્વરમ એપાર્ટમેન્ટ્સ પાસે, પાલ કોમ્યુનિટી હોલમાં યોજાયો હતો. ઉપરોક્ત કાર્યક્રમ બિહાર વિકાસ પરિષદની મકરસંક્રાંતિ ઉત્સવ સમિતિના સંયોજક શ્રી રૂપેશ સિંહની દેખરેખ હેઠળ યોજાયો હતો. મકરસંક્રાંતિ ઉત્સવ સમાપ્ત થયા પછી, ઉપસ્થિતોએ પરંપરાગત બિહારી ભોજન (દહીં, ચૂડા અને તિલકૂટ) નો આનંદ માણ્યો.

# ઓલ ન્યુ પંચ સાથે કમાન્ડ મેક્સ એસયુવી ઇન્ડિયા હવે વધુ ઝડપી

## વધુ સ્માર્ટ, વધુ સુરક્ષિત અને વધુ બોલ્ડને ચાહે છે

સુરત, તા.૧૬

મુંબઇ, ૧૩ જાન્યુઆરી, ૨૦૨૬: ટાટા મોટર્સ પેસેન્જર વ્હિકલ્સ લિમીટેડએ આજે ભારતની અત્યંત લોકપ્રિય એસયુવીને તદ્દન નવા, વધુ ઝડપી, વધુ સ્માર્ટ અને બોલ્ડ અવતારમાં લોન્ચ કરી હોવાની ઘોષણા કરી છે. નવી ટાટા પંચમાં અતુલનીય પાવર, ચડીયાતો આરામ, ઘતન ટેકનોલોજી અને મસ્ક્યુલર સ્ટાઈલીગનો તેના વિશિષ્ટ સિગ્નેચર "કમાન્ડ મેક્સ" હેઠળ સમાવેશ થાય છે અને તે ફક્ત રૂ. ૫.૫૯ (એક્સ શોરૂમ, નવી દિલ્હી)ની પ્રારંભિક કિંમતે ઉપલબ્ધ છે. ઓક્ટોબર ૨૦૨૧ માં સબકોમ્પેક્ટ SUV શ્રેણીમાં શરૂઆત કર્યા પછી અને ૭૦૦,૦૦૦ ગ્રાહકો દ્વારા પહેલાથી જ વિશ્વાસપાત્ર, નવી ટાટા પંચ બે અદ્યતન પાવરટ્રેન વિકલ્પો રજૂ કરીને ઉદ્યોગ માપદંડ બનાવવાના તેના વારસાને આગળ ધપાવે છે. ૧.૨L ટર્બોચાર્જ્ડ iTurboRevotron એન્જિન સાથે ઉત્તેજક પ્રદર્શનનો આનંદ માણો, જે અજોડ ડ્રાઈવિંગ ઉત્સાહ માટે શ્રેષ્ઠ-ઇન-ક્લાસ પાવર-ટુ- વેઈટ રેશિયો પ્રદાન કરે છે. અજોડ કાર્યક્ષમતા અને સુવિધા માટે AMT ગિયરબોક્સ સાથે જોડી બનાવેલ ટ્વીન-સિલિન્ડર iCNG ટેકનોલોજીના ક્રાંતિકારી સંયોજનને દર્શાવતી પ્રથમ SUV ચલાવો.

# કોબા પ્રાથમિક શાળાના આચાર્યને ચિત્રકૂટ એવોર્ડ અર્પણ

## પૂ.મોરારીબાપુ દ્વારા રાજ્યના ૩૬ શ્રેષ્ઠ પ્રાથમિક શિક્ષકોને ચિત્રકૂટ એવોર્ડ અપાયા

સુરત, તા.૧૬

તલગાજરડા ખાતે આવેલ નવનિર્મિત કેન્દ્રવર્તી શાળાના બિલ્ડીંગનું લોકાર્પણ પણ સાથે મહુવા તાલુકાના તલગાજરડા ગામ ખાતે પૂજ્ય મોરારીબાપુ દ્વારા આગામી તા.૧૪ ને બુધવારના(મકરસંક્રાંતિ)રોજ સવારના ૯:૦૦ કલાકે રાજ્યના શ્રેષ્ઠ અને પ્રતિભાવંત પ્રાથમિક શાળાના શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષકનો પારિતોષિક ચિત્રકૂટ એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા પસંદ કરાયેલા ૩૬ શ્રેષ્ઠ શિક્ષકોને તેમની શ્રેષ્ઠ તેમજ નમૂનેદાર કામગીરી માટે સન્માનિત કરવામાં કરવામાં આવે છે. રાજ્યના દરેક જિલ્લામાંથી એક તેમજ નગરપાલિકા વિસ્તારમાંથી એમ કુલ મળીને ૩૬ પ્રાથમિક શાળાના શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક ચિત્રકૂટ એવોર્ડ વડે આ દિવસે નવાજવામાં આવ્યા.આ કાર્યક્રમમાં શિવકુંજ



આશ્રમ અધેવાડાના સંત પૂ.સીતારામબાપુ તેમજ રાજ્યના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી વિશેષ ઉપસ્થિત રહ્યાં.

રાજ્યની પ્રાથમિક શાળાના ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ,ગાંધીનગરના પ્રમુખ મહામંત્રી તેમજ હોદ્દેદારો હાજર રહ્યા.સને ૨૦૦૦ ની સાલથી પ્રારંભાયેલા અને પ્રાથમિક શાળાના શિક્ષકો માટે ખૂબ ગૌરવંતા ગણાયેલા પ્રતિષ્ઠિત ચિત્રકૂટ એવોર્ડનો આ સળંગ ૨૬ મો અવસર છે. આ દિવસે યુવાઓ માટે પ્રેરણાસ્રોત ભાંડુત ગામનાં વતની એવાં ધર્મેન્દ્રકુમારની ચિત્રકૂટ એવોર્ડ માટે પસંદગી થતાં સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટભાઈ પટેલ, ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ બળદેવભાઈ પટેલ, મહામંત્રી મહેન્દ્રસિંહ ઠાકોર, બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલ, સીઆરસી કો-ઓર્ડિનેટર રાકેશ પટેલ,કોબા ગામનાં સરપંચ દિલીપ પટેલ સહિત સમગ્ર ઓલપાડ તાલુકાનાં શિક્ષણગણ અને મિત્રમંડળે તેમને અભિનંદન પાઠવ્યા હતા.

## શિક્ષકે પાંચ શાળાનું ધ્યાન રાખવું: પુ મોરારિબાપુ

# તલગાજરડામાં ચિત્રકૂટ એવોર્ડ સાથે શાળા લોકાર્પણ

**વેળાવદર ( તખુભાઈ સાંડસુર દ્વારા)**

મકરસંક્રાંતિના પવિત્ર દિવસે ચિત્રકૂટ ધામ તલગાજરડા ખાતે આજે ચિત્રકૂટ એવોર્ડ અર્પણ વિધિની સાથે કેન્દ્રવર્તી શાળા તલગાજરડાનું પૂ. મોરારિબાપુના શુદ્ધ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું.

ગુજરાતના વિવિધ ૩૪ જિલ્લા અને બે નગરપાલિકા મળીને કુલ ૩૬ એવોર્ડ ચાલુ વર્ષે ચિત્રકૂટ ધામની પ્રેરણાથી અર્પણ કરવામાં આવ્યા.કાર્યક્રમમાં સ્વાગત શિક્ષક સંઘના તાલુકા પ્રમુખશ્રી મનુભાઈ શિયાળે કર્યું. પ્રાસંગિક ઉદબોધન રાજ્ય શિક્ષક સંઘના મહામંત્રી શ્રી જૈમીનભાઇ પટેલ કર્યું હતું. ગુજરાત શિક્ષક સંઘના અધ્યક્ષ શ્રી દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવ્યું કે હું છેલ્લાં ૧૧ વર્ષથી આ ચિત્રકૂટ એવોર્ડ અર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનું સદનસીબ પ્રાપ્ત કરી શક્યો છું. આ પવિત્ર કાર્યમાં પૂ. બાપુની સાથે જોડાવાનો મારા જીવનનો અમૂલ્ય લહાવો છે.



કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું કે મેં સવા વર્ષ સુધી શિક્ષણ મંત્રી તરીકે કામ કર્યું છે પરંતુ મને જેટલો સમય મળ્યો તેમાં સૌ શિક્ષકોની વેદનાને સમજવાનો અને તેના આંસુઓને પોષવાનો મેં ક્યારેય સમય ગુમાવ્યો નથી. ૬૦૦ જેટલા શિક્ષકો કે જે અસાધ્ય રોગોથી પિડિત હતાં તેમને પોત પોતાની માંગણી મુજબ બદલીનું સ્થાન અપાવ્યું હતું.

પુ સિતારામબાપુએ આ કાર્યક્રમમાં પોતાની હાજરીની ધન્યતા અનુભવી.

પુ.મોરારિબાપુ એ આશીર્વાદ આપતા કહ્યું કે શિક્ષકોએ માત્ર આપણી શાળા નહીં પરંતુ આપણે પાંચ શાળાઓ આકાશ, પાણી, વાયુ,અગ્નિ અને પૃથ્વી આ પંચ તત્વો પણ એક શાળા છે તેનું ધ્યાન રાખવું જોઈએ. આકાશ આનંદ શાળા,પાણી એ પ્રાણશાળા, વાયુ એ વ્યાયામ શાળા, અગ્નિ એ પવિત્ર શાળા અને પૃથ્વી એ પાઠશાળા છે. જેની પાસે સત્ય હોય તે અભય થઈને ઉભો રહે છે. સંવેદન હીન વિજ્ઞાન બૌદ્ધિક પાપ છે. બાપુએ ભારપૂર્વક અહીં આપ સૌ વંદના સ્વીકારવા માટે આવો છો તેનો રાજીપો વ્યક્ત કર્યો હતો. બાપુએ જીતુભાઈ વાઘાણીને ઋષિથી હવે કૃષિ માટે કાર્ય કરી રહ્યા છે તેના માટે પણ આનંદ વ્યક્ત કર્યો હતો.

મહુવા તાલુકાનું શિક્ષક સંમેલન પણ આ સાથે યોજાઈ ગયું. જેમાં ૧૩ નિવૃત્ત શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. વર્ષો સુધી કાર્યરત રહેલા બગદાણાના શ્રી ભરતભાઈ પંડ્યા કે જે આ કાર્યક્રમના હંમેશા સંચાલક રહ્યા છે તેમનું પણ નિવૃત્તિ સન્માન થયું.

કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી શિવાભાઈ ગોહિલ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી હિતેન્દ્રસિંહ પઢેરીયા.જિલ્લા શિક્ષક સંઘના પ્રમુખશ્રી નવઘણભાઈ અને મહામંત્રી શ્રી પી.પી સરવૈયા વગેરે મહાનુભાવો પણ ઉપસ્થિત હતા.

# ઋતુ પરિવર્તનની આરોગ્ય પર કેવી કેવી અસર થાય?

ઋતુ પરિવર્તનની અસર વાતાવરણમાં દેખાય છે, તેમ તેની અસર કે એની આડ અસર પણ આપણા આરોગ્ય પર પણ દેખાતી હોય છે. ઋતુ પરિવર્તન થાય ત્યારે ઘણા લોકોને આરોગ્ય સમસ્યાઓ ઊભી થાય છે. જો તમે એ લાખો લોકોમાંના એક છો જેમને મોસમી એલર્જી છે તો તમે છીંક આવવી, નાક બંધ થઇ જવું અથવા વહેતું નાક અને અન્ય હેરાન કરનારાં લક્ષણો સહન કરતા હશો. મોસમી એલર્જી, જેને પરાગરજ તાવ (hay fever)અને એલર્જિક રહાઇનાઇટીસ (Rhinitis) પણ કહેવાય છે એ તમને દુઃખી કરી શકે છે.



શિયાળો ઉનાળો ચોમાસું

આ પરિસ્થિતિ ત્યારે સર્જાય છે જ્યારે હવામાં ફેલાતા ખતરનાક' પદાર્થ તરીકે ઓળખાતા હવામાં રહેલા નાના કણો એલર્જન' તમારી રોગપ્રતિકારક શક્તિને ક્ષીણ કરી નાખેપ જ્યારે તમે તમારા નાક કે મોં દ્વારા એલર્જન શ્વાસમાં લો છો ત્યારે તમારું શરીર હિસ્ટામાઇન નામનું કુદરતી રસાયણ મુક્ત કરીને પ્રતિક્રિયા આપે છે. હે ફીવર કહેવાતું હોવા છતાં, હે ફીવર તાવનું કારણ કે મોટાભાગના લોકોને એનાથી તાવ આવતો નથી.

એલર્જિક રહાઇનાઇટીસનાં લક્ષણોમાં છીંક આવવી, નાક બંધ થવું અને નાક, ગળા, મોં અને આંખોમાં બળતરાનો સમાવેશ થાય છે. ઘણાને આંખોમાં બળતરા અને ખંજવાળ આવે છે. કાન બંધ થવાય જવો એ પણ એક લક્ષણ છે.

મોસમી એલર્જી અસ્થમાથી પીડાતા લોકો માટે વધુ મુશ્કેલી સર્જે છે, તેમને અસ્થમા એટેક આવવાની શક્યતાઓ વધી જાય છે. એ પણ નોંધવું જોઈએ કે, એલર્જિક રહાઇનાઇટીસ ચેપી રહાઇનાઇટીસ જેવો નથી, જેને સામાન્ય રીતે શરદી તરીકે પણ ઓળખવામાં આવે છે.

એલર્જિક રહાઇનાઇટીસ ચેપી નથી. ઉપરાંત, બધા રહાઇનાઇટીસ એલર્જિક નથી હોતા. ઘણા લોકો નોન-એલર્જિક રહાઇનાઇટીસથી પીડાય છે, જેના પરિણામે સમાન લક્ષણો જોવા મળે છે.

એલર્જિક રહાઇનાઇટીસ ક્યારે થાય છે?

તમને વર્ષના કોઈપણ સમયે હે ફીવર થઈ શકે છે. મોસમી એલર્જી વસંત, ઉનાળો અને પાનખરની શરૂઆતમાં થાય છે જ્યારે વૃક્ષો અને ઘાસ ખીલે છે અને પરાગની સંખ્યા વધુ હોય છે.

ઘરની અંદર અને બહારના ઘણા એલર્જન હે ફીવરનું કારણ બને છે, જેમકે વૃક્ષો, ઘાસ અને છોડમાંથી નીકળતી પરાગરજ, ફૂગના બીજકણ, પાલતુ પ્રાણીમાં ખંજવાળ, ધૂળની જીવાત, વંદાના મળ અને લાળ વગેરે.

સામાન્ય શરદી અને એલર્જિક રહાઇનાઇટીસનાં લક્ષણમાં કેટલાક તફાવતો છે. એલર્જીમાં ખંજવાળ, લાલ અને પાણીવાળી આંખો સામાન્ય છે, પરંતુ શરદીમાં એટલી સામાન્ય નથી. શરદીથી સ્નાયુઓમાં દુખાવો અને શરીરમાં દુખાવો અથવા તાવ આવવાની શક્યતા વધુ હોય છે.

આવી પરિસ્થિતિમાં લોકો પ્રિસ્ક્રિપ્શનની જરૂર ન હોય તેવી દવાઓ પોતાની રીતે લઇ લે છે, પણ દરેક વખતે આ ઉપાય કામ ન પણ કરે. તેથી સતત રહેતી તકલીફ માટે તબીબ પાસે તપાસ કરાવવી જરૂરી છે.

તબીબને જરૂર જણાય તો એ તમને કેટલા ટેસ્ટ કરાવવાની સલાહ પણ આપી શકે છે. પરીક્ષણ તમારા ચોક્કસ ટ્રિગર્સને ટાળવા માટે તમારે કયા પગલાં લેવાની જરૂર છે તે નક્કી કરવામાં મદદ કરી શકે છે અને કઈ સારવાર તમારા માટે શ્રેષ્ઠ કામ કરી શકે છે તે ઓળખવામાં મદદ કરી શકે છે. એલર્જી વાતાવરણ કારણે જ છે કે નહી તે પણ નક્કી કરવું જરૂરી છે.કેવી રીતે ધ્યાન રાખવું?એલર્જીનાં ચિહ્ન અને લક્ષણ (એલર્જન) ઉશ્કેરતી વસ્તુઓના સંપર્કમાં ઘટાડો કરવો એ સૌથી સરળ ઉપાય છે. સૂકા, પવનવાળા દિવસોમાં ઘરની બહાર નીકળતી વખતે માસ્ક પહેરી રાખો. લોન કાપવા, નીંદણ કાઢવા અને અન્ય બાગકામનાં કામ ટાળો, જે એલર્જનને ઉત્તેજિત કરે છે.તમે બહાર પહેરેલા કપડાં ઘરે આવીને બદલી નાખો અને તમારી ત્વચા અને વાળમાંથી પરાગરજ ધોવા માટે સ્નાન કરો. કપડાં બહાર લટકાવશો નહીં, પરાગરજ ચાદર અને ટુવાલ પર પણ ચોંટી શકે છે. વહેલી સવારે જ્યારે પરાગકણોની સંખ્યા સૌથી વધુ હોય છે ત્યારે બહારની પ્રવૃત્તિ ટાળો.તમારા ઘર અને કારમાં એર કન્ડીશનીંગનો ઉપયોગ કરો. જો તમારા ઘરમાં ફરજિયાત એર હીટિંગ અથવા એર કન્ડીશનીંગ હોય, તો ઉચ્ચ-કાર્યક્ષમતાવાળા ફિલ્ટર્સનો ઉપયોગ કરો અને તેમની નિયમિત જાળવણી કરો. ડીહ્યુમિડિફાયર વડે ઘરની અંદરની હવાને સૂકી રાખોપ અઠવાડિયામાં ઓછામાં ઓછા એક વાર ચાદરને ખૂબ ગરમ પાણીથી ધોઈ લો.



# હવે બહાર ખાવાથી બચો..

આધુનિક સમયમાં કેમિકલનો વપરાશ અતિભારે પ્રમાણમાં વધ્યો છે. સહજ જીવન જીવવું મુશ્કેલ બની રહ્યું છે કારણ લગભગ બધાજ બાહ્ય ખાદ્ય-પદાર્થમાં ટોક્સીક કેમિકલ (ઝેરી રસાયણ)નો ઉપયોગ વધુ થઈ રહ્યો છે. જેના કારણે બીમારીઓ વધી રહી છે. આજના સમયમાં લગભગ નવી પેઢીએ કામકાજી પેઢી છે જે બાહ્ય ખાદ્ય-પદાર્થ પર વધારે નિર્ભર છે.

પેકેટ ફૂડનો વધુ ઉપયોગ થાય છે. બાહ્ય ખાદ્ય-પદાર્થને ટકાવવા એટલે કે સેલ્ફ લાઈફ વધારવા માટે તેનો દેખાવ વધારવા કે ટેસ્ટને ટકાવવા માટે કેમિકલનો વધુ ઉપયોગ થાય છે. જેથી કરીને લોકોના શારીરિક, માનસિક અને આર્થિક રીતે અસરો દેખાવા લાગી છે. જેની ઊંડી અસર પડી છે એટલે કે પહેલા શરીરને નુકસાન થાય, પછી માનસ પર અસર પડે અને આર્થિક નુકસાન વેઠવો પડે છે.

ખાદ્ય-પદાર્થમાં રસાયણોના ઉપયોગના કારણે પાચન તંત્ર પર સૌથી પહેલી અસર દેખાય છે. તેમાં કબજિયાત, અગ્નિમાંધ, અપચો, ગેસ, ઝાડા, ઉલ્ટીથી શરૂઆત થાય છે. ત્યારબાદ, વજન વધવું કે ઘટવુંની સમસ્યા ત્યારબાદ અન્ય ઘાતક રોગોની શરૂઆત થાય છે. મિનરલ્સની ઓછપ, વિટામિનનું બગડવું, ડાયાબિટીસ, હૃદયની બીમારી, કિડનીની વ્યાધિઓ વગેરે.

પ્રોસેસ કરેલા ખાદ્ય-પદાર્થ જે વધુને વધુ ગરમ થાય ત્યારે તેમાં કાર્બોસીમેથીલીન અને કાર્બોસીએથીલીન જેવાં ઝેરી તત્ત્વ વધી જાય જેના કારણે શરીરમાં ગ્લેકસોલ જેવા પદાર્થ પેદા થાય જેના કારણે એન્ડવાસ ગ્લાયેકન એન્ડ પ્રોડક્સન છ. ૫. ઈ. વધી જાય (એટલે શરીરમાં ખરાબ પ્રકારનું ગ્લુકોઝ વધી જાય. ઈન્સ્યુલિનની સમસ્યા પેદા થાય અને ડાયાબિટીસની વ્યાધિ શરૂ થઈ જાય.

દૂધને જ્યારે ઉકાળીને ખૂબ જ ઘાટું કરવામાં આવે ત્યારે તેમાં સાકર નાખવામાં આવે ત્યારે હજુ વધુ ઘાટું થતાં કાર્બોસી જેવાં પદાર્થ અંદર પ્રમાણમાં ભેગા થાય અને શરીરમાં ચરબી (સફેદ ફેટ) ખરાબ થાય અને અવયવને નુકસાન થાય વજન વધવા માંડે છે. સાકર વધુ ગરમ થતાં તે કાર્બન છોડે છે. દૂધને કે માવાને ટકાવી રાખવા માટે ફોર્માલ્ડીહાઈડનો ઉપયોગ થાય છે.

ચહાને ટકાવવા કે સ્વાદ વધારવા માટે ફરફ્યુરાલ, ટેનિન એસિડ, ટેનીક એસિડ, કોકવા, કેફેન જેવા પદાર્થ નાખીને બનાવાય છે જે શરીર માટે ઝેરી છે અને નશાકારક છે જેના કારણે બ્લડપ્રેશર વધી જાય છે. ક્રીએટીનાઈન વધી જતાં ડાયાલિસિસ કરાવું પડે છે.

જામ, સોસ, ચીલીસોસ, સોયાસોસ, કેચપ, અથાણાં, ચટણીઓ બનાવવા માટે એસેટીક એસિડ, સોડિયમ બેન્ઝાઈટ, કેમિકલવાળા નમક, સ્ટેબીલાઈઝર (જે એક પ્રકારનું ઘાટું કરવાનું સોડિયમ છે) કલર માટે પણ એમરથ, વુલગ્રીન, સનસેટ યલો જેવા રસાયણ યુક્ત કલર નાખવામાં આવે છે જેના કારણે થાઈરોઈડ જેવી બીમારી તો નક્કી જ છે. યુરિક એસિડ વધી જાય, ચયાપચનની નાડી પર સોજો આવતા કેલ્શિયમ ખોરવાઈ જાય અને થાઈરોઈડ ગ્રંથિ પર સોજો આવે. સાથે સાથે વાળ વધુ ખરવા લાગે છે.

થાઈરોઈડ દવા જે કેમિકલથી જ બને છે તે લાંબો સમય લેવાને કારણે વોટરરીટેશન થાય (શરીરમાં પાણી ભરાય) શરીરમાં વિટામિન ડીની ઓછપ થાય, શરીર ફૂલવા લાગે છે. યાદશક્તિ બગડી જાય છે. ઘણીવાર ગોઈટર જેવી બીમારી થાય જેના કારણે આંખના ડોળા બહાર તરફ ધકેલાય છે.

બ્રેડ, બિસ્કીટ, કેક, બ્રાઉની, ખારી, ટોસ બનાવવામાં હાઈડ્રોજનેટ ઘી (નકલી ઘી) માર્ગરીન વપરાય છે. ઈમ્લસીફાયર વપરાય છે જે સો નંબરથી પાંચસો નંબરના છે જે પેકેટ પર લખેલા હોય છે તે બધા જ કેમિકલ છે. આ બધાને કારણે શરીરમાં સોડિયમનું પ્રમાણ વધી જાય તેમજ સાકરનું પ્રમાણ પણ વધી જાય છે. આ.બી.એસ. આંતરડા પર સોજા, આંખમાં મોતિયો, હાડકામાં દુખાવો, ગેસ વધુ થવો જેવી સમસ્યા થાય છે.

મીઠાઈઓમાં કલર વધુ નાખવામાં આવે છે. આઈસક્રીમમાં તો કેમિકલના જમાવડો જ છે. તે દૂધથી નહિ નકલી ઘીથી જ બને છે. આઈસક્રીમમાં નાખવામાં આવતાં રસાયણો મોટું લિસ્ટ છે. મીઠાઈ પણ નકલી ઘી અને રિફાઈન્ડ તેલથી બને છે. રિફાઈન્ડ તેલમાં કોઈ રંગ કે વાસ હોતી નથી તેથી તેનો ઉપયોગ મીઠાઈ બનાવવામાં થઈ રહ્યો છે.

તેલને રિફાઈન્ડ કરતી વખતે લગભગ દસથી પંદર પ્રકારના કેમિકલ નાખવામાં આવે છે. જેના કારણે સંધિવાત, કે હાડકાં વળવા, ઓસ્ટીયોપોરોસીસ, વિટામિન ડીની ઊણપ થવી તેમજ હાડકાંમાં કેલ્શિયમ ઘટી જવું, કમરમાં દુખાવો, ગોઠણમાં દુખાવો થવો. શ્વાસ લેવામાં મુશ્કેલી, ફેટી લીવર જેવી વ્યાધિઓ થાય છે. નકલી ઘીના કારણે ટીબી જેવી બીમારી પણ થઈ શકે.

કોલ્ડ્રીક અને ચાઈનીઝ પદાર્થમાં રંગનો વધુ ઉપયોગ થાય છે. તેમજ સોડિયમ અને પ્રિઝર્વેટીવના કારણે હાડકાં પોચા પડી જાય છે. શરીર એનિમીક થતું જાય છે. ચામડી પર લાલ ધાબા થઈ જાય છે.

કુરકુરે, ચીપ્સ, ફ્રાયમ જેવી ખાદ્ય-પદાર્થની વસ્તુઓમાં સોડિયમનું પ્રમાણ ખૂબ જ ઊંચું હોય છે, જેથી વારંવાર ખાવાનું મન થાય છે. આના કારણે સોરાસીસ જેવી તકલીફ થાય છે. જે ઘણીયે દવા કરવાથી મટતો નથી.

હોટલો, લારી કે ધાબા પર રિફાઈન્ડતેલ ખાવાનું ટકાવી રાખવા માટે મોટા પ્રમાણ કેમિકલ નંખાય છે. ફ્રીઝરમાં તે કડક ન થાય તે માટે પણ કેમિકલ વાપરે છે. જેના કારણે ફૂડ પોઈઝનિંગ થાય છે. પ્રેશર વધી જાય, એસિડીટી થાય છે.

કેમિકલ, પ્રિઝર્વેટીવ કે લાંબી પ્રોસેસના કારણે ફૂડની સેલ્ફલાઈફ તો વધે છે પણ તે શરીરમાં જતાં કાર્બન વધુ છોડે છે. શરીરનાં અવયવોને હાનિ પહોંચાડે છે. શરીરને બીમારીથી ગ્રસ્ત બનાવે છે તેની માટે દવાનો ઉપયોગ વધુ થઈ રહ્યો છે. દવાની સાઈડ ઈફેક્ટના કારણે બીજી વધુ બીમારીઓ થાય છે. એલોપથી દવા ડીઝલ, પેટ્રોલ, નાફતા ફીનોલ હેમજીન જેવી પેટ્રોલિયમ પદાર્થથી જ બને છે. કેમિકલના લિસ્ટની ખૂબ જ લાંબી યાદી છે. સ્વસ્થ રહેવા માટે કામકાજી જીવનને સુગમ બનાવવા માટે ભોજનનું આયોજન કરો કે બાહ્ય પદાર્થથી બચી શકાય.

## બાળકોને શુગર સ્માર્ટ બનાવો

# તું તારૂ હોમવર્ક પૂરૂં કરી લઇશ, તો હું તને આઇસ્ક્રીમ લઈ દઇશ

મમ્મી, તમે માર્કેટ જાઓ ત્યારે મારા માટે એક ચોકલેટ લઈ આવજો

તું ઘરમાં એકલો રહીશને? તો હું તારા માટે ક્રીમ વાળા બિસ્કીટ લઈ આવીશ. ..

બાળકોને મીઠું ખવડાવવાના આવા અનેક બહાના આપણે પાસે હોય છે. સામાન્ય રીતે બર્થડે કેક પણ બાળકો માટે બહુ ભાવતી વસ્તુ છે. આપણે પેરેન્ટ્સ ઘણી વાર સમજી નથી શકતા કે આરોગ્ય માટે એનર્જી આપતો ગણપણયુક્ત ખોરાક ક્યારે તેમના માટે જોખમી બની જાય છે. વર્ષ ૨૦૨૪માં થયેલા એક અભ્યાસમાં એવો ખુલાસો થયો છે કે, બાળકોને ઓછી ખાંડ આપવાથી તેમનામાં ડાયાબિટીસનું જોખમ ઘટી જાય છે, કારણ કે નાની ઉંમરમાં વધારે ગળ્યું ખવડાવવામાં આવે તો તેમને સ્થૂળતા અને ફેટી લિવર જેવી બીમારીઓ થવાની શક્યતા વધી જાય છે. બાળકો માટે તો મીઠાં પીણાં પણ તેમની પાચન પ્રક્રિયા પર ખરાબ અસર કરે છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ) દ્વારા જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ, પહેલાં આપણા દૈનિક કેલરી સેવનમાં ગળ્યા પદાર્થમાંથી મળતી કેલરીનું પ્રમાણ ૧૦ ટકા સુધી યોગ્ય માનવામાં આવતું હતું, પરંતુ હવે આ પ્રમાણ ઘટાડીને પાંચ ટકા કરી દેવામાં આવ્યું છે. એટલે કે, જો આપણે દરરોજ આપણા આહારમાં ૨૦૦૦ કેલરી લઈએ છીએ, તો આપણે પાંચ ચમચીથી વધુ ખાંડ ન લેવી જોઈએ. આ માત્રા બાળકો અને મોટા બંને માટે છે.

ડબ્લ્યુએચઓ એ એવું પણ સૂચન કર્યું છે કે જો બાળકોમાં મીઠામાંથી લેવાતી કેલરી પાંચ ટકા કરતાં પણ ઓછી રાખવામાં આવે, તો તેમને સ્થૂળતા અને દાંતની સમસ્યાથી રાહત મળી શકે છે. એટલે કે બે વર્ષની ઉંમર પછી બાળકોને દિવસમાં માત્ર બે થી ચાર ચમચી ખાંડ આપવી જોઈએ. તેમાં પણ બાળકો અને મોટા બંનેએ દૂધ અને ફળોમાંથી મળતી કુદરતી ખાંડ જ લેવી જોઈએ અને વધારાની મીઠી વસ્તુઓથી દૂર રહેવું જોઈએ.

કુદરતી ખાંડનો અર્થ છે દૂધમાં રહેલો લેક્ટોઝ અને ફળોમાં રહેલો ફ્રુક્ટોઝ. ફળોમાંથી ફાઈબર, વિટામિન, ખનિજ અને કાર્બોહાઈડ્રેટ મળે છે, જે ઘણી હદ સુધી કેલરીની ઉણપ પૂરી કરે છે. તેથી પેકેજ્ડ જ્યુસ, ઈન્સ્ટન્ટ નૂડલ્સ, બ્રેડ, બિસ્કિટ, સોસ અને હેલ્ધી માનવામાં આવતાં નાના બાળકોના સિરિયલ્સ, ફ્લેવર્ડ યોગર્ટ, ફ્લેવર્ડ મિલ્ક, ન્યુટ્રિશનલ અને એનર્જી ડ્રિંક્સ વગેરેમાં ખાસ ધ્યાન રાખવું જોઈએ અને બાળકોને ઘરની બહાર ખવડાવવા લઈ જાઓ ત્યારે અથવા લગ્ન-પાર્ટી જેવા પ્રસંગોમાં, ખાંડથી બનેલી વસ્તુઓના સેવન પર ખાસ નજર રાખવી જોઈએ.

આઈસ્ક્રીમનું સેવન પણ મહિનામાં માત્ર બે નાના સ્કૂપ સુધી સીમિત રાખવું જોઈએ. માતા-પિતા એ બાળકોને ચોકલેટ્સ, ડોનટ્સ અને મીઠાઈઓ દરરોજ ન આપવી જોઈએ, અઠવાડિયા માં એક કે બે વાર જ આપવી, કારણ કે વધારે ગણપણથી બાળકોમાં એનર્જી લેવલ અચાનક વધી જાય છે, જેના કારણે મૂડ સ્વિંગ, ચીડિયાપણું અને હાઇપરએક્ટિવિટી જેવા વિકારો થઈ શકે છે. બર્થડે પાર્ટીમાં જો બાળક કેક ખાવા માંગે, તો કેક સિવાયની બીજી મીઠી વસ્તુઓથી દૂર રહેવા માટે બાળકને સમજાવવું.

ભારતીય ભોજનમાં મીઠી વસ્તુઓની એટલી વિવિધતા છે કે રંગબેરંગી મીઠાઇઓ જોઈને બાળકોનું મન લલચાઈ જાય છે. આવા સમયે તેમને સ્વીટ્સથી દૂર રાખવા માટે માતા-પિતાએ ઘણી મહેનત કરવી પડે છે. પરંતુ જો નાની ઉંમરથી જ તેમને શુગર સ્માર્ટ બનાવવામાં આવે, તો આવનારા જીવનમાં અનેક ગંભીર બીમારીઓના જોખમથી તેમને બચાવી શકાય છે.કઈ ઉંમરે કેટલી ખાંડ આપવીબાળકોને બે વર્ષની ઉંમર પહેલાં માતાના દૂધમાંથી મળતી કુદરતી મીઠાસ પૂરતી હોય છે. આ મીઠાસ લેક્ટોઝ દ્વારા મળે છે. જો બાળકને ઉપરનું દૂધ આપો અને શરૂઆતથી જ ખાંડ વગર દૂધ આપશો, તો આગળ જતા દાંતમાં કેવિટી જેવી સમસ્યાઓથી બચાવી શકાશે. ૨ થી ૧૮ વર્ષની ઉંમરના બાળકોને દિવસમાં ૨ થી ૪ ચમચી ખાંડ પૂરતી છે. ૧૮ વર્ષ પછી દિવસમાં પાંચ ચમચીથી વધારે ખાંડ ન લેવી જોઈએ. શું તમને ખબર છે કે ૩૩૦ મિલીલીટર કોલાની એક કેનમાં ૭ થી ૯ ચમચી ખાંડ હોય છે.૬૦ ગ્રામની એક મધ્યમ ચોકલેટ બ્રાઉનીના પીસમાં પાંચ થી સાત ચમચી ખાંડ હોય છે. ૨૫૦ મિલીલીટર રેડીમેડ જ્યુસમાં પાંચ થી છ ચમચી ખાંડ હોય છે. જો તમે આ જ્યુસ ઘરે બનાવો તો ખાંડ ઓછી કરી શકો છો, પરંતુ પેકેજ્ડ જ્યુસમાં ફ્રુક્ટોઝ સાથે વધારાની ખાંડ પણ હોય છે, જે લોહીમાં શુગરનું સ્તર વધારે છે. ૧૫૦ ગ્રામ ફ્લેવર્ડ યોગર્ટના એક કપમાં ૪ થી ૬ ચમચી સુધી ખાંડ હોય છે. ફળ, દૂધ, દહીં અને છાશમાં રહેલી ગળાશ કુદરતી હોય છે. જે ખાદ્ય પદાર્થોમાં અલગથી ખાંડ ઉમેરવામાં આવે છે, તે બાળકોના આરોગ્ય માટે વધુ જોખમી છે.



## તંત્રી લેખ...-

**શુક્રવાર, તા. ૧૬ જાન્યુઆરી ૨૦૨૬**

# દસ મિનિટમાં ડિલિવરી : સમસ્યામાં રાહત, મુક્તિ નહીં

ખાદ્ય પદાર્થ કે ગૃહ ઉપયોગી વસ્તુઓ ગણતરીની મિનિટોમાં ગ્રાહકોના ઘરઆંગણે પહોંચાડતા લોકોને કેન્દ્ર સરકારના એક નિર્ણયથી રાહત થઈ છે. હવે પછી તેઓ કોઈ પણ વસ્તુ 'ફક્ત દસ જ મિનિટમાં' ક્યાંય પહોંચાડવાના તણાવથી મુક્ત છે. જો કે, તેમની સમસ્યા અને સંઘર્ષનો આ અંત નથી. ફક્ત થોડો શ્વાસ લેવાનો સમય તેમને મળ્યો છે. તેમની દોડ યથાવત્ છે. 'ગિગ વર્કર્સ' એટલે કે સ્વીગી, ઝોમેટો, બ્લિન્કિટ જેવી કંપનીઓમાં કામ કરતા ડિલિવરીબોય - વસ્તુઓ પહોંચાડતા કર્મચારીઓએ થોડા દિવસો પહેલાં પોતાની મુશ્કેલીઓ અને કેટલાક ન મળતા અધિકારોની માંગ કરીને હડતાળ કરી હતી. કેન્દ્ર સરકારનાં શ્રમ મંત્રાલયે આ બાબતને ગંભીરતાથી લીધી છે. આવા કામદારોની સલામતીને ધ્યાને રાખીને હવે નક્કી થયું છે કે, કોઈ પણ કંપની કોઈ વસ્તુ દસ મિનિટમાં ઘરે પહોંચી જશે તેવો દાવો નહીં કરી શકે. કામદારોએ આ વસ્તુ પહોંચાડવા માટે સમયનાં બંધનમાં કામ કરવાનું નહીં રહે. સામાન્ય લાગે તેવી આ બાબત ગંભીર છે. ઘરે પિઝા, પાંઉભાજી કે પછી કરિયાણુ મગાવતા ગ્રાહકોને એમ હોય કે ગરમ અથવા તાજી વસ્તુ ઝડપથી ઘરે આવી જાય છે, તો હોટેલ કે દુકાન સુધી શા માટે જવું ? વાસ્તવિકતા થોડી અલગ હોય છે. વસ્તુ પહોંચાડનાર કર્મચારી દસ મિનિટમાં વસ્તુ પહોંચાડવા માટે ઝડપથી વાહન ચલાવે છે, ટ્રાફિક સિગ્નલ બંધ હોય તો આગળ ઊભવા કે લાલ લાઈટ થાય તે પહેલાં ક્રોસ કરી જવા ઝડપથી વાહન ચલાવે છે. નિશ્ચિત સ્થળે પહોંચવા માટે તેના મગજ ઉપર સતત દબાવ રહે છે, ઝડપથી વાહન ચલાવવાથી જીવનું પણ જોખમ. આપેલું સરનામું શોધવું, ડિલિવરી કરવી, અન્ય ઓર્ડર સ્વીકારીને ફરી પહોંચવું આ તેમની રોજિંદી ઘટમાળ અત્યંત તણાવપૂર્ણ છે. આટલું કર્યા પછી પણ

આર્થિક વળતર તો સંતોષકારક નહીં જ. આ પ્રકારે કામ કરતા અનેક કામદારોને પગાર નહીં, પરંતુ પ્રોત્સાહક ભથ્થું મળે છે એટલે જેટલી ઝડપથી તેઓ કામ કરે તેટલા રૂપિયા મળે. કેન્દ્રીયમંત્રી મનસુખ માંડવિયાના હસ્તક્ષેપ બાદ ક્વિક સર્વિસ ઈ- કોમર્સ પ્લેટફોર્મ 'બ્લિન્કિટ'એ તમામ બ્રાન્ડમાંથી દસ મિનિટમાં ડિલિવરીનો દાવો હટાવી દીધો છે. સંસદનાં શિયાળુ સત્રમાં 'આપ'ના સાસંદ રાઘવ ચઢ્ઢાએ પણ આ મુદ્દે ચર્ચા કરી હતી. જો કે, ગ્રાહકો પણ બધા એવા નથી જેઓ દસ મિનિટનો આગ્રહ રાખે. એક સર્વેક્ષણ અનુસાર ૬૨ ટકા લોકો કહે છે, અમને આટલી ઝડપી આ વસ્તુઓ જોઈએ છે, પરંતુ કેટલીક જ વસ્તુ, બધી વસ્તુમાં ઝડપી ડિલિવરીની જરૂર નથી, જ્યારે ૩૮ ટકા લોકોએ આ 'અલ્ટ્રાફાસ્ટ ડિલિવરી'ને બિનજરૂરી ગણાવી છે. કામદારોને ચોક્કસ રાહત થઈ છે, તણાવ હવે નહીં રહે. છતાં તેમની સામે કેટલાક પડકાર છે જેમ કે, ઓછું વળતર, આખો દિવસ શહેરોના વિવિધ વિસ્તારમાં વાહન ચલાવવાનો માનસિક દબાવ, ગ્રાહકોને અપેક્ષા અનુસાર વસ્તુ ન મળે તો કંપની ઉપરનો રોષ તેઓ આ કામદારો ઉપર ઠાલવે તેવું તો ઘણું બધું છે. સરકારે હવે આ ડિલિવરી કર્મચારીઓ માટે સમયમર્યાદા દૂર કરાવ્યાનાં સારાં પગલાં-પહેલ બાદ ઓછામાં ઓછાં વળતરની નીતિ નક્કી કરવા માટે કંપનીઓ ઉપર દબાણ કરવું જોઈએ. પ્રત્યેક ઓર્ડર પૂર્ણ થયે મળતું વળતર અને થોડું ભથ્થું તો નજીવી રકમ કહેવાય. આ ઈન્સેન્ટિવ સિસ્ટમ જ ઝડપી ડિલિવરી માટે આ કામદારોને દોડવા મજબૂર કરે છે. આ તમામ બાબતે હવે જાગૃતિની આવશ્યકતા છે. આવી ઘર સુધીની સેવા, આ કામદારો શહેરીજીવનનો તો અભિન્ન હિસ્સો બની ગયા છે. તેમની સુખાકારી અને સમાધાન માટે સૌએ સાથે મળીને વિચારવું રહ્યું.

# ટેરિફ ટ્રમ્પનું હથિયાર

રશિયાનાં ક્રૂડતેલની ખરીદીના મામલે ભારત સહિતના દેશોને ધમકી આપતા રહેલા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હાલ મસમોટા ટેરિફને વધારીને ૫૦૦ ટકા કરવાની ધમકી આપીને ભારે હલચલ મચાવી છે. એક તરફ ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરારની વાટાઘાટો નિર્ણાયિક તબક્કે હોવાના સંકેતો વચ્ચે ટ્રમ્પે આપેલી આ ધમકીની અસર ભારતીય શેરબજારો પર તરત વર્તાઈ છે. રશિયા પર કડક પ્રતિબંધ લાદવાને લગતા ખરડાને ટ્રમ્પે બહાલી આપી દીધી છે અને આગામી સપ્તાહે અમેરિકાની સંસદ તેના પર મતદાન કરે એવી શક્યતા છે. આ ખરડામાં રશિયા પાસેથી ક્રૂડતેલ ખરીદતા ભારત સહિતના દેશોની સામે ૫૦૦ ટકાનો તોતિંગ ટેરિફ લાદવાની જોગવાઈ છે. રશિયાને યુક્રેન સામેના જંગમાં આર્થિક રીતે નબળું પાડવાનો એજન્ડા ધરાવતા અમેરિકાના નિશાને ભારત ઉપરાંત ચીન અને બ્રાઝિલ છે. આમ તો ટ્રમ્પનો નવો ખરડો એકતરફી અને આંતરરાષ્ટ્રીય નિયમોની વિરુદ્ધનો છે, પણ છેલ્લા ઘણા સમયથી વૈશ્વિક સ્થિરતા અને ધોરણોની પરવાહ કર્યા વગર જે રીતે અમેરિકાના રાષ્ટ્રપતિએ વિવિધ સ્તરે પગલાં લીધા છે તેની ચોમેર ટીકા પણ થઈ રહી છે. વેનેઝુએલા પર રાત વચ્ચે હુમલો અને હવે ગ્રીનલેન્ડ પર કબજા માટે વધારાઈ રહેલાં દબાણથી દુનિયાના દેશો ક્ષુબ્ધ છે. યુક્રેનના જંગને રોકવા મથી રહેલા અમેરિકા અને યુરોપના દેશોને હજી સફળતા મળી નથી. આવામાં ટ્રમ્પ હવે પોતાની નિષ્ફળતાનો ટોપલો બીજા પર ઢોળવા હવાતિયાં મારી રહ્યા છે. આ નવો ખરડો આવા હવાતિયાંનો એક ભાગ હોવાનું સ્પષ્ટ રીતે જણાઈ રહ્યંઅ છે. યુક્રેનના જંગનો મામલો એટલો બધો મુશ્કેલ બની ગયો છે કે, તેના ઉકેલનો કોઈ માર્ગ વિશ્વને જણાતો નથી. આમ તો ગયા મહિને અમેરિકાએ ફ્લોરિડામાં યુક્રેન, રશિયા અને યુરોપના પ્રતિનિધિઓ વચ્ચે અલગ-અલગ મંત્રણા કરી હતી, પણ યુક્રેનને સલામતીની ગેરંટી આપવાના મામલે વાત વધુ ગુંચવાઈ છે. એક તરફ બ્રિટન અને ફ્રાંસે શાંતિ સમજૂતી બાદ યુક્રેનમાં પોતાના દળો તૈનાત કરવાની સંમતિ આપી છે, પણ આ વાત રશિયાને સ્વીકાર્ય નથી અને તેણે યુક્રેન પર હુમલા વધારીને પોતાનો ઈરાદો છતો કરી નાખ્યો છે. રશિયા કોઈ પણ હિસાબે નમતું જોખે તેમ ન હોવાનું બરાબર સમજતા ટ્રમ્પે ફરી એક વખત તેમના સરળ હાથવગા ઉપાયને અજમાવવાનું પસંદ કર્યું છે. રશિયાનાં તેલની ખરીદી કોઈ પણ હિસાબે અટકાવવાની વ્યૂહરચના વધુ તીવ્ર બનાવવા ટ્રમ્પ ફરી સક્રિય બન્યા છે, પણ આ દબાણ ખેરેખર તો અમેરિકાને પોતાને આર્થિક મોરચે નુકસાન કરી શકે તેમ હોવાનું અત્યાર સુધીના અનુભવ પરથી જણાઈ આવે છે. વળી અત્યાર સુધીના ટેરિફથી ભારતને કોઈ નોંધપાત્ર નુકસાન થયું હોવાનું જણાતું ન હોવાને લીધે શક્ય છે કે, હવે ટેરિફ વધારવાની ધમકી આપવા ટ્રમ્પ સરકાર સક્રિય બની છે. એક તરફ ટ્રમ્પે પોતે સ્વીકાર્યું છે કે, ભારતે રશિયાના ક્રૂડતેલની ખરીદી બહુ ઓછી કરી નાખી છે. આવામાં હવે ૫૦૦ ટકા ટેરિફની ધમકી ખરા અર્થમાં બિનજરૂરી જણાઈ રહી છે. ભારતે વાશિંગટનને ખરી હકીકતથી માહિતગાર કરવા રાજદ્વારી ઉપાયોને વધુ અસરકારક બનાવવા પર તાકીદે ધ્યાન આપવાની જરૂરત છે.

### હમણાં ઓપરેશન સિંદૂર વખતે પણ આપણે પાકિસ્તાનને હરાવી રહ્યા હતા

# પીઓકે હોય કે શક્સગામ ખીણ, પાછું લેવા મર્દાનગી બતાવવી પડે

## ચીનને તો આપણે પડકારી શકીએ એવી સ્થિતિમાં જ ક્યારેય આવી શકીશું કે કેમ તેમાં જ શંકા છે.

ભાજપના નેતાઓએ ચાઈનીઝ કોમ્યુનિસ્ટ પાર્ટી (સીસીપી)ના પ્રતિનિધીમંડળને દિલ્લીમાં પોતાના હેડક્વાર્ટરમાં નોંતરીને પરોણાગત કરી તેના કારણે શક્સગામ ખીણનો વિવાદ પાછો ચર્ચામાં છે. સામ્યવાદી ચીન ભાજપના હેડક્વાર્ટરમાં બેસીને જમી રહ્યા હતા એ પહેલાં ચીને ગેરકાયદેસર રીતે પચાવી પાડેલો શક્સગામ ખીણ વિસ્તાર પોતાનો હોવાનો દાવો કરેલો. ભાજપના બેશરમ નેતા તો ચીનાઓ સામે કશું બોલ્યા નહીં પણ આપણા આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ શક્સગામ ખીણ વિસ્તાર ભારતનો જ છે અને ચીનનો તેના પર કોઈ અધિકાર નથી એ વાત દોહરાવી છે. ભારત સરકારે અઠવાડિયા પહેલાં જ શક્સગામ ખીણમાં ચીન દ્વારા કરાઈ રહેલા બાંધકામ સામે વાંધો લીધેલો. આર્મી ચીફે પણ એ જ વાંધાનું પુનરાવર્તન કર્યું છે.ચીન શક્સગામ ખીણના વિસ્તારને બથાવીને બેસી ગયું તેના મૂળમાં ૧૯૬૩નો ચીન-પાકિસ્તાન સીમા કરાર છે. પાકિસ્તાનના સરમુખત્યાર અય્યુબખાને ચીનની સરકાર સાથે કરેલા કરાર હેઠળ કાશ્મીરમાં પાકિસ્તાન અને ચીન વચ્ચેની સરહદ નક્કી કરાઈ છે અને આ વિસ્તારમાં ક્યો પ્રદેશ કોનો એ પણ નક્કી કરાયું હતું. ૧૯૫૯માં ચીને બહાર પાડેલા નકશામાં પાકિસ્તાનના કેટલાક વિસ્તારોને પોતાના બતાવેલા. તેની સામે અય્યુબ ખાને વાંધો લીધેલો પણ ચીને તેમને ગણકાર્યા નહોતો. ૧૯૬૦માં પાકિસ્તાને યુનાઈટેડ નેશન્સમાં ચીનની તરફેણમાં મતદાન કર્યું પછી ચીનને હેત ઉભરાયું તેથી પાકિસ્તાન સાથે કરાર કરી નાંખ્યો. આ કરાર ગેરકાયદે છે કેમ કે ચીન અને પાકિસ્તાન બંનેએ તેમનો કોઈ અધિકાર જ નથી એવા ભારતના વિસ્તારોની પણ ભાગબટાઈ આ કરાર હેઠળ કરી લીધી છે. જવાહરલાલ નહેરૂની સરકારે કરાર સામે વિરોધ કરેલો પણ નહેરૂ પાસે મર્દાના મિજાજ નહોતો તેથી વાંઝણા વિરોધ સિવાય કશું ના કર્યું.દુનિયામાં બળિયાના બે ભાગ હોય છે. જે લડવા મેદાનમાં ઉતરે તેની સામે સૌ નમે પણ નહેરૂ પાસે એ મિજાજ જ નહોતો તેથી પાકિસ્તાન અને ચીને તેમના વિરોધને ઘોળીને પી જઈને ભારતનો હરામખોરી કરીને પચાવી પાડેલો લગભગ સવા લાખ ચોરસ કિલોમીટર જેટલો વિસ્તાર અંદરોઅંદર વહેંચી લીધો. તેમાં કાશ્મીરનો ૮૩ હજાર ચોરસ કિલોમીટરનો અને અક્સાઈ ચીનનો લગભગ ૪૦ હજાર ચોરસ કિલોમીટરનો વિસ્તાર આવી ગયો. એ વખતે પાકિસ્તાને શક્સગામ ખીણ વિસ્તાર તેના બાપનો માલ હોય એ રીતે ચીનને આપી દીધો હતો.પાકિસ્તાને ૧૯૪૭માં જમ્મુ અને કાશ્મીરમાં આશરે ૮૩ હજાર ચોરસ કિલોમીટર ભારતીય પ્રદેશ પર ગેરકાયદે અને બળજબરીથી કબજો જમાવ્યો હતો. પીઓકે, ગિલગિટ-બાલ્ટિસ્તાન સહિતના વિસ્તારો બથાવીને બેઠેલા પાકિસ્તાને આ સીમા કરાર હેઠળ, શક્સગામ ખીણની ૫૧૮૦ ચોરસ કિલોમીટર જમીન ચીનને આપી દીધેલી જ્યારે બાકીની જમીન પોતાની પાસે રાખી.ચીન અક્સાઈ ચીન તો બથાવીને બેઠેલું જ ને પાકિસ્તાને વધારાની જમીન આપી તેથી ભારતનો લગભગ ૪૨ હજાર ચોરસ કિલોમીટર વિસ્તાર ચીનના કબજામાં છે. આ પૈકી મોટો વિસ્તાર અક્સાઈ ચીનનો છે. ૧૯૪૭માં ભારત અસ્તિત્વમાં આવ્યું ત્યારે અક્સાઈ ચીનનો પ્રદેશ કોનો તેની કોઈ સ્પષ્ટતા નહોતી. અંગ્રેજોએ ભારત અને ચીન વચ્ચેની સરહદ નક્કી ના કરી તેના કારણે આ પ્રદેશ વિવાદાસ્પદ હતો. દેશ આઝાદ થયો ત્યારે ભારતે અક્સાઈ ચીન કાશ્મીર રાજ્યનો ભાગ હોવાનો દાવો કરેલો પણ ચીને અક્સાઈ ચીન પોતાના ઝિન્જીયાન્ગ પ્રાંતનો હિસ્સો હોવાનું જાહેર કરીને તેના પર કબજો કરી લીધો.નહેરુ દમ વિનાના હતા તેથી ચીનને રોકી ના શક્યા તેમાં અક્સાઈ પણ આપણે ખોયું. ચીને પચાવી પાડેલા તિબેટ અને ઝિન્જીયાન્ગને જોડતા અક્કસાઈ ચીનમાં ચીને રસ્તો બનાવ્યો તેમાં ૧૯૬૨માં ભારત-ચીન યુદ્ધ થઈ ગયેલું. આ યુદ્ધમાં આપણે ખરાબ રીતે હાર્યા પછી અક્સાઈ ચીન પાછું લેવાની રહીસહી આશા પણ જતી રહી. અક્સાઈ ચીનના વિવાદમાં પાકિસ્તાન તો પહેલેથી ચિત્રમાં નહોતું છતાં ૧૯૬૫માં પાકિસ્તાને ચીન તરફ મિત્રતાનો દાવો કરીને આ વિસ્તાર પર ચીનના કબજાને માન્ય રાખ્યો છે.

લગિટ-બાલ્ટિસ્તાનની નજીક આવેલો અક્સાઈ ચીન ૩૭,૨૪૪ ચોરસ કિલોમીટર વિસ્તાર ધરાવે છે. મીઠાની સપાટ ભૂમિનો વિશાળ રણપ્રદેશ ધરાવતું અક્સાઈ ચીન સમુદ્ર સપાટીથી આશરે ૫,૦૦૦ મીટરની ઊંચાઈએ છે. આ પ્રદેશમાં મોટા ભાગે આદિવાસીઓની વસતી છે. બર્ફીલી પહાડીઓ પરનો વિસ્તાર હોવાથી બહુ લોકો રહેતાં નથી અને છૂટાછવાયા સંખ્યાબંધ સ્થાનિક આદિવાસીઓના કબિલા છે. ચીને કબજો કર્યો પછી પોતાના સૈનિકો અને અધિકારીઓને ઠરીઠામ કર્યા છે પણ આદિવાસીઓ અને ચીનાઓની મળીને પણ માંડ દસ લાખની વસતી છે. આ વિસ્તાર વ્યૂહાત્મક રીતે મહત્ત્વનો છે તેથી ચીન ત્યાં મોટા પ્રમાણમાં બાંધકામ કર્યા જ કરે છે. આપણે શક્સગામની વાત કરીએ છીએ પણ અક્સાઈ ચીન વિશે તો કશું બોલતા જ નથી.

ને ભારતનો મોટો વિસ્તાર કબજો કર્યો તેમાં હાલની નરેન્દ્ર મોદી સરકારનો વાંક નથી. રાહુલ ગાંધી ચીને ભારતનો મોટો પ્રદેશ ૨૦૨૦ પછી કબજે કર્યો હોવાના દાવા કરે છે પણ સત્તાવાર રીતે આ વાતનો સ્વીકાર કરાતો નથી તેથી તેની વાત માંડવાનો મતલબ નથી. ચીને જે પ્રદેશ બથાવ્યો એ નહેરૂના સમયમાં બથાવેલો તેથી નહેરૂ જ તેના માટે દોષિત ગણાય પણ નહેરૂ પછી આવેલી સરકારોએ આ પ્રદેશો પાછો મેળવવા કશું ના કર્યું તેથી એ લોકો પણ નહેરૂની જમાતના જ કહેવાય. તેમાં ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, અટલ બિહારી વાજપેયી, ડો. મનમોહનસિંહ, નરેન્દ્ર મોદી સહિતના બધા વડા પ્રધાનો આવી ગયા. નહેરુ ચીનને કબજો કરતાં રોકી ના શક્યા ને તેમના પછીના વડા પ્રધાનો ચીને લુખ્ખાગીરી કરીને ચીને બથાવી પાડેલું એ પાછું ના મેળવી શક્યા.

આપણે અક્સાઈ ચીન, પીઓકે, શક્સગામ ખીણ સહિતના મુદ્દે સમયાંતરે નિવેદનો ફટકારીએ છીએ પણ તેનાથી આગળ કશું કરતા નથી કેમ કે આપણામાં ચીન સામે ભિડાવાની તાકાત નથી. આપણું આર્મી મરદની ભાષા બોલે છે પણ ખાલી આર્મીના મર્દાના મિજાજથી કશું ના થાય. શાસકો મરદ જોઈએ તો આપણો પ્રદેશ પાછો મળે. કમનસીબે અત્યાર લગી આ દેશને એવા મરદ કોઈ વડા પ્રધાન મળ્યા નથી. બલકે એવા વડા પ્રધાનો મળ્યા કે જેમની પાસે કમ સે કમ પાકિસ્તાન પાસેથી તો કાશ્મીરનો પ્રદેશ પાછો મેળવવાની તક હતી જ પણ એ તકને ના ઝડપી શક્યા. ૧૯૬૫, ૧૯૭૧ અને ૧૯૯૯ના યુદ્ધમાં આપણે પાકિસ્તાનને હરાવ્યું ત્યારે કાશ્મીરના કંકાસનો કાયમી નિવેડો લાવી દેવાની તક હતી જ પણ આપણા શાસકો દુનિયાના દાદા જેવા દેશો સામે ઝૂકી ગયેલા તેમાં કાશ્મીર પાછું ના આવ્યું.

### આ લાયકાત વિનાના ડોક્ટરો રીતસર કાળો કેર વર્તાવી શકે કેમ કે મેડિકલ વ્યવસાય કંઈ કરિયાણાની દુકાન ખોલવાનો ધંધો નથી

# પીજી મેડિકલમાં માઈનસ ૪૦ ગુણે એડમિશનથી કેવા ડોક્ટરો બનશે?

- શાસકોએ થોડી તેમની પાસે સારવાર કરાવવાની છે? તેમના માટે તો સરકારી ને ખાનગી હોસ્પિટલોના ખ્યાતનામ નિષ્ણાતો ખડે પગે હાજર છે. જે કિંમત ચૂકવશે એ સામાન્ય લોકો ચૂકવશે.

અમેરિકા અને ઈરાન વચ્ચે જામેલા જંગથી માંડીને સામ્યવાદી ચીના ભાજપની પરોણાગત માણવા ગયા ત્યાં સુધીના સમાચારોના કારણે અત્યારે રાજકીય રીતે ગરમીનો માહોલ છે તેથી એક મહત્ત્વના સમાચાર તરફ લોકોનું ધ્યાન નથી ગયું. ભારતમાં મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (નીટ) લેવાય છે. અંડર ગ્રેજ્યુએટ એટલે કે એમબીબીએસ સહિતના કોર્સ માટેની પરીક્ષા નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) લે છે જ્યારે એમડી, એમએસ સહિતના પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ માટેની પરીક્ષા નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન ઈન મેડિકલ સાયન્સ લે છે. હમણાં એનબીઈએમએસ એ મેડિકલના પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સમાં પ્રવેશ માટે લેવાતીનીટ પીજી ૨૦૨૫ના ક્વોલિફાઈંગ પર્સન્ટાઈલની જાહેરાત કરી. આ જાહેરાત પ્રમાણે, સામાન્ય કેટેગરી માટે કટ-ઓફફ ૫૦ પર્સન્ટાઈલથી ઘટાડીને ૭ પર્સન્ટાઈલ કરી દેવાયો છે જ્યારે અનુસૂચિત જાતિ (એસસી) અનુસૂચિત જનજાતિ (એસટી) અને અધર બેકવર્ડ ક્લાસ (ઓબીસી) સહિતની અનામત કેટેગરી માટે કટ-ઓફ ૪૦થી ઘટાડીને 'શૂન્ય' કરી દેવાયા છે. મેડિકલના પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સમાં પ્રવેશ માટે લેવાતી નીટ પીજીમાં કુલ ૮૦૦ માર્ક્સ હોય છે. નવાં ધારાધોરણ પ્રમાણે, જનરલ કેટેગરીમાં ૮૦૦માંથી ૧૦૩ માર્ક્સ મેળવનારને જ્યારે અનામત કેટેગરીમાં તો માઈનસ ૪૦ સ્કોર મેળવનારા ડોક્ટરો પણ પોસ્ટ ગ્રેજ્યુએશનમાં એડમિશન માટે લાયક ઠરશે. પહેલાં જનરલ કેટેગરીમાં ૮૦૦માંથી ૨૭૬ માર્ક્સ હોય અને અનામત કેટેગરીમાં ૨૩૫ માર્ક્સ હોય તો જ એડમિશન માટે અરજી કરી શકાતી. હવે જનરલ કેટેગરીમાં પહેલાં કરતાં ૪૦ ટકા માર્ક્સ હશે તો પણ એડમિશન મળશે જ્યારે અનામત કેટેગરીમાં તો એક પણ માર્ક લાવવાની પણ જરૂર નથી. ખાલી પોસ્ટ ગ્રેજ્યુએશન માટેની પરીક્ષા આપી આવ્યા હોય ને પેપર કોં મૂકી આવ્યા હોય તેમને પણ એડમિશન મળી જશે. બલકે દોઢ ડાહ્યા થઈને ના આવડતું હોય છતાં અડસટ્ટે થોડા સવાલોના જવાબો લખી દીધા હોય તેમાં માઈનસ ૪૦ સુધી માર્ક્સ આવી ગયા હશે તો પણ એડમિશન મળી જશે. નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન ઈન મેડિકલ સાયન્સ (એનબીઈએમએસ) કેન્દ્ર સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયના તાબા હેઠળ કામ કરે છે પણ સ્વાયત્ત સંસ્થા છે. આ કારણે આ નિર્ણય કેન્દ્ર સરકારે લીધો હોવાનું સીધું આળ મૂકી ના શકાય પણ કેન્દ્ર સરકારની તાબેદાર સંસ્થાઓ કેટલી સ્વાયત્ત છે એ સૌ જાણે જ છે. આ સંજોગોમાં આ નિર્ણય પાછળ કેન્દ્ર સરકારનો દોરીસંચાર છે એ પણ સ્પષ્ટ છે. કેન્દ્ર સરકારે કોના લાભાર્થે આ નિર્ણય લીધો એ પણ સ્પષ્ટ છે. મેડિકલના પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સિઝમાં ગયા વરસે ૧૮,૦૦૦ થી વધુ બેઠકો ખાલી રહી હતી. આ બેઠકો ભરવા માટે કેન્દ્ર સરકારના ઈશારે કટ ઓફ માર્ક્સમાં જ ઘટાડો કરી દેવાયો. ખાલી રહેલી બેઠકો ભરાશે તેથી પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સ ચલાવતી કોલેજોને રોકડી થશે. ભારતમાં મેડિકલ પોસ્ટ ગ્રેજ્યુએશનના કોર્સ સરકારી અને ખાનગી બંને કોલેજોમાં ચાલે છે તેથી સરકારોને પણ આવક થશે ને ખાનગી કોલેજોના સંચાલકોને પણ આવક થશે.કેન્દ્ર સરકારે આવકના ચક્કરમાં કટ ઓફ માર્ક્સ ઘટાડી દીધા તેના કારણે શું અસર થશે એ વિશે વિચારવાની જરૂર છે. શૈક્ષણિક નિષ્ણાતોનું માનવું છે કે, ક્વોલિફાઈંગ સ્કોર એકદમ ઓછો રાખવાથી કોઈ પણ વ્યક્તિ મેડિકલના પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સમાં એડમિશન મેળવી શકશે અને તેના કારણે ડોક્ટરોનું સ્તર ખૂબ નીચું જશે.નીટ-પીજીમાં જેમને ૧૦૩ માર્ક્સ આવ્યા હોય એવા એમબીબીએસ થયેલા ડોક્ટરો બહુ હોંશિયાર ના હોય ને જેમને માઈનસ ૪૦ સુધી માર્ક્સ સુધી આવ્યા હોય તેમના સ્તર વિશે તો કશું કહેવા જેવું જ નથી. અત્યાર લગી આવા ડોક્ટરોને પોસ્ટ ગ્રેજ્યુએશન માટે લાયક જ નહોતા ગણવામાં આવતા. હવે અચાનક સરકાર રીઝીને તેમને સ્પેશિયાલિસ્ટ ડોક્ટર બનાવી દેશે એવા ડોક્ટરોનો ફાલ ઉતરશે કે જેમનામાં કોઈ લાયકાત જ ના હોય.આ લાયકાત વિનાના ડોક્ટરો રીતસર કાળો કેર વર્તાવી શકે કેમ કે મેડિકલ વ્યવસાય કંઈ કરિયાણાની દુકાન ખોલવાનો ધંધો નથી પણ એવો વ્યવસાય છે કે જેનો સીધો સંબંધ માણસની જીંદગી સાથે છે. તેમાં પણ પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલા ડોક્ટરો સ્પેશિયાલિસ્ટ કહેવાય છે અને તેમની પાસે તો મોટા ભાગે ગંભીર બીમારીઓના દર્દી જ આવતા હોય છે. તો એ ગંભીર રોગની સર્જરી કરવાની હોય, સામાન્ય ડોક્ટર ના પકડી શકતો હોય એવો કોઈ ગંભીર રોગ થઈ ગયો હોય એવા દર્દીઓ સ્પેશિયાલિસ્ટ પાસે આવે છે. હવે માંડ માંડ એમબીબીએસ થયેલો ડોક્ટર સ્પેશિયાલિસ્ટ બને પછી એ કઈ રીતે સર્જરી કરી શકવાનો કે કઈ રીતે સાચું નિદાન કરી શકવાનો? એ દર્દીઓ પર અખતરા જ કરવાનો ને તેના કારણે દર્દીઓના જીવ જોખમમાં મૂકાશે. આ નિર્ણય દ્વારા દર્દીઓના જીવન સાથે ખતરનાક રમત રમાઈ રહી છે પણ કેન્દ્રની મોદી સરકારને તેની કશી પડી નથી. આમ પણ જે દેશના શાસકો યુવાનોને પકોડા તળીને કે મગફળી વેચીને કે રીલ્સ બનાવીને રોજગારી કમાવવાની સલાહ આપતા હોય તેમની પાસેથી શું અપેક્ષા રાખી શકો?મોદી સરકારે પહેલાં જ મતબેંકના રાજકારણને વાસ્તે પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલ કોર્સીસમાં ઓબીસી અનામતનું લઠ્ઠું ઘૂસાડ્યું જ છે. તેના કારણે સ્તર નીચું ગયું જ છે ને હવે વધારે નીચું જશે. પહેલાં પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ કોર્સમાં એડમિશન માટે ઓલ ઈન્ડિયા કોટામાં માત્ર અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી) કેટેગરીના વિદ્યાર્થીઓ માટે જ અનામત હતી.આ બંને માટે થઈને ૨૨.૫ ટકા બેઠકો અનામત હતી. મોદી સરકારે ૨૦૨૨થી તેમાં ૨૭ ટકા ઓબીસી ને ૧૦ ટકા ઈડબલ્યુએસ અનમાત ઉમેરતાં ઓલ ઈન્ડિયા ક્વોટા હેઠળની મેડિકલ કોલેજોની બેઠકોમાં ૬૦ ટકા જેટલી બેઠકો અનામત થઈ જ ગઈ છે. આ નિર્ણયના જનરલ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકાની આસપાસ બેઠકો થઈ ગઈ છે. આ સંજોગોમાં જનરલ કેટેગરી માટે કટ-ઓફફ નીચા લવાયા તેના કારણે બહુ ફરક નહીં પડે પણ અનામત કેટેગરીમાં કટ ઓફ ઓછા કરાયા તેના કારણે હવે ગમે તે આલિયા, માલિયા, જમાલિયા સ્પેશિયાલિસ્ટ બની જશે. તેમના અણઘડપણાને કારણે જીવ જશે તો લોકોના જશે,

### મતદારોના નિરુત્સાહ માટે નેતાઓ જવાબદાર છે. મહાયુતિ અને વિકાસ આઘાડી-બંને છાવણીઓમાં એકતાનો અભાવ પહેલા દિવસથી જ દેખાયો હતો.

# મતદાનમાં શા માટે ઉત્સાહનો અભાવ

- **મહાયુતિમાં અજિત પવાર બ્લેકશિપ હોવાની સૌને ખાતરી હતી. એમણે શરદ પવાર સાથેના સંબંધ સુધારીને ભવિષ્યનો અણસાર આપ્યો. શિંદેસેનાએ પણ અંબરનાથ અને અન્ય બેઠકોમાં વ્યૂહ બદલ્યા. મૂળ શિવસેનાના કાર્યકરો સામસામે આવી ગયા. હિંસાખોરી પણ થઈ. આ તમાશો જોઈને મરાઠી મતદારો પણ નિરાશ થયા હશે.**

મુંબઈ સુધરાઈની ચૂંટણીમાં ઉત્સાહનો અભાવ કેમ હતો તેનાં કારણો જાણવા ઊંડી તપાસની જરૂર નથી. નેતાઓ જાણતા જ હશે. મુંબઈના મતદારોએ વર્તમાન રાજકારણ સામે અણગમો વ્યક્ત કર્યો હોય તો તે સ્વાભાવિક છે. નવ વર્ષ પહેલાં સુધરાઈની ચૂંટણીમાં પંચાવન ટકા મતદાન થયું હતું અને આ વખતે વધુ થશે એવી આશા, અપેક્ષા હતી. હવે ઘટેલા મતદાનમાં સ્પષ્ટ જનાદેશ હશે? મુંબઈ સુધરાઈ સ્થિરતા ભોગવશે કે પછી ત્રિશંકુ હાલત હશે? આ પ્રશ્નો મતદાનનો સમય લગભગ પૂરો થવા આવ્યો ત્યાં સુધી ઊઠી રહ્યા હતા. છતાં મુંબઈના વિકાસના હિતમાં સુધરાઈના નવા શાસકો કામ કરી શકશે એવી આશા રાખીએ.

મતદારોના નિરુત્સાહ માટે નેતાઓ જવાબદાર છે. મહાયુતિ અને વિકાસ આઘાડી-બંને છાવણીઓમાં એકતાનો અભાવ પહેલા દિવસથી જ દેખાયો હતો. કોણ કોની સામે છે - કે સાથે છે તે પારખવું મુશ્કેલ હતું. કૉંગ્રેસે શરૂઆતથી જ છેડો ફાડયો અને અલગ ચૂંટણી લડવાની જાહેરાત કરી. વંચિત બહુજન આઘાડીના પ્રકાશ આંબેડકર કૉંગ્રેસ સાથે રહ્યા હોવા છતાં એમનો અસંતોષ અને રોષ જાહેરમાં ભભૂકતો હતો! ઠાકરે બંધુઓની એકતા પ્રદર્શિત થઈ હોવા છતાં કાર્યકરોને ખાતરી ન હતી. રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેએ મુંબઈ અને મરાઠી માણૂસના ભવિષ્યનો મુદ્દો કેન્દ્રમાં રાખ્યો અને તેના જવાબમાં ભાજપે - મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે 'હિન્દુત્વ' અને મરાઠી-હિન્દુ મેયર બનશે - એમ કહ્યું. કોમવાદ સામે ધર્મવાદ પણ ઝળક્યો.

મહાયુતિમાં અજિત પવાર બ્લેકશિપ હોવાની સૌને ખાતરી હતી. એમણે શરદ પવાર સાથેના સંબંધ સુધારીને ભવિષ્યનો અણસાર આપ્યો. શિંદેસેનાએ પણ અંબરનાથ અને અન્ય બેઠકોમાં વ્યૂહ બદલ્યા. મૂળ શિવસેનાના કાર્યકરો સામસામે આવી ગયા. હિંસાખોરી પણ થઈ. આ તમાશો જોઈને મરાઠી મતદારો પણ નિરાશ થયા હશે.

છેલ્લા દિવસોમાં ઓવૈસી પિતા-પુત્ર મેદાનમાં આવ્યા અને નિલેશ રાણે સાથે અભદ્ર જીભાજોડી થઈ. આ વિવાદ અને વિખવાદમાં મુંબઈનો વિકાસ અને મુંબઈકર - મરાઠી માણૂસનાં હિત પણ વીસરાયાં. મહાનગરના ચૂંટણી પ્રચારમાં મુંબઈનું અવમૂલ્યન થયું છે. મુંબઈ મહાપાલિકા - સુધરાઈની ચૂંટણી ઉપર રાષ્ટ્રની નજર હંમેશ હોય છે. દેશના વ્યાપાર - આર્થિક પાટનગર ગણાતા મુંબઈનું મહત્ત્વ નવી દિલ્હીથી ઓછું નથી. વિશ્વના મોટા અર્થતંત્રમાં ચોથું સ્થાન મેળવનાર મુંબઈની ચૂંટણીનાં પરિણામ ઉપર સૌની નજર અને આધાર હોય તે સ્વાભાવિક છે : પણ ચૂંટણીના પ્રચારમાં નેતાઓએ મુંબઈ અને મુંબઈકરનાં જીવનધોરણ આસાન અને આરામદાયક બનાવવાને બદલે મહારાષ્ટ્રમાંથી મુંબઈ ચોરાઈ જવાનો - અલગ થવાનો રાજકીય 'હાઉ' ઊભો કર્યો. વાસ્તવમાં મુંબઈનું અવમૂલ્યન કરી નાખ્યું અને આ માટે મુંબઈમાં લોકશાહી ઉપર નાણાશાહી હાવિ થઈ ગઈ! લોકતંત્રનું સ્થાન નાણાતંત્રે લઈ લીધું. વોટ માટે રોકડ 'કૅશ ફૉર વોટ' ઉપરાંત રેવડી બજાર ધમધમવા લાગ્યાં. જનકલ્યાણની યોજનાઓના નામે જે વચનો જાહેર થયાં - બેસ્ટની બસનાં ભાડાંમાં પચાસ ટકા કન્સેશનથી લઈને મહિલાઓને વ્યાજમુક્ત પાંચ લાખની લોન, ઘરકામ કરનારાને માસિક આર્થિક સહાય, વીજળીનાં બિલ ઉપર રાહત, પ્રૉપર્ટી ટૅક્સમાં રાહત વગેરે... આ યાદી લાંબી છે. આવી છૂટછાટો નવી વાત નથી. ટ્રાન્સપોર્ટ, સ્વાસ્થ્ય અને શિક્ષણમાં રાહત અપાય તે જરૂરી છે પણ એ સુધરાઈ દ્વારા નાણાં બૅન્કમાં જમા કરવાની શરૂઆત થાય તે ગંભીર બાબત છે. નોંધપાત્ર છે કે સુધરાઈ 'સરકાર' નથી અને સુધરાઈ માટેનાં ચૂંટણી ઘોષણાપત્રો-વચનો સરકારી 'બજેટ' નથી કે તેમાં નાણાકીય જોગવાઈ થાય! સુધરાઈએ પ્રૉપર્ટી ટૅક્સ તથા અન્ય સર્વિસ ટૅક્સની આવક ઉપર આધાર રાખવાનો હોય છે. ચૂંટણી સંબંધિત વચનો અપાયાં હોય તેના અમલની ખાતરી કોણ આપે? અને વધુ ગંભીર બાબત એ છે કે આ વચનોની સ્પર્ધા થાય, હોડ લાગે તેથી નાણાંની રકમ વધતી જાય. ચૂંટણીમાં મુખ્ય મુદ્દો જન-જીવન સુધારાનો હોવો જોઈએ પણ હવે 'રાહતોની હરાજી' થઈ રહી હોય એવો ઘાટ છે. લોકો - મતદાતાઓને પુછાતું નથી કે તમારે કેવું મુંબઈ જોઈએ -? નેતાઓએ લોકોને યાચક - ભિખારી બનાવી દીધા છે! જનજીવન માટે સામાન્ય ગણાય તેવી 'સેવાઓ'માં નાણાકીય રાહત તથા બૅન્ક ખાતામાં નાણાં ટ્રાન્સફર કરવાનાં વચનો અપાય છે! હવે ચૂંટાયેલા પ્રતિનિધિઓ મહાનગરમાં સુધારા ક્યારે કરે છે તે જોવાનું છે. બેસ્ટ-બસ સેવા, કાર પાર્કિંગ, ફેરિયાઓ બાબત કાયમી નીતિ, રિડેવલપમેન્ટ અને પાઘડી સિસ્ટમ, માર્ગો પરના ખાડા, બાંધકામ, હવા-પાણીના પ્રદૂષણ વગેરે સમસ્યાઓનું નિરાકરણ તાત્કાલિક શરૂ થાય એવી અપેક્ષા મુંબઈકરની છે. મહાનગર મુંબઈની શાન-બાન પાછી લાવવાનો પડકાર છે. મુંબઈ, મરાઠી માણૂસ અને ભાષાનું ગૌરવ વધે તે દિશામાં સકારાત્મક પગલાં ભરવાની જરૂર છે. વિશ્વમાં ભારતીય અર્થતંત્રના નામે ડંકા વગડે તેમાં મુંબઈનો ધ્વનિ સંભળાય અને પડઘા પડે એવી અપેક્ષા મહારાષ્ટ્રની અને રાષ્ટ્રની છે. હવે રાજકીય મતભેદ ભૂલીને મહાનગરને ફરીથી 'મહાન' બનાવીએ...

# આમિર-રાજકુમાર હિરાનીની દાદાસાહેબ ફાળકે બાયોપિક ફિલ્મ પડતી મુકાવાની વાત અફવા



આમિર ખાન અને રાજકુમાર હિરાની દાદાસાહેબ ફાળકે પરની બાયોપિકનું શૂટિંગ શરૂ કરવા માટે હવે તૈયાર છે. અગાઉ આ અંગે સમયાંતરે અલગ અલગ અહેવાલો ફરતા રહ્યા છે, જે મુજબ ફિલ્મ પડતી મુકાયાની ચર્ચા હતી. પરંતુ હવે આ અહેવાલો અફવા સાબિત થયા છે. આમિર ખાન અને ડિરેક્ટર રાજકુમાર હિરાની ભારતીય સિનેમાનાં પિતા તરીકે ઓળખાતા દાદાસાહેબ ફાળકે પરની તેમની આવનારી બાયોપિકનું શૂટિંગ શરૂ કરવાની તૈયારીમાં છે અને તેનું પ્રોડક્શન માર્ચ ૨૦૨૬માં શરૂ કરવાની ગણતરી છે. ઘણા વર્ષોથી જેના પર વિચાર થઈ રહ્યો હતો એવો આ પ્રોજેક્ટ ઐતિહાસિક ઊંડાણ જાળવી રાખીને ફાળકેની કહાનીને આજના દર્શકો સુધી પહોંચાડવાના હેતુથી બની રહી છે.

આ અંગેના તાજેતરના અહેવાલો મુજબ વાર્તાની પ્રામાણિકતા અને ભાવનાત્મક બાબતો જાળવવી પ્રોડક્શન ટીમ માટે સૌથી મહત્વની વાત છે. ફિલ્મની તૈયારીમાં એક મહત્વપૂર્ણ બાબત સ્ક્રિપ્ટનો નવો ડ્રાફ્ટ તૈયાર કરવાની છે, જેના પર હિરાની હાલ કામ કરી રહ્યા છે.હિરાની લગભગ ચાર વર્ષથી સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યા છે, જેમાં અનેક લેખકો જોડાયેલા છે, રાજકુમાર હિરાની અભિજાત જોશી, હિંદુકુશ ભારદ્વાજ અને અવિષ્કાર ભારદ્વાજ સાથે મળીને સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યા છે. તેનો હેતુ દાદાસાહેબ ફાળકેના વારસાને યોગ્ય ન્યાય આપવાનો અને ભારતીય સિનેમામાં તેમના યોગદાનને ઉજાગર કરવાનો છે.ઐતિહાસિક ઘટનાઓની ચોકસાઈ તેમજ આધુનિક સમયની ફિલ્મ સ્ટાઈલ વચ્ચે સંતુલન જાળવવા માટે સ્ક્રિપ્ટ માટે ફરીથી મહેનત કરવામાં આવી રહી છે. આ પ્રક્રિયામાં રાજકુમાર હિરાનીની ફિલ્મી સ્ટાઇલ અનુસાર હાસ્ય અને ગંભીરતાનું મિશ્રણ જળવાઈ રહે તે જરૂરી છે. આ અંગે સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, "હિરાની અને આમિર બંને સહમત છે કે ફિલ્મમાં ઐતિહાસિક તત્વ જાળવવાની સાથે તે ભાવનાત્મક રીતે આજના સમયની જ ફિલ્મ લાગવી જોઈએ. રીરાઇટનો ઉદ્દેશ હાસ્ય અને ગંભીરતાના સંતુલનને સુધારવાનો છે. તેઓ ખાતરી કરવા માંગે છે કે પાત્રની સફરમાં ફાળકેનું મહત્ત્વ સ્પષ્ટ દેખાય. ડ્રાફ્ટ ફેબ્રુઆરી સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે અને પ્રોડક્શન માર્ચના અંતમાં શરૂ થશે."

# રખડતાં શ્વાનો માટે ૧૦ એકર જમીન દાન કરવાની મિકા સિંહની પ્રતિજ્ઞા



રખડતાં શ્વાનોની વ્યવસ્થા મુદ્દે સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી કાનૂની કાર્યવાહી વચ્ચે પંજાબી ગાયક અને અભિનેતા મિકા સિંહે ૧૦ એકર જમીન દાન કરવાની ભાવુક અપીલ કરી છે. જાહેર ચર્ચાઓ વચ્ચે મિકાએ રખડતા શ્વાનોનાં કલ્યાણ, સંરક્ષણ અને યોગ્ય સંભાળ માટે શેલ્ટર બનાવવાની તૈયારી વ્યક્ત કરી છે. એક્સ પર પોસ્ટ કરીને મિકાએ માનનીય સુપ્રીમ કોર્ટને વિનંતી કરી કે કોઈ પણ એવો નિર્ણય ન લેવાય જેનાથી શ્વાનોના કલ્યાણને નુકસાન પહોંચે. તેમણે લખ્યું હતું કે, "હું માનનીય સુપ્રીમ કોર્ટને નમ્ર અપીલ કરું છું કે શ્વાનોના હિતોને નુકસાન થાય તેવા કોઈ પણ પગલાંથી દૂર રહે."પશુ અધિકાર માટે હંમેશાં અવાજ ઉઠાવતા મિકાએ વધુમાં જણાવ્યું કે તેમની પાસે પૂરતી જમીન ઉપલબ્ધ છે અને તેઓ રખડતા શ્વાનોની સંભાળ, આશ્રય અને કલ્યાણ માટે ખાસ ૧૦ એકર જમીન દાન કરવા તૈયાર છે. આ જમીન પર શ્વાનો માટે શેલ્ટર, સારવાર અને સુરક્ષા સુવિધાઓ ઊભી કરવા માટે તેઓ તૈયાર હોવાની પણ તેમણે જાહેરાત કરી હતી. જોકે, તેમણે આ માટે જરૂરી સ્ટાફ અને વ્યવસ્થાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

# મનોરંજનનું મેઘધનુષ: મોના સિંહ



સત્તર વર્ષની ફિલ્મ કારકિર્દી દરમિયાન માત્ર ૧૧ જ ફિલ્મ અને તેમાંથી પણ ત્રણ ફિલ્મ આમિર ખાન સાથે કરનારી મોના સિંહની ફિલ્મી કારકિર્દી દરમિયાન પહેલી જ વાર એવું થવાનું છે કે ઉપરાછાપરી એટલે કે સતત બે અઠવાડિયામાં તેની બે ફિલ્મ રજૂ થવાની છે. આવું તો ખૂબ જ લોકપ્રિય હોય એવી અભિનેત્રીઓ સાથે પણ કોઈક જ વાર થાય છે.

મોના સિંહની હેપ્પી પટેલ-ખતરનાક જાસૂસ' ફિલ્મ ૧૬ જાન્યુઆરી એટલે કે આજે રિલીઝ થવાની છે અને તેની બીજી ફિલ્મબોર્ડર-ટુ' આવતા શુક્રવારે ૨૩ જાન્યુઆરીએ પ્રદર્શિત થવાની છે.

મોના સિંહે ૨૦૦૩થી અભિનયની કારકિર્દી શરૂ કરી છે. ૨૦૦૩થી ૨૦૦૬ સુધી તે ટી.વી. પર રીતસરની છવાઈ ગઈ હતી. ડ્ડજસ્સી જૈસી કોઈ નહીં' સીરિયલમાં મુખ્ય ભૂમિકા કરીને મોના સિંહે ટી.વી. ઉદ્યોગમાં ખૂબ જ નામના-લોકપ્રિયતા મેળવી છે.થ્રી ઈડિયટ્સ',લાલસહિ ચઢ્ઢા' અને હવે હેપ્પી પટેલ-ખતરનાક જાસૂસ'એ મોના સિંહની આમિર ખાન સાથેની ત્રીજી ફિલ્મ છે.હેપ્પી પટેલપ'નો નિર્માતા આમિર ખાન છે અને તેમાં એ મહેમાન કલાકાર તરીકે પણ છે.પંજાબના ચંડીગઢમાં શીખ કુટુંબને ત્યાં જન્મેલી મોના સિંહ અત્યારે ૪૪ વર્ષની ઉંમરે એક અભિનેત્રી તરીકે સતત આગેકૂચ કરી રહી છે. હમણાં જ કે.બી.સી. (કૌન બનેગા કરોડપતિ)માં વીર દાસની સાથે આવેલી મોનાએ પોતાનો સંઘર્ષ વર્ણવતા કહ્યું હતું કે ડ્ડજસ્સી જૈસી કોઈ નહીં' સિરિયલ તેને મળી તે અગાઉ તેણે આ ભૂમિકા માટે ૫૦ જેટલાં ઓડિશન આપ્યા હતા.તે સમયે તે દિલ્હીમાં રહેતી હતી અને ઓડિશન આપવા માટે તે દિલ્હીથી આવતી હતી. જોકે, આ સિરિયલે તેને ભરપૂર નામના-લોકપ્રિયતા અપાવી હતી. ઉપરાંત આ સિરિયલને કારણે તેને ઘણાં એવોડર્સ પણ મળ્યા હતા. તેમાં અપ્સરા એવોર્ડ, ઈન્ડિયન ટેલી એવોર્ડસ અને ઈન્ડિયન ટેલિવિઝન એકેડેમી એવોર્ડસનો સમાવેશ થાય છે. ૨૦૦૭માં મોના સિંહે રિયાલિટી શો ઝલક દિખલા જા'ની પહેલી સીઝનમાં ભાગ લીધો અને તેમાં તે વિજેતા નીવડી હતી. ત્યાર પછી ૨૦૦૮માંએક ખિલાડી-એક હસીના' નામના રિયાલિટી શોમાં પણ તે વિજેતા બની હતી. આમ, મોના સિંહ અનેક એવોર્ડ અને અનેક ટ્રોફી મેળવીને સતત આગળ વધી રહી છે.ટી.વી. સિરિયલ, ફિલ્મો અને પછી વેબ સિરીઝની લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને ૨૦૧૮માં મોના સિંહે ઓટીટી પર પદાર્પણ કર્યું. ડ્ડયે મેરી ફેમિલી-સીઝન વન' એ તેની પહેલી વેબ સિરીઝ હતી. ત્યાર પછી કહને કો હમસફર હે -મિશન ઓવર માર્સ- બ્લેક વિડો-મેઈડ ઈન હેવન-કાલા પાની- મિસ્ટ્રી -ધ બેડ્સ ઑફ બોલિવૂડ અને થોડે દૂર થોડે પાસપ જેવી વેબ સિરીઝમાં તેનું કામ વખણાયું છે.આ બધા ઉપરાંત મોના સિંહે ટી.વી. કાર્યક્રમના સંચાલક તરીકે પણ અનોખી છાપ છોડી હતી. ઝલક દિખલા જા'ની પહેલી સીઝનમાં ભાગ લીધા પછી ૨૦૦૭માંઝલક દિખલા જા'ની બીજી સીઝનમાં તે સંચાલક તરીકે રજૂ થઈ. ૨૦૦૯થી ૨૦૧૪ સુધી ડ્ડએન્ટરટેનમેન્ટ કે લિયે કુછ કરેગા'ની સંચાલક, ઝલક દિખલા જા-સીઝન ફોર-શાદી તીન કરોડ કી- સ્ટાર યા રોકસ્ટાર-કોમેડી નાઈટ્સ બચાઓ અને મૌકા એ વારદાત જેવાં શોના સંચાલક તરીકે મોના સિંહ ટી.વી.ના ટચૂકડા પડદે સતત દેખાતી રહી છે.ડ્ડબોર્ડર-ટુ'માં સની દેઓલ, વણ ધવન, દિલજીત દોસાંજ, અહાન શેટ્ટી, સોનમ બાજવા, સુનીલ શેટ્ટી, અક્ષય ખન્ના જેવાં કલાકારો છે. અનુરાગ સિંહ દિગ્દર્શિત ફિલ્મમાં મોના સિંહ, સની દેઓલની માતાની ભૂમિકામાં દેખાવાની છે. ૬૮ વર્ષના સની દેઓલની માતા તરીકે ૪૪ વર્ષની મોના સિંહની અભિનય ક્ષમતાની કસોટી થશે.

# 'હેપ્પી પટેલ: ખતરનાક જાસૂસ'માં મોટાભાગની ગાળો અને અપશબ્દોને મંજૂરી




ધમાલ કોમેડી ફિલ્મ 'હેપ્પી પટેલ: ખતરનાક જાસૂસ' ૧૬ જાન્યુઆરીએ રિલીઝ થવા જઈ રહી છે અને તેનું અનોખું ટ્રેલર, કાસ્ટિંગ તેમજ આમિર ખાન પ્રોડ્યૂસર તરીકે અને એક કેમિયો માટે ફિલ્મ સાથે જોડાયેલો હોવાના કારણે ચર્ચામાં છે. થોડા દિવસો પહેલા તેના ડિરેક્ટર વિર દાસે કહ્યું હતું કે, ફિલ્મને 'એ' સર્ટિફિકેટ મળ્યું છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશને 'હેપ્પી પટેલ: ખતરનાક જાસૂસ'ને 'એ' સર્ટિફિકેટ સાથે પાસ કરી છે. જોકે, સેન્સરે થોડા ફેરફાર કરવા કહ્યું છે. ચાર જગ્યાએ સંવાદોને યોગ્ય વન-લાઇનર્સથી બદલવા જણાવાયું છે. પરંતુ કટ લિસ્ટમાં આ સંવાદોની વિગત આપવામાં આવી નથી. બીજું, 'બ્રાઉન' શબ્દવાળો એક સીન ડિલીટ કરવા માટે કહેવામાં આવ્યું છે. આ સીન ૪૩ સેકન્ડનો હતો અને તેની જગ્યાએ ૨૧ સેકન્ડનો મંજૂર કરાયેલો સીન મૂકવામાં આવ્યો છે. અંતમાં, તમામ એન્ટી-આલ્કોહોલ, સ્મોકિંગ અને તમાકુ સંબંધિત ડિસ્ક્લેમર્સના ફોન્ટ સાઈઝ વધારવા માટે પણ નિર્માતાઓને સૂચના આપવામાં આવી છે. સારા સમાચાર એ છે કે 'હેપ્પી પટેલ ખતરનાક જાસૂસ'માં ઘણી ગાળો અને અપશબ્દો છે અને તે તમામને મંજૂરી આપવામાં આવી છે. હકીકતમાં, લાંબા સમય બાદ સેન્સર આટલું ઉદાર બન્યું હોય એવું કહી શકાય.


થોડા સમય પહેલાં જ 'ધુરંધર'માં 'એ' રેટિંગ હોવા છતાં કેટલીક ગાળોને મ્યુટ કરવામાં આવી હતી. આશ્ચર્યની વાત એ પણ છે કે સામાન્ય રીતે આવા પ્રકારની ફિલ્મોમાં એક્ઝામિનિંગ કમિટી અનેક કટ્સ માંગે છે, જેથી નિર્માતાઓને રિવાઇઝિંગ કમિટી પાસે જવું પડે અને ઓછી કાપકૂપની આશા રાખવી પડે છે. પરંતુ 'હેપ્પી પટેલ: ખતરનાક જાસૂસ'ના કેસમાં ઈસીએ જ ફિલ્મને ઓછામાં ઓછા ફેરફારો સાથે પાસ કરી દીધી છે. 'હેપ્પી પટેલ: ખતરનાક જાસૂસ'ના નિર્માતાઓને ૧૩ જાન્યુઆરીએ સેન્સર સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું. સર્ટિફિકેટમાં દર્શાવ્યા મુજબ ફિલ્મની લંબાઈ ૧૨૧.૪૨ મિનિટ છે. એટલે કે 'હેપ્પી પટેલ: ખતરનાક જાસૂસ' ૨ કલાક, ૧ મિનિટ અને ૪૨ સેકન્ડ લાંબી છે. 'હેપ્પી પટેલ: ખતરનાક જાસૂસ'નું ડિરેક્શન વીર દાસ અને કવિ શાસ્ત્રીએ કર્યું છે અને પ્રોડ્યૂસર્સ તરીકે વીર, કવિ, આમિર ખાન અને અપર્ણા પુરોહિત જોડાયેલા છે. ફિલ્મમાં વીર દાસ, મોના સિંહ, મિથિલા પાલકર સહિત અન્ય કલાકારો મહત્વના રોલમાં જોવા મળશે.

# ક્લેપ એન્ડ કટ..!: આખરે દાદા સાહેબ' આવશે

દાદા સાહેબ ફાળકે પર બાયોપિક બનશે કે નહી બને એ પ્રશ્ન ક્યારનોય લટકી રહ્યો હતો, પરંતુ લાગે છે કે હવે છેવટે અહી પ્રશ્નાર્થની જગ્યાએ પૂર્ણવિરામ આવી ગયો છે. શરૂથી શરૂ કરીએ તો ગયા વર્ષનાં મધ્યમાં રાજકુમાર હિરાણીએ આમિર ખાનને આ બાયોપિકની સ્ક્રિપ્ટ સોંપી હતી. પછી આમિરે એનાં સ્વભાવને અનુરૂપ ત્રણેક મહિનાનો સમય 'વિચારવા' માટે લીધો. પછી જ્યારે હિરાણીને ચર્ચા કરવા આમિરે બોલાવ્યા અને પોતાના ફેરફારો સૂચવ્યા ત્યારે હિરાણીને આઘાત લાગી ગયો.

આમિરે એમ કહ્યું હોવાનું જાણવા મળ્યું હતું કે, 'આમાં કોમેડી ક્યાં?' હવે ભારતીય સિનેમાનાં પિતા એવા દાદાસાહેબ ફાળકેનાં જીવનમાં મારી મચડીને કોમડી કેમની ઘુસાડાય? એટલે છેવટે ફિલ્મને અભેરાઈ પર ચડાવી દેવામાં આવી હોવાના રિપોર્ટ્સ મળ્યા હતા.






હવે એવું લાગે છે કે દાદાસાહેબને પોતાને આ ફિલ્મ બનતી જોવી છે એટલે આમિર અને હિરાણી થોડાં સમય પહેલાં પાછાં મળ્યાં. આ બેઠકમાં વચલો માર્ગ નક્કી કરી લેવામાં આવ્યો. એટલે કે માર્ચ મહિનામાં ફ્લોર પર જનારી આ ફિલ્મ દાદાસાહેબનાં જીવન પર આધારિત જ હશે, પરંતુ, તેમાં 'હિરાણી સ્ટાઈલ' પ્રમાણે કોમેડીના થોડાં અમીછાંટણાં પણ કરવામાં આવશે.

સામાન્ય રીતે જીવનમાં બને છે એમ બોલિવૂડમાં પણ ઘણી વાર ઉત્સાહમાં આવી જઈને મોટી જાહેરાતો કરી દેવામાં આવે છે પછી ખ્યાલ આવે કે, યાર, થોડી ઉતાવળ થઇ ગઈ. OMG 3'ની જાહેરાત પછી પણ આવું જ કશું સામે આવ્યું છે. અક્ષય કુમારનાં કેમિયોવાળી આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા માટેમર્દાની' રાની મુખર્જીને સાઈન કરી લેવામાં આવી હતી.

આ જાહેરાતનાં બે જ દિવસ બાદ ડિજિટલ એઈટીન' નામની એક સંસ્થા મેદાનમાં આવી. આ સંસ્થાએ ટ્રેડ મેગેઝિન્સમાં એક લિગલ નોટિસ પ્રકાશિત કરાવી કે જે કોઈપણ ફિલ્મનાં ટાઈટલમા OMG' શબ્દનો ઉપયોગ કરવો હોય તો એ માટે એમની-સંસ્થાની પૂર્વમંજૂરી લેવી જરૂરી છે. સંસ્થાનો એવો દાવો છે કે `OMG' નામની કોઈપણ ફિલ્મની સિકવલ, પ્રિકવલ કે રીમેક આ બધાનાં હક્ક એની પાસે છેપ!આ OMG' ને ડિરેક્ટ પર્ણ MG 2'નાં ડાયરેક્ટર અમિત રાય કરવાનાં છે, પરંતુ લાગે છે કે આ ફિલ્મના મેકર્સને ડિજિટલ એઈટીન નામની સંસ્થાને પણ આ ફ્રેન્ચાઈઝીમાં ઈન્વોલ્વ કરવી પડશે એનો ખ્યાલ નહી હોય. તેમ છતાં, આ ફિલ્મ ચોક્કસ ફ્લોર ઉપર જઈ રહી છે અને કદાચ ફિલ્મને કોઈ લીગલ વાંધો ન આવે એનો તોડ પણ કાઢી લેવામાં આવ્યો છે.

# મીના કુમારીનું યોગદાન ગાયકીમાં પણ છે..!

નામ પડતા જ પાકીઝા' અનેચલતે ચલતે યૂં હી કોઈ મિલ ગયા થા' કે પછી સાહિબ બીબી ઔર ગુલામ'ની છોટી બહુ અનેન જાઓ સૈયાં છૂડા કે બૈયાં' તેમ જ પ્રેમ પામવામાં નિષ્ફળ રહેલી દિલ અપના ઔર પ્રીત પરાઈ'ની કણા અનેઅજીબ દાસ્તાં હૈ યે, કહાં શુરૂ કહાં ખતમ' નજર સામે તરવરવા લાગે અને ફરી એકવાર એ ફિલ્મ કે એનાં દૃશ્યો-ગીત સાંભળવાની ઈચ્છા થઈ આવે.

મીના કુમારીનું આ સામર્થ્ય છે. એના પાત્રની પીડા પ્રત્યે તમને સહાનુભૂતિ થયા વિના રહે નહીં. અલબત્ત, આ જ મીના કુમારીએ 'આઝાદ' સહિત જૂજ ફિલ્મોમાં હલકાફૂલકા પાત્ર પણ પ્રભાવીપણે સાકાર કર્યા છે. જોકે, થયું છે એવું કે ટ્રેજેડી ક્વીન એવી હાવી થઈ ગઈ કે ગમગીન મીનાજી પાછળ ગમતીલા મીનાજી ઢંકાઈ ગયાં. મીના કુમારીએ જ મીના કુમારી સાથે અન્યાય કર્યો એવી દલીલમાં વજૂદ જરૂર છે. અને એટલે જ ગાયિકા મીના કુમારીને આપણે નથી ઓળખતા. ઓળખવાની અને એમની આ આવડતને સમજવાની વાત તો દૂર રહી, સાદી જાણકારી પણ મોટાભાગના લોકો પાસે નથી એ વરવી વાસ્તવિકતા છે.



જી હા, અભિનયમાં અવ્વલ સાબિત થયેલાં મીના કુમારી ગઝલ લખતા હતા એ ગુલઝારની કોશિશને કારણે મીનાજીનાં અવસાન પછી અને લોકો એમની લખેલી રચનાઓથી વાકેફ થયા. તેમનો અલગ પહેલુ નજરમાં આવ્યો. આજે પાર્શ્વગાયનમાં તેમણે કરેલી કોશિશ પર ધ્યાન દોરવું છે.

ડાયલોગ ડિલિવરીમાં-દશ્ય ભજવણીમાં સંવાદ બોલતી વખતે એમના અવાજનો જાદુ દર્શકોએ અનુભવ્યો છે. એમના ગળાની તાકાત ગાયનોમાં પણ અજમાવી લેવામાં આવી છે, પણ એ સીમિત રહી ગઈ એ આપણી કમનસીબી, બીજું શું? મીનાજીને સાંભળ્યા પછી તેઓ પણ સુરૈયાની માફક 'સિંગિંગ સુપરસ્ટાર' બની શક્યા હોત એવું માનવાનું મન થાય છે.

ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો ઈતિહાસ તપાસતા એક વાત ઊડીને આંખે વળગે છે કે ૧૯૫૦ પહેલા સિંગિંગ એક્ટરનું ચલણ વધુ હતું. કુંદનલાલ સાયગલ, પંકજ મલ્લિક, શરૂઆતમાં અશોક કુમાર, કરણ દીવાન, તલત મેહમૂદ, કિશોર કુમાર, નૂરજહાં, સુરૈયાપ અન્ય નામ પણ ઉમેરી શકાય. મીના કુમારીની અભિનય યાત્રાનો પ્રારંભ બાળ કલાકાર તરીકે થયો હતો..

વિજય ભટ્ટ નિર્મિત અને દિગ્દર્શિત લેધરફેસ' (ફરજંદ—એ — વતન) ફિલ્મમાં બેબી મેહજબીન તરીકે તેઓ સૌપ્રથમ રૂપેરી પડદા પર જોવા મળ્યાં હતાં. આ ફિલ્મ રિલીઝ ૧૯૩૯માં થઈ હતી. મીનાજી એક સંપૂર્ણ હીરોઈન તરીકે દર્શકોની નજરમાં વસ્યા છેક ૧૯૫૨માં અને એ પણ વિજય ભટ્ટની જબૈજુ બાવરા' ફિલ્મમાં.

૧૯૪૦ના દાયકામાં મુખ્યત્વે બાળ કલાકાર તરીકે તેમજ અન્ય કેટલીક નાનીમોટી ભૂમિકાઓ ભજવી તેમણે-રાખ્યું. આ જ દોરમાં તેમણે પાર્શ્વગાયન પણ કર્યું. એ દોર સિંગિંગ એક્ટરનો હતો અને ઈન્ડસ્ટ્રીમાં ટકી રહી આગળ આવવું હશે તો ગાયકી કામ આવશે એ સમજણ અથવા સૂચનને કારણે બેબી મીનાએ પાર્શ્વગાયન કર્યું અથવા એની પાસે કરાવવામાં આવ્યું હશે એ તર્કસંગત દલીલ છે.

# ભારતની હારમાં સમાન પેટર્ન: મિડલ ઓર્ડરમાં બોલરો, લોઅર ઓર્ડરમાં બેટરોનો 'ફ્લોપ શો' ચિંતાનો વિષય



ભારતીય ODI ટીમની તાજેતરની હાર કોઈ એક ખેલાડી કે ખરાબ દિવસને કારણે નહોતી. ગયા વર્ષે જ્યારે પણ ભારત હાર્યું, ત્યારે એક સમાન પેટર્ન જોવા મળી વચ્ચેની ઓવરોમાં વિકેટ ગુમાવી દેવામાં આવી, ફિલ્ડિંગની તકો ચૂકી ગઈ, અથવા અંતિમ ૧૦ ઓવરમાં મેચ હાથ માથી સરી ગઈ. આ જ કારણ છે કે જ્યારે ૨૮૦-૩૦૦ ના સ્કોરનો ઉપયોગ કરવામાં આવ્યો ત્યારે ભારતને ટાળી શકાય તેવી હારનો સામનો કરવો પડ્યો.

રાજકોટમાં ન્યૂઝીલેન્ડ સામેની હાર આનું તાજેતરનું ઉદાહરણ છે. ભારતે ૨૮૪ રન બનાવ્યા, જે કોઈપણ ફ્રેમાં લડાયક સ્કોર હતો. સમસ્યા એ નહોતી કે તેમની પાસે રન ઓછા હતા, પરંતુ બોલરો વચ્ચેની ઓવરોમાં મેચને નિયંત્રિત કરી શક્યા ન હતા.

૧૧ થી ૪૦ ઓવર વચ્ચે, ન્યૂઝીલેન્ડે જોખમો લીધા વિના લગભગ ૧૭૦ રન ઉમેર્યા, ફક્ત બે વિકેટ ગુમાવી. આ એવો તબક્કો છે જ્યાં ODI મેચ ઘણીવાર બદલાતી રહે છે, પરંતુ ભારત ત્યાં દબાણ જાળવી રાખવામાં નિષ્ફળ ગયું. કેપ્ટન શુભમન ગિલની ટિપ્પણી કે વચ્ચેની ઓવરોમાં વિકેટ લેવામાં આવી ન હતી તે ખરેખર આ હાર માટે સૌથી સચોટ સમજૂતી હતી.

સમસ્યા ફક્ત એક મેચ પૂરતી મર્યાદિત નથી. છેલ્લા બે વર્ષમાં ભારત જેટલી પણ વનડે મેચ હારી ગયું છે, તેમાં વિરોધી ટીમ મધ્યમ ઓવર રન રેટ સતત સારો રહ્યો છે, જ્યારે ભારતની વિજેતા મેચોમાં રન રેટ પાંચથી નીચે રહ્યો છે. ફરક માત્ર ફક્ત એક રન લાગે છે, પરંતુ ૩૦ ઓવરમાં આ તફાવત ૨૫-૩૦ રનનો તફાવત બનાવે છે અને ODI ક્રિકેટમાં આ અંતર મેચ જીતાડી દે છે.

સ્પિનરો અને ઓલરાઉન્ડરો પાસેથી જે અસરની અપેક્ષા રાખવામાં આવે છે. આ હાર વાડી મેચ માં દેખાતું નથી. રવિન્દ્ર જાડેજા જેવા અનુભવી ખેલાડીઓએ ઘણી મેચોમાં ફુલ ઓવર ફેંકી છે, પરંતુ તેમની વિકેટ લેવાની ધાર ગાયબ થઈ ગઈ છે.

મધ્ય ઓવરોમાં તેની સરેરાશ નબળી રહી, જે તેના જેવા ખેલાડી માટે યોગ્ય નથી. જાડેજાની ભૂમિકા ફક્ત રન મર્યાદિત કરવા સુધી મર્યાદિત હતી, જ્યારે ભારતને તેની પાસેથી મેચ બદલનારી વિકેટોની જરૂર હતી.

યુવા ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડી પણ ટીમમાં જે અસર માટે સામેલ કરવામાં આવ્યા હતા તે આપવામાં નિષ્ફળ ગયા. તે બોલ સાથે સતત સફળતાઓ આપવામાં નિષ્ફળ ગયા, અને તેની બેટિંગ ઈનિંગ્સ મોટાભાગે ૨૦-૩૦ રન સુધી મર્યાદિત રહી. પરિણામે, કેપ્ટન પાસે મધ્ય ઓવરોમાં ભાગીદારી તોડી શકે તેવા બોલર વગરનો રહ્યો.

આ હારમાં ફિલ્ડિંગનો પણ ફાળો હતો. આંકડા દર્શાવે છે કે ભારતે હારેલી મેચોમાં સરેરાશ બે થી ત્રણ કેચ છોડ્યા હતા. આ એવી તકો હતી જ્યાં એક વિકેટ રન રેટને રોકી શકતી હતી. તેનાથી વિપરીત, આ ચૂકી ગયેલી તકો પછી, બેટ્સમેનોએ ૨૦-૨૫ વધારાના રન ઉમેર્યા, જે રન ચેઝમાં મહત્વપૂર્ણ સાબિત થયા. જ્યારે બેટિંગ મજબૂત હતી, ત્યારે ફિનિશમાં તીક્ષ્ણતાનો અભાવ હતો. સારી શરૂઆત પછી, અચાનક વિકેટ ગુમાવવાથી ડેથ ઓવરોમાં સેટ બેટ્સમેન રહેતો નથી. પરિણામે, છેલ્લી દસ ઓવરમાં ભારતની સ્કોરિંગ તકો ૭૫-૮૦ રન સુધી મર્યાદિત રહી, જ્યારે વિરોધી ટીમો ઘણીવાર લક્ષ્યનો પીછો કરવાના આ તબક્કામાં ૯૦ થી વધુ રન બનાવે છે.

# WPL 2026 : યુપી વોરિયર્સે મુંબઈને હરાવીને પોતાની પહેલી જીત નોંધાવી; હરલીનની અર્ધ સદી

હરલીન દેઓલની અણનમ અડધી સદીના જોરે, યુપી વોરિયર્સે મુંબઈ ઈન્ડિયન્સને સાત વિકેટથી હરાવીને મહિલા પ્રીમિયર લીગ (WPL) ૨૦૨૬ સીઝનમાં પોતાની પહેલી જીત નોંધાવી.

પ્રથમ બેટિંગ કરતા મુંબઈએ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૬૧ રન બનાવ્યા. જવાબમાં, હરલીને ૧૨ ચોગ્ગાની મદદથી ૩૯ બોલમાં અણનમ ૬૪ રન બનાવ્યા, જેના કારણે યુપી ૧૮.૧ ઓવરમાં ત્રણ વિકેટે ૧૬૨ રન બનાવીને મેચ જીતી શક્યું.



યુપી વોરિયર્સની ચાર મેચમાં આ પહેલી જીત છે. તેઓ પોતાની પહેલી ત્રણ મેચ હારી ગયા હતા, પરંતુ ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈને હરાવીને તેઓ વિજય તરફ પાછા ફર્યા. જોકે, યુપી ટીમ પોઈન્ટ ટેબલમાં પાંચમા સ્થાને છે. દરમિયાન, ચાર મેચમાં મુંબઈની આ બીજી હાર છે, અને તેઓ સ્ટેન્ડિંગમાં ચાર પોઈન્ટ સાથે આરસીબી પાછળ બીજા સ્થાને છે.

બે ઝટકા પછી, ફોબી લિચફિલ્ડ અને હરલીન દેઓલે યુપીની ઈનિંગ્સને આગળ ધપાવી. લિચફિલ્ડ અને હારલીને ત્રીજી વિકેટ માટે ૭૩ રનની ભાગીદારી કરી. આ ભાગીદારી અમેલિયા કેરે લિચફિલ્ડને આઉટ કરીને તોડી હતી. લિચફિલ્ડ ૨૨ બોલમાં બે ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૨૫ રન બનાવીને આઉટ થઈ ગઈ હતી.

આ પછી પણ, હારલીને તેની ઈનિંગ્સ ચાલુ રાખી અને અડધી સદી ફટકારી. ફિફ્ટી ફટકાર્યા પછી, હારલીને રન રેટ ઝડપી બનાવ્યો. ક્લો ટ્રાયોને તેને સારો ટેકો આપ્યો અને વિસ્ફોટક બેટિંગ કરી. ટ્રાયોન ૧૧ બોલમાં ચાર ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૨૭ રન બનાવીને અણનમ રહી. મુંબઈ માટે, બ્રન્ટે બે વિકેટ લીધી, જ્યારે અમેલિયા કેરને એક સફળતા મળી.

# ક્રિકેટ વિવાદમાં બાંગ્લાદેશનુ ઘર જ સળગ્યુ : ખેલાડીઓનો મેચનો બોયકોટ

## બાંગ્લાદેશ લીગની મેચ રમવા ક્રિકેટરો ન પહોંચ્યા : જોરદાર આંતરિક ટકરાવ

બાંગ્લાદેશ પ્રીમિયર લીગની ૨૫મી મેચ આજે ચટ્ટોગ્રામ રોયલ્સ અને નોઆખલી એક્સપ્રેસ વચ્ચે બપોરે ૧ વાગ્યે રમાવાની હતી. જોકે, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ સામે તેમના જ ખેલાડીઓના વિરોધ પ્રદર્શનને કારણે આ મેચ નિર્ધારિત સમયે શરૂ થઈ શકી નથી.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ મેચ માટે બંને ટીમો ટોસ માટે પણ સ્થળ પર પહોંચી ન હતી, જે સ્થાનિક સમય મુજબ બપોરે ૧૨.૩૦ વાગ્યે થવાનો હતો. ચટ્ટોગ્રામ અને નોઆખલી વચ્ચેની મેચના રેફરી શિપર અહેમદે મેદાન પરથી જણાવ્યું હતું કે અમે મેદાનની વચ્ચે ઉભા છીએ, પરંતુ અમને ખબર નથી કે શું થઈ રહ્યું છે. બીપીએલ ટેકનિકલ કમિટી જ આ વિશે વધુ સારી રીતે જણાવી શકશે.

આ વિવાદનું મુખ્ય કારણ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડની ફાઈનાન્સ કમિટીના ચેરમેન નજમુલ ઈસ્લામનું નિવેદન છે, જેનાથી ભડકેલા ક્રિકેટરોએ તેમના રાજીનામાની માંગ કરી છે. ખેલાડીઓએ ચેતવણી આપી છે કે જો નજમુલ ઈસ્લામ રાજીનામું નહીં આપે, તો ક્રિકેટરો દેશમાં તમામ પ્રકારની ક્રિકેટ પ્રવૃત્તિઓ અટકાવી દેશે અને ક્રિકેટ રમવાનો બહિષ્કાર કરશે.




બાંગ્લાદેશી ક્રિકેટરો નજમુલ ઈસ્લામના તે નિવેદનથી નારાજ છે જેમાં તેમણે કહ્યું હતું કે જો બાંગ્લાદેશ ટી૨૦ વર્લ્ડ કપમાં નહી રમે તો બોર્ડને કોઈ આર્થિક નુકસાન થશે નહી, નુકસાન માત્ર ખેલાડીઓનું જ થશે અને બોર્ડ તેની ભરપાઈ કરશે નહી.

તેમણે દલીલ કરી હતી કે બીસીબી ખેલાડીઓ પર કરોડો ખર્ચે છે પરંતુ જ્યારે તેઓ ખરાબ પ્રદર્શન કરે છે ત્યારે બોર્ડ પૈસા પરત માંગતું નથી, તેથી ખેલાડીઓને વળતર આપવાનો કોઈ પ્રશ્ન જ નથી.

નજમુલ ઈસ્લામના આ નિવેદન બાદ, ક્રિકેટર્સ વેલફેર એસોસિએશન ઓફ બાંગ્લાદેશએ બુધવારે રાત્રે તાત્કાલિક ઈમરજન્સી પ્રેસ કોન્ફરન્સ બોલાવી હતી. પ્રમુખ મોહમ્મદ મિથુને કહ્યું હતું કે નજમુલના શબ્દોએ મર્યાદા વટાવી દીધી છે, જેના કારણે ખેલાડીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# ઇન્ડિયા ઓપનમાં પી વી સિંધૂ પ્રથમ રાઉન્ડમાંથી જ આઉટ

## બેડમિન્ટન: ભારતના કિદામ્બી શ્રીકાન્ત અને એચ એસ પ્રણોયની આગેકૂચ

તાજેતરમાં જ ફોર્મ પરત મેળવનારી પી વી સિંધુ પોતાના ઘરઆંગણે જ ફોર્મ દાખવવામાં નિષ્ફળ રહી હતી અને અહીં યોજાયેલી ઈન્ડિયા ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાંથી જ આઉટ થઈ ગઈ હતી. જોકે ભારતના એચ એસ પ્રણોય અને કિદામ્બી શ્રીકાન્તે પોતપોતાની મેચ જીતીને આગેકૂચ કરી હતી.

બે વખતની ઓલિમ્પિક્સ મેડલ વિજેતા પીવી સિંધૂ ગયા સપ્તાહે મલેશિયન ઓપનની સેમિફાઈનલમાં પહોંચી હતી પરંતુ ૯૫૦,૦૦૦ યુએસ ડોલરની આ ટુર્નામેન્ટમાં તે લાંબું ટકી શકી ન હતી. પ્રથમ રાઉન્ડની મેચમાં વિયેતનામની થાયુ લિન્હ ન્ગુયેન સામેની મેચમાં સિંધૂનો ૨૨-૨૦, ૧૨-૨૧, ૧૫-૨૧થી પરાજય થયો હતો.

સિંધૂ કોઈ ઓપન ટુર્નામેન્ટમાં ભારતમાં રમતી હોય ત્યારે તેની પાસેથી વધુ અપેક્ષા રાખવામાં આવતી હોય છે પરંતુ આ વખતે તે અપેક્ષાઓના દબાણને વશ થઈ ગઈ હતી. રોમાંચક બનેલી પ્રથમ ગેમ ૨૨-૨૦થી જીતી લીધા બાદ બીજી અને ત્રીજી ગેમમાં તેની રમત સાવ સાધારણ બની ગઈ હતી.

મેચ ગુમાવ્યા બાદ સિંધૂએ જણાવ્યું હતું કે મને નથી લાગતું કે આ મારો દિવસ હતો. વિયેતનામની ખેલાડી સરળ પ્રતિસ્પર્ધી નથી. આ સ્તરે દરેક ખેલાડી સારી રીતે રમે છે અને તમે સરળ પોઈન્ટ કે સરળ જીતની અપેક્ષા રાખી શકતા નથી. તેની પાસે સારા સ્ટ્રોક છે, તમારે ટેમ્પો જાળવી રાખવો પડ્યો અને



શટલને રમતમાં રાખવી પડી. તે ક્ષણોમાં નાની ભૂલો નિર્ણાયક બની જાય છે.

મારે ચોક્કસપણે વધુ સુસંગત રહેવાની જરૂર છે. સરળ અથવા સળંગ પોઈન્ટ આપવાનું મારે બંધ કરવું પડશે. એક પોઈન્ટ ગુમાવ્યા પછી મારે તાત્કાલિક ફરીથી સેટ થવાની અને આગામી રેલી માટે તૈયાર રહેવાની જરૂર છે. તે મારા માટે મુખ્ય ઉપાય છે. તેમ સિંધૂએ ઉમેર્યું હતું.

અગાઉ ભૂતપૂર્વ વર્લ્ડ નંબર વન શ્રીકાન્તે પોતાની મેચ જીતવા સંઘર્ષ કરવો પડ્યો હતો પરંતુ અંતે તેણે ભારતના જ તરુણ માન્નેપલ્લીને ૧૫-૨૧, ૨૧-૬, ૨૧-૧૯થી હરાવ્યો હતો જ્યારે માલવિકા બાંસોદે લાંબા સમયની ઈજામાંથી બહાર આવ્યા બાદ ચીની તાઈપેઈની પાઈ યૂ પોને ૨૧-૧૮, ૨૧-૧૯થી હરાવી હતી.

ટુર્નામેન્ટમાં છેલ્લી ઘડીએ પ્રવેશ હાંસલ કરનારા એચ એસ પ્રણોયે જોરદાર રમત દાખવી હતી અને ગયા વર્ષના રનર્સઅપ લી ચ્યુક યિયુને ૨૨-૨૦, ૨૧-૧૮થી હરાવ્યો હતો. આ સાથે તેણે બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો જ્યાં તેનો મુકાબલો આઠમા ક્રમના અને ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયન લોહ કિન યેઉ (સિંગાપોર) સામે થશે.

# 'સૂર્યકુમાર મેસેજ કરતા હતા' નિવેદન પર ખુશી વિરુદ્ધ ફરિયાદ

## ભારતીય કેપ્ટનના ચાહકે કેસ ઠોક્યો; એક્ટ્રેસ પર ૧૦૦ કરોડનો માનહાનિનો દાવો કર્યો



ઈન્ડિયન T20 ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવ વિશે આપેલા એક નિવેદન બાદ અભિનેત્રી અને મોડેલ ખુશી મુખર્જી વિવાદમાં આવી ગઈ છે. સૂર્યકુમારના ફેન ફૈઝાન અંસારીએ ખુશી મુખર્જી વિરુદ્ધ ૧૦૦ કરોડ રૂપિયાનો માનહાનિનો દાવો કર્યો છે. આ અંગેની ફરિયાદ ગાઝીપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે.

ફૈઝાન અંસારીનો આરોપ છે કે ખુશી મુખર્જીએ સૂર્યકુમાર યાદવ વિશે જાણીજોઈને એવાં નિવેદનો આપ્યાં, જેનાથી એક રાષ્ટ્રીય સ્તરના ખેલાડીની છબિને નુકસાન પહોંચી શકે છે. તેમનું કહેવું છે કે આ નિવેદનો કોઈ પુરાવા વગર અને ખોટી નિયતથી આપવામાં આવ્યાં છે.

ખુશી મુખર્જીએ થોડા દિવસ પહેલાં દાવો કર્યો હતો કે ભારતીય ક્રિકેટર સૂર્યકુમાર યાદવ તેમને પહેલાં અવારનવાર મેસેજ કરતા હતા, જોકે તેમણે સ્પષ્ટપણે કહ્યું કે તેમના અને સૂર્યકુમાર વચ્ચે ક્યારેય કોઈ રોમેન્ટિક સંબંધ રહ્યો નથી.

વિવાદ વધ્યા બાદ NDTVને આપેલા ઈન્ટરવ્યૂમાં ખુશી મુખર્જીએ પોતાનાં નિવેદન અંગે સ્પષ્ટતા કરી. તેમણે કહ્યું હતું કે સૂર્યકુમાર યાદવ સાથે તેમનો ક્યારેય કોઈ રોમેન્ટિક સંબંધ રહ્યો નથી અને તેમની વાતોને ખોટા સંદર્ભમાં રજૂ કરવામાં આવી હતી. અભિનેત્રીનું કહેવું હતું કે નિવેદનને વધારી-ચઢાવીને રજૂ કરવામાં આવ્યું, જેનાથી ગેરસમજ ઊભી થઈ.

ખુશીએ એવો પણ દાવો કર્યો કે તે દરમિયાન તેમનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક થઈ ગયું હતું. તેમણે જણાવ્યું કે પહેલા તેમની સૂર્યકુમાર યાદવ સાથેની વાતચીત માત્ર મિત્રતા પૂરતી મર્યાદિત હતી, પરંતુ હવે બંને વચ્ચે કોઈ સંપર્ક નથી. વિવાદ પછી પણ તેમની સૂર્યાકુમાર સાથે કોઈ વાતચીત થઈ નથી.

T20 વર્લ્ડ કપ ૨૦૨૬ને ધ્યાનમાં રાખીને ટીમ ઈન્ડિયાના T20 કેપ્ટન સૂર્યકુમાર યાદવ પોતાની તૈયારીમાં વ્યસ્ત છે, જોકે તાજેતરની મેચમાં તેનું પ્રદર્શન કંઈ ખાસ રહ્યું નથી. વર્લ્ડ કપ પહેલાં ભારતને ૨૧ જાન્યુઆરીથી ન્યૂઝીલેન્ડ સામે ૫ મેચની T20 સિરીઝ રમવાની છે, જેને તૈયારીની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

૨૪ નવેમ્બર ૧૯૯૬ના રોજ કોલકાતામાં જન્મેલી ખુશી મુખર્જીએ ૨૦૧૩માં તમિળ ફિલ્મ અંજલ થુરાઈથી પોતાની અભિનય કારકિર્દીની શરૂઆત કરી. તેણે તમિળ અને તેલુગુ ફિલ્મોની સાથે હિન્દી ફિલ્મ શ્રૃંગારમાં પણ કામ કર્યું.

તેને એમટીવીના રિયાલિટી શો સ્પ્લિટ્સવિલા ૧૦ અને લવ સ્કૂલ ૩થી ઓળખ મળી. ટીવી પર તે બાલવીર રિટર્ન્સમાં જવાલા પરી અને કહત હનુમાન જય શ્રીરામ જેવા શોમાં જોવા મળી ચૂકી છે. આ ઉપરાંત વેબસિરીઝમાં તેના કામને લઈને પણ તે ચર્ચામાં રહી છે.

ખુશી મુખર્જીનો હોટલ વિવાદ વર્ષ ૨૦૧૫માં ભોપાલની એક હોટલ સાથે જોડાયેલો છે. તેણે આરોપ લગાવ્યો હતો કે સૂતી વખતે એક સગીર હોટલ કર્મચારીએ તેની સાથે છેડછાડ કરી. મામલો ત્યારે વધુ વકર્યો, જ્યારે એક ન્યૂઝ ચેનલના લાઈવ શોમાં ખુશીએ આરોપીને થપ્પડ મારી દીધી.બીજી તરફ, હોટલ મેનેજમેન્ટે આ આરોપોને નકારી કાઢતાં કહ્યું હતું કે ખુશી નશાની હાલતમાં હતી અને કર્મચારી ફક્ત તેને રૂમમાં સુધી શિફ્ટ કરી રહ્યો હતો. આ વિવાદે એ સમયે ઘણી હેડલાઈન્સ બનાવી હતી.

# ગૌતમ ગંભીર, સિતાંશુ કોટક ઉજ્જૈન પહોંચ્યા, બાબા મહાકાલની ભસ્મ આરતીમાં ભાગ લીધો, શિવ મંત્રના જાપ કર્યા



મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં આવેલા વિશ્વ પ્રસિદ્ધ મહાકાલેશ્વર મંદિરમાં VIP ભક્તોનો આગમન ચાલુ છે. આ ક્રમમાં, શુક્રવારે, ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અને વર્તમાન કોચ ગૌતમ ગંભીર અને બેટિંગ કોચ સિતાંશુ કોટક બાબા મહાકાલના દરબારમાં દર્શન કર્યા. તેમણે સવારે ૪ વાગ્યે અહીં યોજાયેલી ભસ્મ આરતીમાં ભાગ લીધો.

તેમણે નંદી હોલમાં બેસીને બાબા મહાકાલની ભસ્મ આરતી જોઈ. આ દરમિયાન, તેઓ શિવભક્તિમાં સંપૂર્ણપણે ડૂબેલા દેખાયા. ભસ્મ આરતી દરમિયાન, ગૌતમ ગંભીરે નંદી હોલમાં બેસીને ઓમ નમઃ શિવાયનો જાપ પણ કર્યો.

શુક્રવારે, ભાજપના ભૂતપૂર્વ સાંસદ અને ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર તથા હેડ કોચ ગૌતમ ગંભીર અને બેટિંગ કોચ સિતાંશુ કોટકે ઉજ્જૈનમાં બાબા મહાકાલના દર્શન કર્યા હતા. ગંભીર ગઈકાલે રાત્રે ઉજ્જૈન પહોંચ્યા હતા. તેઓ સવારે ૪ વાગ્યાની આસપાસ મંદિરમાં પહોંચ્યા હતા અને ભસ્મ આરતીમાં ભાગ લીધો હતો.

તેમણે નંદી હોલથી બાબા મહાકાલના દર્શન કર્યા હતા. ગંભીરે મંદિર પરિસરમાં અઢી કલાક વિતાવ્યા હતા અને સવારે ૬:૩૦ વાગ્યે ત્યાંથી નીકળ્યા હતા. આ મુલાકાત દરમિયાન, મહાકાલેશ્વર મંદિરના સહાયક પ્રશાસક આશિષ ફળવાડિયાએ શ્રી મહાકાલેશ્વર મંદિર સમિતિ વતી ગંભીરને પ્રસાદ અને બાબા મહાકાલની તસવીર આપીને સન્માનિત કર્યા હતા.



# આદર્શ ગામ રાણપરડાના વતની પી.પી. સવાણી ગ્રુપ વતનની વ્હારે

## કમોસમી વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતોના બાળકોની સ્કૂલ ફીના ચેક અર્પણ કરાયા

સુરત, તા.૧૬

માનવતા અને સેવાના પર્યાય ગણાતા સુરતના જાણીતા ઉદ્યોગપતિ અને પી.પી. સવાણી ગ્રુપના મોભીઓએ ફરી એકવાર પોતાની માતૃભૂમિ પ્રત્યેનું ઋણ અદા કર્યું છે. આદર્શ ગામ રાણપરડાના વતની એવા સવાણી પરિવારે તાજેતરમાં થયેલા કમોસમી વરસાદ (માવઠાં) ને કારણે આર્થિક મુશ્કેલીમાં મુકાયેલા ખેડૂતોની વ્હારે આવી એક પ્રેરણારૂપ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. રાણપરડા ગામે સ્થિત પી.પી. સવાણી ફાર્મ હાઉસ ખાતે આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં, માવઠાને કારણે ખેતીમાં નુકસાન વેઠનારા ખેડૂતોના દીકરા-દીકરીઓની સ્કૂલ ફીની રકમના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. આ સહાયમાં સ્કૂલ તથા કોલેજ સુધી અભ્યાસ કરતા અસરગ્રસ્ત ખેડૂતોના દીકરા દીકરી વિદ્યાર્થીઓની ફીની જવાબદારી પી.પી. સવાણી ગ્રુપ દ્વારા ઉપાડી લેવામાં આવી છે, જેથી આદર્શ ગામના ખેડૂતો પર આર્થિક બોજ હળવો થઈ શકે અને બાળકોનું શિક્ષણ અટકે નહીં જેના સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે માત્ર ખેડૂતો જ નહીં, પરંતુ રાણપરડા ગામનું નામ રોશન કરનાર અને સરકારી નોકરીમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત ગામના કર્મીઓનું પણ "વતનના રતન" તરીકે સન્માન કરવામાં આવ્યું હતું. વતનમાં રહીને કે બહાર રહીને રાષ્ટ્રસેવામાં યોગદાન આપતા આ રત્નોને સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.આ સેવાકીય કાર્યક્રમમાં ગામના ભામાશા વલ્લભભાઈ પી. સવાણી, હજારો દીકરીઓના પાલક પિતા તરીકે જાણીતા મહેશભાઈ સવાણી, સામાજિક અગ્રણી બાબુભાઈ વિરડીયા, લક્ષ્મણભાઈ માંગુકિયા, કાંતિભાઈ ભરોલીયા , વલ્લભભાઈ ચોથાણી સહિતના અનેક સામાજિક અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મામાદેવ પરિવાર દ્વારા ચોથો પાટોત્સવ ઉજવાયો



સુરત સ્થિત કામરેજના અમૃતવિલા રેસીડેન્સીમાં મામાદેવ મંદિર દ્વારા મામાદેવ પરિવારના ચોથા પાટોત્સવનું આયોજન થયું હતું. પાટોત્સવમાં મામાદેવ પરિવારના બીપીન બાપુ સહિત મોટી સંખ્યામાં ભક્તોની ભારે ભીડ જામી હતી. પાટોત્સવમાં સંજય રાવલ, ભવદીપ રાવલ અને કાજલ બુંધેલિયા દ્વારા મોડીરાત સુધી ભક્તિમય માહોલ બનાવવામાં આવ્યો હતો.

## ૨૫ રાજ્યોના ૭૦૦થી વધુ બાળ ખેલાડીઓ વચ્ચે

# સુરતમાં સબ જુનિયર નેશનલ ખો-ખો ચેમ્પિયનશીપનું સમાપન

## બોયઝ વિભાગમાં કર્ણાટક અને ગર્લ્સ વિભાગમાં પંજાબે બાજી મારી

સુરતની ખેલપ્રેમી જનતા માટે ગૌરવપૂર્ણ ક્ષણો વચ્ચે અઠવાલાઈન્સ સ્થિત કે.પી. કોલેજ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલી સબ જુનિયર નેશનલ ખો-ખો ચેમ્પિયનશીપ ૨૦૨૫-૨૬નું બુધવારે ભવ્ય રીતે સમાપન થયું. પાંચ દિવસ સુધી ચાલેલી આ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં દેશના ૨૫ રાજ્યોમાંથી ૭૦૦થી વધુ છોકરા-છોકરી ખેલાડીઓએ પોતાની ઝડપ, ચપળતા અને રમતકૌશલ્યથી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા.

આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટનું આયોજન અમરેલી જિલ્લા ખો-ખો એસોસિએશન અને સુરત ખો-ખો એસોસિએશન દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. સ્પર્ધાને ખો-ખો ઈન્ડિયા તથા એશિયન ખો-ખો ફેડરેશનની અધિકૃત માન્યતા પ્રાપ્ત હતી. સમગ્ર આયોજન દરમિયાન ખેલાડીઓ માટે રહેવા અને જમવાની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં હોટેલ ઈન્ફિનિટી, કેદારનાથ અને મેવાડ ભવન (ઉધના) ખાતે નિવાસ અને ગ્રાઉન્ડ પર જ ભોજનની સુવિધા આપવામાં આવી હતી. રાષ્ટ્રીય સ્તરની આ ચેમ્પિયનશીપ દરમિયાન રાજીવ મહેતા (પ્રમુખ, એશિયન ખો-ખો ફેડરેશન અને ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયા), રાની તિવારી (જનરલ સેક્રેટરી, એશિયન ખો-ખો ફેડરેશન), નારણભાઈ કાછડીયા (પ્રમુખ, ગુજરાત સ્ટેટ ખો-ખો એસોસિએશન) અને શ્રી મુકેશ પટેલ (જનરલ સેક્રેટરી, ƺજીƽƽƽછ) દ્વારા સતત માર્ગદર્શન આપવામાં આવ્યું. છોકરાઓના વિભાગમાં કર્ણાટક ટીમે ઉત્કૃષ્ટ રમત દર્શાવી પ્રથમ સ્થાન મેળવ્યું, જ્યારે તમિલનાડુ દ્વિતીય અને ઉત્તર પ્રદેશ તૃતીય ક્રમે રહ્યું. યજમાન ગુજરાત ટીમે ચોથું સ્થાન મેળવી પ્રશંસનીય પ્રદર્શન કર્યું. છોકરીઓના વિભાગમાં પંજાબ ટીમે શાનદાર દેખાવ સાથે ચેમ્પિયન બનવાનો માન મેળવ્યો. મહારાષ્ટ્રને દ્વિતીય, કર્ણાટકને તૃતીય અને હરિયાણાને ચોથું સ્થાન પ્રાપ્ત થયું. સમાપન પ્રસંગે વિજેતા અને ઉપવિજેતાઓને સુરતના મેયર શ્રી દક્ષેશભાઈ માવાનીના હસ્તે ટીમોને ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા. આયોજકોના જણાવ્યા અનુસાર, આવી રાષ્ટ્રીય સ્પર્ધાઓ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોના બાળ ખેલાડીઓ માટે રાષ્ટ્રીય મંચ સુધી પહોંચવાની મહત્વની તક પૂરી પાડે છે. સુરતમાં યોજાયેલી આ ચેમ્પિયનશીપથી શહેરની રમતિયાળ છબી વધુ મજબૂત બની હોવાનું પણ તેમણે જણાવ્યું.

# કાકરાપાર ડેમની મુલાકાત લેતા પાણી પુરવઠા રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલ

## જળસંપત્તિ મંત્રીએ કાકરાપાર ડેમ અને વિવિધ સિંચાઈ યોજનાઓ હેઠળ કામગીરીનું નિરીક્ષણ કર્યું

સુરત, તા.૧૬

રાજયના જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના રાજયમંત્રી ઈશ્વરસિંહ પટેલે સુરત જિલ્લાના કાકરાપાર ડેમની ઔપચારિક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ચાલી રહેલી પાણી પુરવઠા અને સિંચાઈ યોજનાઓ હેઠળના વિવિધ કાર્યોની સમીક્ષા કરી હતી. તેમની સાથે સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા પણ જોડાયા હતા.

આ મુલાકાત વેળાએ મંત્રીશ્રીએ તડકેશ્વર ખાતે સિંચાઈ પેટા વિભાગ હસ્તક કાકરાપાર જમણાકાંઠા મુખ્ય નહેર પર પ્રગતિ હેઠળ ડ્રેનેજ સાયફનના કામોનું નિરીક્ષણ કર્યું હતું. મંત્રીશ્રીએ કાકરાપાર ડેમ આધારિત સઠવાવ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની રૂબરૂ મુલાકાત લઈ સમગ્ર શુદ્ધિકરણ પ્રક્રિયાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. આ સથવાવ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા આસપાસના કેટલા ગામો અને અંદાજે કેટલી જનસંખ્યાને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવામાં આવે છે, તે અંગે અધિકારીઓ સાથે સમીક્ષા કરી હતી.

ત્યારબાદ તેમણે મહત્વકાંક્ષી 'કાકરાપાર-ગોડધા વડ ઉદવહન સિંચાઈ યોજના'ની સ્થળ મુલાકાત લીધી હતી. જેમાં કાકરાપાર પમ્પિંગ સ્ટેશન તેમજ ગોડધા વીયર ખાતે આવેલા પમ્પિંગ સ્ટેશનની મુલાકાત લીધી હતી. સઠવાવ ખાતે ખેડૂતો સાથે મંત્રીશ્રીએ શુભેચ્છા મુલાકાત કરી હતી. નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગુજરાત દ્વારા ખેડૂતો સિંચાઈ માટે ખેતર સુધી પાઈપલાઈન દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. આ મુલાકાત વેળાએ દક્ષિણ ગુજરાતના મુખ્ય ઈજનેર આર. એમ. પટેલ, અધિક્ષક ઈજનેર ઉકાઈ એ. આર. પટેલ, અધિક્ષક ઈજનેર સુરત સિંચાઈ વર્તુળ એસ. બી. દેશમુખ, કાર્યપાલક ઈજનેર સૌરભ ભોયા તેમજ સિંચાઈ અને પાણી પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# સુરત વન વિભાગ દ્વારા ડુમસ ખાતે નવા વિશ્રામ ગૃહનું નિર્માણ

## નવા ભવનનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય મુકેશભાઇ પટેલ અને સંદિપભાઇ દેસાઇ

સુરત, તા.૧૬

સુરત વન વિભાગ દ્વારા ડુમસ ખાતે ધારાસભ્ય મુકેશભાઇ પટેલ અને સંદિપભાઇ દેસાઇના હસ્તે રૂ.૧.૧૫ કરોડના ખર્ચે નિર્માણ પામનાર વન વિશ્રામ ગૃહનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ અવસરે ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા વિકાસના કાર્યો માત્ર શહેરોના કેન્દ્ર સુધી સીમિત રાખવામાં આવ્યા નથી, પરંતુ છેવાડાના માનવી સુધી પહોંચે તે રીતે યોજનાબદ્ધ વિકાસ કરવામાં આવી રહ્યો છે. સુરત શહેરનું મહત્વપૂર્ણ પ્રવાસન કેન્દ્ર એવા ડુમસ દરિયાકિનારે દર વર્ષે મોટી સંખ્યામાં પ્રવાસીઓ અને નાગરિકો મુલાકાત લે છે. પ્રવાસનને પ્રોત્સાહન મળે અને સ્થાનિક લોકોને રોજગારીની તકો ઊભી થાય તે હેતુથી ડુમસ વિસ્તારનો સર્વાંગી વિકાસ કરવામાં આવી રહ્યો છે. વન વિભાગ દ્વારા નિર્માણ થનારા આધુનિક સુવિધાયુક્ત વિશ્રામગૃહો દૂરથી આવતા પ્રવાસીઓ માટે ખાસ ઉપયોગી સાબિત થશે તેમજ ડુમસને આકર્ષક પ્રવાસન સ્થળ તરીકે નવી ઓળખ મળશે.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી સંદિપભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ડુમસમાં રૂ.૫૦૦ કરોડના ખર્ચે સિ-ફેસ પ્રોજેક્ટની કામગીરી ચાલી રહી છે, જેમાંથી અંદાજે ૫૦ ટકા કામ પૂર્ણ થઈ ચૂક્યું છે અને બાકી રહેલી કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. ડુમસ દરિયાકિનારે વિવિધ વિકાસ કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે, જેના કારણે આ વિસ્તાર એક મહત્વપૂર્ણ પ્રવાસન સ્થળ તરીકે વિકસિત થઈ રહ્યો છે. ડુમસ સુધી પહોંચવાના માર્ગો પાકા બનાવવામાં આવ્યા છે તેમજ પ્રાથમિક સુવિધાઓ સંબંધિત તમામ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. પીવાના પાણીની સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવ્યું છે સાથે જ વન વિભાગ દ્વારા નિર્માણ પામતા વિશ્રામગૃહો પ્રવાસીઓ માટે ઉપયોગી સાબિત થશે. આ તમામ વિકાસ કાર્યોના પરિણામે સુરત શહેરનો સર્વાંગી વિકાસ ઝડપી બન્યો છે. આ પ્રસંગે વન વર્તુળ સુરતના વન સંરક્ષક શ્રી પુનીત નૈય્યર, સામાજિક વનીકરણ વર્તુળ-ભરૂચના વન સંરક્ષક શ્રી આનંદકુમાર, સામાજિક વનીકરણ વિભાગ સુરતના નાયબ વન સંરક્ષક શ્રીમતી મિતલ સાવંત, નાયબ વન સંરક્ષકશ્રી ધીરજકુમાર,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, સહિત વન વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા.



# રૂંઢ-મગદલ્લાના આશાપુરી મંદિર દ્વારે ૩૮મો પાટોત્સવ ઉજવાશે

સુરત, તા.૧૬

પરંપરા એ અવિરત ભક્તિ અને શ્રદ્ધાનું પ્રમાણ છે, જે વાત દરેક તીર્થ, ધામ, મંદિરને લાગુ પડે છે, દરેક મંદિર સાથે જોડાયેલી કોઈ શ્રદ્ધા, મનોકામના હોય છે જેમ કે રૂંઢ, મગદલ્લા કાંઠા વિસ્તારનું મા આશાપૂરી માતાજીનું લોક પ્રસિદ્ધ મંદિરે પરંપરાગત રીતે મંદિરનો ૩૮મો પ્રાગટ્ય દિવસ ઉજવાશે. કથાવિભાગના ઘણા ગામ ગલી કસ્બાનેને જોડતું આ મંદિર યુવાપેઢીની ભક્તિનું પણ પ્રમાણ છે જે અંગે મંદિરના સંચાલક શ્રી સંદીપભાઈ અને આશિષભાઈ પટેલે કહે છે કે પેઢી દર પેઢી ચાલે તેવો વારસો અને આશીર્વાદ અમારા વડીલો આ ગામ માટે મૂકી ગયા છે જેને આગળ ચલવવા અમે પ્રસન્નતા અનુભવીએ છીએ, અહીં પાટોત્સવ પ્રસંગે હજારો ભક્તો તેમની પૂરી થયેલી મનોકામના બદલ મા આશાપુરીનો આભાર માનવા આવે છે, જેમને સંતાન નથી તેઓ અહીં સંતાનપ્રાપ્તિની પ્રાર્થના કરવા આવે છે, પાટોત્સવના દિવસે ભંડારો પણ મોટા પ્રમાણમા થાય છે જેમાં સવારના આવેલા ભક્તો સાંજના છેડે ભક્તિ અને પ્રસાદનો મોટો ઓડકાર ખાઈને જાય છે.

# પારનેરા ડુંગર આરોહણ-અવરોહણ સ્પર્ધાનું આયોજન

## પારનેરા ગામથી મંદિર તરફ અને ડુંગર તળેટીથી પારનેરા ગામ તરફ જતો રસ્તો બંધ

વલસાડ, તા.૧૬

ગુજરાત સરકારશ્રીના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર હસ્તકના કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને જિલ્લા વહીવટી તંત્ર વલસાડ દ્વારા આયોજિત રાજયકક્ષાની ઐતિહાસિક પર્વત "તૃતીય રાજયકક્ષા પારનેરા ડુંગર વલસાડ આરોહણ – અવરોહણ સ્પર્ધા ૨૦૨૫-૨૬" તા.૧૮-૦૧-૨૦૨૬ના રોજ યોજાશે. જેમાં ગુજરાતભરના સિનિયર સાહસવીર ખેલાડી ભાઈઓ અને બહેનો સ્પર્ધામાં ભાગ લેવા ઉપસ્થિત રહેશે.તા.૧૮-૦૧-૨૦૨૬ના રોજ સવારે ૦૭.૦૦ કલાકથી ૧૦.૦૦ કલાક સુધી પારનેરા ડુંગર તળેટી, પારનેરા સ્થળે સદર સ્પર્ધા હોવાથી, પારનેરા ગામથી મંદિર તરફ જતો રસ્તો તેમજ મંદિરની તળેટીથી ઉપર મંદિર (સ્થાનક) સુધીના પગથિયાવાળો રસ્તા પરથી જાહેર જનતા આવન-જાવન કરી શકાશે નહિ. જેની સર્વ જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે. અતુલ ગ્રામ પંચાયત તરફથી મંદિર સુધી રસ્તો તેમજ પગથીયાવાળો રસ્તો જાહેર જનતા માટે ખુલ્લો રાખવામાં આવ્યો છે.

### ભારત-અમેરિકા વચ્ચે

પહેલા પાનાનું ચાલુ

સંપૂર્ણપણે સંમત અને તૈયાર થઈ જાય ત્યારે જાહેરાત કરવામાં આવશે.

વાણિજય સચિવ રાજેશ અગ્રવાલ દ્વારા રજૂ કરાયેલા આંકડા ભારતીય નિકાસકારોની સ્થિતિસ્થાપકતાને પ્રતિબિંબિત કરે છે. તેમણે સમજાવ્યું કે અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ઊંચા ટેરિફ અને દબાણ છતાં, ભારત દર મહિને આશરે ૭ બિલિયન (અબજ રૂપિયા) ની કિંમતના માલસામાનની નિકાસ અમેરિકામાં કરી રહ્યું છે.

આનો અર્થ એ છે કે, અમેરિકન બજારમાં ભારતીય ઉત્પાદનોની માંગમાં ઘટાડો થયો નથી. ભારતીય નિકાસ માત્ર અમેરિકામાં જ નહીં, પરંતુ ચીન અને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) જેવા બજારોમાં પણ સારું પ્રદર્શન કરી રહી છે.

રિપોર્ટ અનુસાર, કાપડ, સીફૂડ અને રત્નો અને ઝવેરાત જેવા ક્ષેત્રોએ નોંધપાત્ર સ્થિતિસ્થાપકતા દર્શાવી છે. અમેરિકામાં કરના બોજ છતાં, આ ક્ષેત્રોએ તેમનો વિકાસ જાળવી રાખ્યો છે.

ભારતના અર્થતંત્રની કરોડરજ્જુ ગણાતા ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે એક નવો માર્ગ પણ શોધી કાઢ્યો છે. સરકાર કહે છે કે ભારતીય ફાર્માસ્યુટિકલ કંપનીઓ હવે ફક્ત અમેરિકા પર નિર્ભર નથી. અમે વૈવિધ્યકરણની નીતિ અપનાવી છે.

ભારતીય ફાર્માસ્યુટિકલ્સ હવે બ્રાઝિલ અને નાઈજીરીયા જેવા ઉભરતા બજારોમાં પ્રવેશ કરી રહી છે. આનો અર્થ એ છે કે જો એક દરવાજો થોડો બંધ થાય તો પણ ભારતીય કંપનીઓએ પોતાના માટે ચાર નવા દરવાજા ખોલ્યા છે.

### ઈન્દોરમાં

પહેલા પાનાનું ચાલુ

રાજયમાં બગડતી જળ ગુણવત્તાના વિરોધમાં કરવામાં આવશે.

આંદોલનનો પ્રથમ તબક્કો ૧૭ જાન્યુઆરીએ થશે. આ દિવસે શહેરી જિલ્લા કોંગ્રેસ સમિતિઓ ભાગીરથપુરાની ઘટના અને જળ ગુણવત્તાના મુદ્દે જિલ્લા સ્તરે એક દિવસીય ઉપવાસ રાખશે. આ ઉપવાસ સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી રહેશે. ગ્રામીણ જિલ્લાઓમાં પણ મનરેગા અને જળ ગુણવત્તાને લઈને ઉપવાસ આયોજિત કરવામાં આવશે.

બીજો તબક્કો ૧૮ થી ૩૧ જાન્યુઆરી સુધી ચાલશે, જેમાં જનજાગૃતિ અભિયાન, જળ ગુણવત્તા સંબંધિત તથ્યો અને પુરાવા એકત્ર કરવા, દૂષિત જળ સ્ત્રોતો, સીવેજ લાઈનો અને ઔદ્યોગિક કચરાવાળા વિસ્તારોની આસપાસ પાણીની તપાસ જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.

### ઈરાનથી

પહેલા પાનાનું ચાલુ

cons.tehran@mea.gov.in

ઈરાનમાં હાજર એ તમામ ભારતીય નાગરિકો જેમણે હજુ સુધી ભારતીય દૂતાવાસમાં રજીસ્ટ્રેશન કરાવ્યું નથી, તેમને વિનંતી છે કે તેઓ આ લિંક (https://www.meaers.com/request/home) દ્વારા રજીસ્ટર કરે.

આ લિંક દૂતાવાસની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે. જો ઈરાનમાં ઈન્ટરનેટ અવરોધિત થવાને કારણે કોઈ ભારતીય નાગરિક નોંધણી કરવામાં અસમર્થ હોય, તો ભારતમાં તેમના પરિવારના સભ્યોને વિનંતી છે કે તેઓ તેમની વતી નોંધણી કરી શકે છે.

### ગુજરાતમાં

પહેલા પાનાનું ચાલુ

વધુમાં મળતા અહેવાલો મુજબ કાશ્મીરમાં ભારે બરફના કારણે સોરઠના તાપમાનમાં છેલ્લા બે દિવસથી પારો ૫ ડીગ્રીએ નીચે ઉતરી જતા કાતીલ ઠંડીના કારણે જનજીવન ઉપર તેની માઠી અસર જોવા મળી રહી છે.

ઉત્તરાયણની રાત્રીના પારો નીચે ગગડીને ૭.૫ ડીગ્રીએ નીચે ઉતરી જતા ભારે પવન સાથે જીવન અસ્તવ્યસ્ત કરી નાખી એક સાથે મેકસીમમ પારો ૫ ડીગ્રી ઉતરી જતા મેકસીમમ પારો આજે પણ ૯ ડીગ્રીએ નોંધાયો હતો.

જયારે મીનીમમ ૮.૪ ડીગ્રી નીચે જવા પામ્યો હતો. ગિરનાર પર્વત ઉપર ૩.૪ ડીગ્રીએ નોંધાયો હતો. બરફીલા પવનની ગતિ આજે ઘટીને પ્રતિકલાક ૨.૬ કિ.મી.ની ઝડપે નોંધાઈ છે. વાતાવરણમાં ભેજ વધીને ૮૪ ટકા નોંધાયો છે. જયારે જામનગરમાં પોષ મહિનાના અંતિમ દિવસોમાં શિયાળો અસલ મિજાજમાં આવ્યો હોય તેમ છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનો પારો નીચો રહ્યો છે.

ફરી એકવાર આજે સિંગલ ડીઝીટ લઘુતમ તાપમાન ૯.૫ ડીગ્રી પહોંચી ગયું હતું. શહેરની બજારોમાં લોકોની ચહલ પહલ ઘટી જતા કુદરતી સંચારબંધી સર્જાઈ હોય તેવો માહોલ જોવા મળ્યો હતો.

ઠંડીના પારાની સાથે મહતમ તાપમાન પણ ૨૬ ડીગ્રી નોંધાયુ હતું. જયારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૦ ટકા રહેતા ઝાકળવર્ષાથી વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. પવનની ગતિ પ્રતિકલાક ૨.૯ કિ.મી. નોંધાઈ હતી. તથા ગોહિલવાડ પંથકમાં લઘુતમ તાપમાન ચાર ડીગ્રી વધતા ઠંડીમાં ઘટાડો થયો છે.

આજે શુક્રવારે ભાવનગર શહેરનું લઘુતમ તાપમાન ૪ ડીગ્રી વધીને ૧૪.૪ ડીગ્રી નોંધાયુ હતું. સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૧ ટકા હતું. જયારે પવનની ઝડપ ૮ કી.મી. પ્રતિકલાકની રહેવા પામી હતી.

### અમેરિકાના વિઝામાં લાંબો

પહેલા પાનાનું ચાલુ

સિરવાલ્લાએ કહ્યું, જો કોઈ કારણસર અમેરિકન કંપનીઓના કર્મચારીઓને ભારતમાં સમય વિતાવવો પડે, તો કર્મચારી અને તેમના અમેરિકન નોકરીદાતા બંને માટે સંભવિત ટેક્સ અસર હોઈ શકે છે, જેનું ખૂબ જ સાવચેત મૂલ્યાંકન જરૂરી છે.

### વેનેઝુએલાના નેતાો

પહેલા પાનાનું ચાલુ

ગુરુવારે વ્હાઈટ હાઉસમાં યોજાયેલી બેઠક પહેલાં નોબેલ સંસ્થાએ ઠ પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે એક મેડલના માલિક બદલાઈ શકે છે, પરંતુ નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતાનું બિરુદ બદલી શકાતું નથી.

ઓક્ટોબર ૨૦૨૫માં મચાડોને નોબેલ શાંતિ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમને 'વેનેઝુએલાના લોકોના લોકતાંત્રિક અધિકારો માટેના તેમના સતત પ્રયાસો અને તાનાશાહીમાંથી લોકશાહી તરફ શાંતિપૂર્ણ તથા ન્યાયપૂર્ણ પરિવર્તનની લડાઈ' માટે આ સન્માન મળ્યું હતું.

### સુરત પોલીસ

પેજ-૨ પાનાનું ચાલુ

લાખો મજૂરો કામ કરે છે અને કાયદો-વ્યવસ્થાની સુરક્ષા અત્યંત જરૂરી છે. ભાજપ સરકારના શાસનમાં પોલીસ વિભાગની આ હાલતથી શહેરના નાગરિકોમાં અસુરક્ષાની લાગણી વધી રહી છે. ગૃહમંત્રી તરીકે હર્ષભાઈ સંઘવીએ તાત્કાલિક આ જગ્યાઓ ભરવા માટે પગલાં લેવા જોઈએ અને પોલીસ વિભાગને મજબૂત બનાવવું જોઈએ. અન્યથા, આ બેદરકારીથી વધતા અપરાધોની જવાબદારી સીધી સરકારની રહેશે.

### બોર્ડના વિદ્યાર્થીઓ

પેજ-૨ પાનાનું ચાલુ

માર્ગદર્શન અને કાઉન્સેલિંગ આપવામાં આવશે. સાથે સાથે ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ (સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહ)ના કુલ ૫૬ વિષયોના અનુભવી વિષય નિષ્ણાત શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને વિષયવાર અભ્યાસ યોજના, સંકલ્પના સ્પષ્ટતા, પ્રશ્નોત્તરી તથા પરીક્ષા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે. આ હેલ્પલાઇનની કામગીરી વધુ અસરકારક બને તે હેતુસર, સ્વેચ્છાએ જોડાયેલા તમામ વિષય નિષ્ણાત શિક્ષકોને તા. ૦૭/૦૧/૨૦૨૬ના રોજ વલસાડ સ્થિત આર.જે.જે. હાઈસ્કૂલ ખાતે માનસિક તજજ્ઞ ડૉ. વિરેન્દ્ર સોલંકી દ્વારા પરીક્ષા પૂર્વ માનસિક સહાય, વિદ્યાર્થીઓ સાથે સંવાદની પદ્ધતિઓ તથા તણાવ વ્યવસ્થાપન અંગે એકદિવસીય વિશેષ તાલીમ પણ આપવામાં આવી હતી.

### મકરસંક્રાંતિ પર્વ

પેજ-૨ પાનાનું ચાલુ

આવ્યું. રંગોળી સ્પર્ધા સમાજમાં સંસ્કૃતિ પ્રત્યેની લાગણી અને પરંપરાને જીવંત રાખવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ સાબિત થયો.

સ્પર્ધામાં વિજેતા પ્રતિસ્પર્ધીઓને ઇનામો આપવામાં આવ્યા તેમજ તમામ ભાગ લેનારાઓને પ્રોત્સાહક ઈનામો આપી તેમનો ઉત્સાહ વધારવામાં આવ્યો. આ કાર્યક્રમ માત્ર સ્પર્ધાત્મક ન રહી, પરંતુ પરિવાર અને સમાજને એકસાથે જોડતો સાંસ્કૃતિક ઉત્સવ બની રહ્યો. આ અવસરે સ્થાનિક કોર્પોરેટરો શ્રી વિક્રમ પાટીલ અને શ્રીમતી કવિતા એનાગંદુલા સહિત સમાજના આગેવાનો રાપોલુ બચ્ચિરામુલુ , દાસરી શ્રીનિવાસ, એલિગેટી નાગેશ, તુમ્મા રમેશ, વનમ સુરેશ, જમુના વનમ, બોગા કૃષ્ણવેણી, તાટીપામુલા મોહન, રુદ્ર રવિ, તુમ્મા વેંકનના, મચ્છા વિરાનના , આડેપુ વેંકનના, ચેન્ના રમેશ, પોટ્ટાબત્તીની ઉદયબાનુ, સિરિગડે સતીશ, સુમકનપલ્લી બુગલાચારી, ચિંતાકિંદે સોમનના, સિદ્ધા શ્રીનિવાસ, ગુડલા અજય, વાડેપલ્લી રમેશ, રમેશ મિશ્રા, ઉપેન્દર દસ્સા, કોન્ડાબત્તીની શ્રીનિવાસ, આહમકારપું રાજુ, તાલીશેટ્ટી વેંકટ રામનરસૈયા, કુરાપાટી પ્રભાકર સહિત અનેક માનનીય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. મકર સંક્રાંતિના પાવન તહેવારે તમામ લોકોએ એકત્રિત થઈ પરંપરા, સંસ્કૃતિ અને એકતાનો સંદેશ આપ્યો અને આ ઉજવણીને યાદગાર બનાવી.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Babubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

શુક્રવાર, તા.૧૬ જાન્યુઆરી ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

### શાળાનું સ્થળ બદલવાનો વિવાદ

# મનપા વડી કચેરીએ 'આપ'ના કોર્પોરેટરો રૂપારેલિયા અને સાકરિયાના રાતભર ધરણા

## ભાજપની જુથબંધીને કારણે શાળાનું સ્થળ બદલી દેવાયું : પાયલ સાકરિયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

કતારગામનાં ધારાસભ્ય વિનુ મોરડીયાની ભલામણને પગલે સુમન શાળાનું સ્થળ બદલીને નવી જગ્યાએ બાંધકામની કામગીરી ચાલી રહી હોય આ મુદ્દે વિપક્ષ દ્વારા મનપામાં ઉગ્ર રજુઆતો કરીને વિરોધ કરવામાં આવી રહયો છે ત્યારે સામાન્ય સભામાં આ મુદ્દે શાસક અને વિપક્ષ વચ્ચે તડાફડી બાદ ગઈકાલે આમ આદમી પાર્ટીનાં કોર્પોરેટરો તેમજ વિપક્ષ નેતા પાયરલ સાકરીયા દ્વારા મનપા કચેરીનો ઘેરાવ કરવામાં આવ્યો છે. આજે સવારે પણ આમ આદમી પાર્ટીના કોર્પોરેટરોએ મનપા મુખ્ય કચેરીનો ઘેરાવ કર્યો છે. ગઈકાલે મોડી રાત્રિ સુધી મનપા કચેરીમાં બાળકોના શિક્ષણ મુદ્દે લડત કરતા આપના નેગર સેવક ડો.કિશોર રૂપારેલીયા અને દિપ્તીબેન સાકરીયા ધરણા પર બેસી રહ્યા હતા.

સુરત મહાનગર પાલિકા વિપક્ષ નેતા અને આમ આદમી પાર્ટી કોર્પોરેટર પાયલ સાકરીયાએ જણાવ્યું હતું કે, કતારગામ વિસ્તારમાં સુમન શાળાનું સ્થળ ભાજપના નેતાના ઈશારે બદલાઈ ગયું હતું અને હાલ ત્યાં બાંધકામ ચાલી રહયુ છે જેનો આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. આજે સવારે સાડા આઠ વાગ્યાથી મનપા કચેરીનો ઘેરાવ કરાયો છે. કતારગામમાં સુમન શાળાની જગ્યા બદલવા અંગે સ્થાયી સમિતિમાં તેમજ સામાન્ય સભામાં કોઈ મંજુરી લેવામાં આવી નથી. તેમ છતાં ટીપી સ્કીમ નં.૩૫, ફા.પ્લોટ નં.૧૨૩માં વર્ક ઓર્ડર વગર બાંધકામ શરૂ કરી દેવાયું છે. ગઈકાલે મોડી રાત્રિ સુધી આ મુદ્દે આપના કોર્પોરેટર ડો.કિશોર રૂપારેલીયા અને દિપ્તીબેન સાકરીયા દ્વારા મનપા કચેરીએ ધરણા કરાયા હતા. ઉલ્લેખનીય છે કે, આ મુદ્દે ભાજપના કોર્પોરેટર નરેન્દ્ર પાંડવ દ્વારા પણ પહેલાથી જ વિરોધ કરાઈ રહ્યો છે. તેમણે અગાઉ આ મુદ્દે મનપા કમિશનરને ફરીયાદ પણ કરી હતી.



કતારગામ ઝોનની નગર પ્રાથમિક શાળાના નવા બિલ્ડિંગનું સ્થળ બદલવાનો વિવાદ ભારે ચર્ચાસ્પદ બન્યો છે. ભાજપની આંતરીક જૂથબંધીના કારણે નવી મંજુર થયેલી શાળાનું સ્થળ બદલી દેવાતા સુરત શહેર આમ આદમી પાર્ટીના બે નગર સેવકોએ મનપા કચેરીએ રાતભર ધરણા કર્યા હતા અને સવારે અન્ય નગર સેવકો તથા આગેવાનો દ્વારા દંડપત ધરણા કરવામાં આવ્યા હતાં.



તા.૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસની ઉજવણીના ભાગરૂપે નાનપુરા ખાતે આવેલા નાવડી આઈલેન્ડને કેસરી, લીલો અને સફેદ રંગથી રંગીને તિરંગો સાકાર કરવામાં આવ્યો હોવાનું આ તસવીરમાં નજરે પડે છે. (તસવીર : હનીફ મલેક)

# સુરતમાં ઠંડીની અસર ઘટી તાપમાનમાં દોઢ ડિગ્રીનો વધારો

### પવનની દિશામાં ફેરફાર થતા વહેલી સવારે તાપમાન વધ્યું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

જાન્યુઆરી મહિનાની શરૂઆતથી જ શહેરમાં શિયાળાની ચાલુ સિઝનમાં રેકર્ડ બ્રેક તાપમાન નોંધાવવાની શરૂઆત થઈ હતી ત્યારે ગઈકાલે મોડી રાત્રિથી વહેલી સવારે લઘુત્તમ તાપમાનનો પારો ૧૩.૨ સેલ્સિયસ ડિગ્રી પર પહોંચી ગયા બાદ આજે સવારે લઘુત્તમ તાપમાનમાં એક થી દોઢ ડિગ્રીનો વધારો થયો છે. જોકે ઠંડીની અસર યથાવત રહી છે. પાછલા બે વર્ષમાં જાન્યુઆરી મહિનામાં લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી સુધી આ સિઝનમાં પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે. પવનની દિશા બદલાતાની સાથે લઘુત્તમ તાપમાનમાં એકથી દોઢ ડિગ્રીનો વધારો થયો છે. આજે સવારે દક્ષિણ પુર્વ દિશામાંથી પ્રતિ કલાક ૪ કિ.મીની ઝડપે પવન ફુંકાયા હતા.

સુરત હવામાન વિભાગ પાસેથી મળતી વિગત અનુસાર આજે સવારે શહેરનું લઘુત્તમ તાપમાન ૧૪.૬ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું છે. ગઈકાલે સવારે લઘુત્તમ તાપમાન ૧૩.૨ સેલ્યિસ ડિગ્રી હતું જે આજે પવનની દિશા બદલાતાની સાથે જ એકથી દોઢ ડિગ્રી વધતા ઠંડીની અસર થોડી ઓછી રહી હતી. જાન્યુઆરી મહિનાની શરૂઆતથી શહેરમાં તાપમાનનો પારો ગગડવાની શરૂઆત થઈ હતી દરમિયાન ગઈકાલે ચાલુ સિઝનમાં સૌથી ઠંડો દિવસ નોંધાયો હતો.

# સીમાડા નાકા નજીક રહેતા ૨૫ વર્ષિય રત્નકલાકારનો આપઘાત

### ટેક્સટાઈલ માર્કેટમાં મજુરી કામ કરતા કતારગામના આધેડની આત્મહત્યા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

સુરતમાં આપઘાતનો સિલસિલો યથાવત રહ્યો છે. શહેરના સીમાડા નાકા અને કતારગામ વિસ્તારમાં રહેતા બે વ્યક્તિઓએ અંતિમ પગલું ભરી જીવન ટૂંકાવતા ચકચાર મચી ગઈ છે. જેમાં એક યુવાન રત્નકલાકાર અને બીજા ટેક્સટાઈલ મજૂરી કામ કરતા આધેડનો સમાવેશ થાય છે.

સીમાડા નાકા પાસે આવેલા સ્વામીનારાયણ નગરમાં રહેતા ૨૫ વર્ષીય પિયુષભાઈ કનુભાઈ કથીરીયા નામના યુવકે ગતરોજ બપોરે ૧:૦૦ વાગ્યાના અરસામાં ધર્મનંદન ડાયમંડ પાસે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. પિયુષ વ્યવસાયે રત્નકલાકાર હતો અને હજુ અપરિણિત હતો. ઝેરી દવા પીધા બાદ તેને અર્ધબેભાન અવસ્થામાં તેના ભાઈ જયસુખભાઈ દ્વારા તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, સારવાર દરમિયાન સાંજે ૪:૪૫ વાગ્યે ફરજ પરના ડોક્ટર બ્રિજેશ મોરડીયાએ તેને મૃત જાહેર કર્યો હતો. જુવાનજોધ દીકરાના મોતના પગલે કથીરીયા પરિવારમાં ભારે આક્રંદ જોવા મળ્યું હતું.

બીજી ઘટનામાં કતારગામના મગનનગર-૧ માં રહેતા ૪૨ વર્ષીય મુકેશભાઈ નાનજીભાઈ ઘોઘારીએ પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મુકેશભાઈ ટેક્સટાઈલ માર્કેટમાં મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. પરિવારના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી તેમની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે તેઓ ચિંતિત રહેતા હતા અને તેના કારણે જ આ અંતિમ પગલું ભર્યું હોવાની આશંકા છે. મુકેશભાઈના આપઘાતથી તેમના બે બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી દીધી છે. તેમનો મોટો દીકરો હિત, જે અમદાવાદ રહેતો હતો, તે હાલમાં જ ઘરે આવ્યો હતો, જ્યારે તેમની નાની દીકરી માત્ર સાત વર્ષની છે. પિતાના આકસ્મિક નિધનથી બાળકો પર આભ તૂટી પડ્યું છે. પોલીસે આ બંને મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ચેક રિટર્ન કેસમાં યશ દોશીને દોષિત જાહેર કરતી અદાલત

### યશ દોશી તકસીરવાર ઠરતા એક વર્ષની સાદી કેદની સજા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

સુરતની કોર્ટે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળના એક કેસમાં આરોપી યશ દોશી (પ્રોપરાઈટર, ગ્રીફીન ઈવોટેક) ને દોષિત ઠેરવી સજા ફટકારી હતી.

ફરિયાદી રજનીકાંત ધડુક (કિષ્ના ઈલેક્ટ્રિકલ્સ) અને આરોપી એવા ગ્રિફીન ઈવોટેકના પ્રોપરાઈટર યશ દોશી વચ્ચે મુંબઈ ખાતે હાઈમાસ્ટ ટાવરના ઈન્સ્ટોલેશન માટે રૂ. ૯૩.૩૮ લાખના કરાર થયા હતા. કામ પૂર્ણ થયા બાદ બાકી નીકળતી રૂ. ૪૨,૫૪,૦૧૦/- ની રકમ ચૂકવવા માટે આરોપી યશએ ICICI બેંકનો ચેક આપ્યો હતો, જે બેંકમાંથી પરત ફર્યો હતો. લીગલ નોટિસ છતાં રકમ ન ચૂકવાતા ફરિયાદીએ એડવોકેટ રમેશ વી. સાનેપરા મારફતે સુરત કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ, કોર્ટે આરોપીને તકસીરવાર ઠેરવી ૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. આ સાથે જ ફરિયાદીને રૂ. ૪૨,૫૪,૦૧૦/- નું વળતર ૯% વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ કર્યો હતો. જો આરોપી આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય તો વધુ ૩ માસની જેલની સજા ભોગવવી પડશે.

# ઉત્તરાયણની રાત્રે સિંગણપોરમાં સીગારેટના મુદ્દે યુવાન પર હુમલો

### છોકરાને સીગારેટ લેવા મોકલવા અંગે યુવકને ચપ્પુ હુલાવી દેવાયું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

સિંગણપોર ગામ શુભમ માર્ટ પાછળ આવેલી સહજાનંદ સોસાયટીમાં ઉતરાણના દિવસે રાત્રિના સમયે ઈશ્વર જાદવ નામના યુવકને રવિ મારવાડી અને તેના મિત્રએ નજીવી બાબતે ચપ્પુના ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. બન્યું એવું હતું કે ઈશ્વર જાદવના મામાના દિકરા અમિત પવાર પાસે રવિ મારવાડીએ સીગારેટ મંગાવી હતી. જે બાબતે ઈશ્વર જાદવ ઠપકો આપવા જતા તેને સહજાનંદ સોસાયટી નંદઘર પાસે જાહેરમાં ચપ્પુ મરાયું હતું.

સિંગણપોર પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર સહજાનંદ સોસાયટી ઘર નં.૨૮૦માં રહેતો ઈશ્વર નરસિંગભાઈ જાદવ ઉ.વ.૩૦ મજુરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. મુળ મહારાષ્ટ્રના ભુસાવલ અઠવાડી બજારનો વતની ઈશ્વર ઉતરાણના દિવસે ઘરે હતો ત્યારે તેના મામાના દિકરા અમિત પવાર પાસે સહજાનંદ સોસાયટીના ઘર નં.૪૨૦માં રહેતા રવિ મારવાડી અને તેના મિત્રએ સીગારેટ મંગાવી હતી. આ બાબતે રવિ મારવાડીને ઈશ્વર જાદવ ઠપકો આપવા જતા રવિ મારવાડી અને તેના એક સાગરીતે ઈશ્વર જાદવને ચપ્પુના ઘા મારી દીધા હતા. આ મામલે સિંગણપોર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી. બનાવ અંગે પીએસઆઈ એસ.પી.ડાભી તપાસ કરી રહ્યા છે.



તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના પદમડુંગરી ખાતે આમલી ફળીયામાં નવીનભાઈ દલુભાઈ ચૌધરીના ઘરની પાછળ ખેતરમાં રાત્રે એક દીપડાનું બચ્ચું આશરે ૬/૭થી માસનું મૃતક હાલતમાં મળી આવ્યુ હતું. ત્યારે આમલી ફળીયા રહેતા આગેવાન કીર્તિભાઈ ચૌધરીએ પદમડુંગરીના વનવિભાગને જાણ કરતા વનવિભાગની ટીમ મૃતક દીપડાના બચ્ચાનો કબ્જો લીધો હતો.

# ચેક રિટર્ન કેસમાં હસમુખ બારૈયાને એક વર્ષની સજા ફટકારતી કોર્ટ

### ફરિયાદીને આર્થિક વળતર ચૂકવવા કોર્ટનો આદેશ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

શહેરના વરાછા વિસ્તારમાં રહેતા હસમુખભાઈ લક્ષ્મણભાઈ બારૈયાને ચેક રિટર્ન થવાના કેસમાં કોર્ટે એક વર્ષની જેલની સજા અને ચેકની રકમ મુજબનું વળતર ચૂકવવાનો મહત્વનો હુકમ કર્યો હતો.

હસમુખભાઈ બારૈયાએ 'આવકાર અર્બન કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિ.' માંથી પોતાના અંગત ધંધાના વપરાશ અર્થે લોન લીધી હતી. આ લોનની પરત ચુકવણી માટે તેમણે સોસાયટીને ચેક આપ્યા હતા, જે બેંકમાં રજૂ કરતા અપૂરતા બેલેન્સના કારણે પરત ફર્યા હતા. આ અંગે સંસ્થાના મેનેજર વિપુલભાઈ રાઠોડ દ્વારા એડવોકેટ નરેશ નાવડીયા, ભાવેશ નાવડીયા અને સંદીપ માંગુકીયા મારફતે કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

કેસની સુનાવણી દરમિયાન આરોપીએ બચાવ કર્યો હતો કે તેમણે લોન લીધી નથી કે ચેક આપ્યા નથી. જોકે, કોર્ટે આ દલીલો નકારી કાઢતા જણાવ્યું હતું કે, આરોપીએ પોતાનો બચાવ પુરાવા સાથે સાબિત કરવો પડે, માત્ર અનુમાનો પર નહીં. ફરિયાદી પક્ષના વકીલોની ધારદાર દલીલોને માન્ય રાખી કોર્ટે ઠરાવ્યું કે ચેક કાયદેસરના લેણાં પેટે જ આપવામાં આવ્યા હતા. પરિણામે, કોર્ટે આરોપીને તકસીરવાર ઠરાવી ૧ વર્ષની કેદ અને આર્થિક વળતરનો આદેશ આપ્યો હતો.

# ચોકબજારમાં રખડતા કૂતરાઓના ઝૂંડના કારણે લોકોમાં વ્યાપેલો ભય

### સાગર હોટલ પાસેની ગલીમાં કૂતરાઓને આતંક અંગે કરેલી ફરિયાદને પ્રતિસાદ મળતો નથી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

શહેરના સેન્ટ્રલ ઝોનમાં આવેલા ચોકબજાર વિસ્તારમાં રખડતા કુતરાઓનો ત્રાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. સાગર હોટલની બાજુની ગલી અને સુરતી બારહાડીના ટેકરા પાસે કુતરાઓના ઝુંડને કારણે સ્થાનિક રહીશો અને ખાસ કરીને બાળકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક રહીશ શેખ આરીફ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરવામાં આવી છે કે, આ વિસ્તારમાં રખડતા કુતરાઓ હિંસક બન્યા છે કે નાના બાળકો પર હુમલો થવાની ભીતિ સેવાઈ રહી છે. ક્યારેક રસ્તા પરથી પસાર થવું પણ મુશ્કેલ બન્યું છે. વારંવારની રજૂઆતો છતાં સમસ્યાનો ઉકેલ ન આવતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. રહેવાસીઓએ માગ કરી છે કે સુરત મહાનગરપાલિકા દ્વારા તાત્કાલિક અસરથી કુતરાઓને પકડવાની કામગીરી હાથ ધરવામાં આવે જેથી કોઈ મોટી દુર્ઘટના નિવારી શકાય.

# માંડવીના ડોક્ટર સાથે સાયબર ફ્રોડ ખાતામાંથી રૂા.૨.૯૯ લાખ ટ્રાન્સફર

### દિલ્હીના ઠગે ટુકડે ટુકડે એકાઉન્ટમાંથી રૂપિયા ગાયબ કરી દીધા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

માંડવી તાલુકાના ખત્રીવાડ કાતે રહેતા ડોક્ટરના બેંક એકાઉન્ટ અને ક્રેડીટ કાર્ડને હેક કરી સલમાન ખાન નામના કોઈક એકાઉન્ટ ધારકે તેમજ દિલ્હીના કોઈક ભેજાબાજે તબક્કાવાર ક્રેડીટ કાર્ડ તેમજ એકાઉન્ટમાંથી કુલ રૂ.૨.૯૯ લાખ ટ્રાન્સફર કરી લીધા હોવાની ફરીયાદ માંડવી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

આ અંગે જાણવા મળતી વિગત અનુસાર મુળ માંડવી તાલુકાના ખત્રીવાડ ભરૂચા લોજની પાછળ રૂતવન રેસીડેન્સીમાં રહેતા શશીકાંત શીવાજી ચૌધરી ઉ.વ.૫૭ ડોક્ટર છે. ગઈ તા.૧૭-૧૧-૨૦૨૫ના રોજ તેમના બેંક એકાઉન્ટ તેમજ ક્રેડીટ કાર્ડથી રૂપીયા ટ્રાન્સફર થઈ ગયા હતા. આ અંગે તપાસ કરતા સલમાન ખાન નામના એકાઉન્ટ ધારક કે જેનું એડ્રેસ ધનપુરા બ્રાંચ યુનિયન બેંક ઓફ ઈન્ડીયા બતાવે છે તે તેમજ દિલ્હીના એક ઠગે ટુકડે ટુકડે કરીને ડોકટરના બેંક એકાઉન્ટમાંથી રૂ.૨ લાખ ટ્રાન્સફર કરવા ઉપરાંત દિલ્હીની અલગ-અલગ પેઢીના નામે ક્રેડીટ કાર્ડમાંથી પણ રૂપીયા ટ્રાન્સફર કરી લેવાયા હતા. કુલ રૂ.૨.૯૯ લાખની છેતરપિંડી અંગે માંડવી પોલીસ સ્ટેશનમાં ગઈકાલે ડોક્ટર દ્વારા ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

# ફિટીંગ કરતી વખતે ધાબા પરથી કાચ પડતા કારીગરનું મોત

### કારખાનાના ધાબા પરથી છટકેલો કાચ નીચે ઉભેલા કારીગરના માથા પર પડ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

પાંડેસરા વિસ્તારમાં કાચ ફિટ કરવાનું કામ કરતી વખતે એક શ્રમિકનું કરૂણ મોત નિપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, પાંડેસરા પોલીસ કોલોનીમાં રહેતા ૪૫ વર્ષીય રાજ કુમાર મૌર્ય ગઈકાલે તા. ૧૫ જાન્યુઆરીના રોજ બપોરે પીયુષ પોઈન્ટ પાસે આવેલા જલારામનગરના પ્લોટ નં. ૮૮ પર કાચ ફિટ કરવાની કામગીરી કરી રહ્યા હતા. કામ દરમિયાન અચાનક ધાબા પરથી કાચ નીચે પડતા રાજ કુમારને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમની સાથે કામ કરતા સહકર્મી પ્રમોદકુમારે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઈ.એમ.ટી. સાહિલભાઈની ટીમ દ્વારા ઈજાગ્રસ્તને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

હોસ્પિટલમાં ફરજ પરના તબીબ ડો. એશાએ તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. પાંડેસરા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ નરશીભાઈ છનાભાઈને સોંપી છે.

**જાહેર ચેતવણી**

અમારો પુત્ર પ્રીત મહેન્દ્રભાઈ ખાચરીયા (ઉ.આ.વ. ૧૬) છેલ્લા ઘણાં સમયથી પોતાની રીતે સ્વચ્છંદી જીવન ગુજારતા આવેલ હોય, અમોએ પ્રીત ખાચરીયા સાથેનો તમામ રીતેના સંબંધોનો અંત લાવી દીધેલ છે. અન્ય ત્રાહિતો સાથેના મેળાપીપણામાં કોઈક અગમ્ય કારણોસર તદન ખોટી રીતે કાયદાકિય પ્રકરણો ઉભા કરવાની કોશીષ કરતા આવેલા છે. અને ગુનાહિત બદઈરાદે સમાજમાં ખોટી રીતે તદન મારી તથા મારા અન્ય કુટુંબીજનોની બદનામી થાય તેવી રીતે વર્તન કરતાં આવેલા છે. જેથી, આ જાહેર ચેતવણીથી સર્વેને જાહેર કરૂં છું કે, પ્રીત મહેન્દ્રભાઈ ખાચરીયા સાથેના કોઈપણ પ્રકારના વ્યવહારો અમોને કે અમારા કુટુંબીજનોને બંધનકર્તા રહેશે નહીં. તેમ છતાં જો કોઈપણ ઈસમ પ્રીત ખાચરીયા સાથે વ્યવહાર કરશે તેની સઘળી જવાબદારી તેઓની અંગત રહેશે જે અંગે અમારી કે અમારા કુટુંબીજનોની કોઈ જવાબદારી રહેલી નથી. જેની સ્પષ્ટ નોંધ લેશો. તા.૧૫/૦૧/૨૦૨૬

રહે : સી-૮-૩૦૨, ઓપેરા પેલેસ, ખોલવડ રોડ, ખોલવડ, તા. કામરેજ, જી. સુરત

મહેન્દ્ર રતિલાલ ખાચરીયા

**નામ બદલેલ છે**

મારુ જુનુ નામ **જયશ્રીબેન કૌશિક પોંકિયા** હતું જે બદલીને નવું નામ **જયશ્રીબેન કૌશિકભાઈ પોંકિયા** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.

**સહી : જયશ્રીબેન કૌશિકભાઈ પોંકિયા**

**સરનામું : બી-૨૦૩, રિવાન્ટા ગાર્ડન સિટી, વરીયાવ, સુરત-૩૯૪૫૨૦**

**પશ્ચિમ રેલ્વે**

**વિવિધ NFR મીડિયા કાર્યો**

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલ્વે. ડિવિઝનલ રેલ્વે મેનેજર, કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ, NFR સેક્શન, મુંબઈ સેન્ટ્રલ મુંબઈ ૪૦૦ ૦૦૮. કામ: મુંબઈ ડિવિઝન પર વિવિધ NFR મીડિયા દ્વારા જાહેરાતનું પ્રદર્શન. હરાજી કેટલોગ નં.: MMCT-PnU-25-15. હરાજી શરૂ (બધા લોટ): ૦૨-૦૨-૨૬, ૧૩:૦૦:૦૦. લોટ નં.: PnU-BCT-ST-WRL-44-26-1 (પે એન્ડ યુઝ લાઉન્જ / વેઈટિંગ / રિટાયરિંગ / ક્લોક રૂમ). સ્થાન / ક્ષેત્ર: મુંબઈ ડિવિઝનના સુરત (ST) સ્ટેશન પર ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે ક્લોક રૂમ સેવાઓનું નવીનીકરણ, સંચાલન, જાળવણી, સંચાલન અને સંચાલન. દિવસો: ૧૮૨૬. ઈ-ઓક્શનની બંધ તારીખ અને સમય: ૦૨-૦૨-૨૬, ૧૩:૩૦:૦૦. સંપર્ક વિગતો: લેન્ડલાઈન નંબર: ૦૨૨૬૭૬૪૪૨૧૨, ઈમેઈલ આઈડી: acmadvtgbct@gmail.com નોંધ: સંભવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. લોટ વાઈઝ વિગતો ઉલ્લેખિત કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે.

1004

અમને લાઈક કરો facebook.com/WesternRly